વર્ષ : ૬૬ ■ અંક : ૧૨ ■ તા.૧૬-૦૬-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




# પ્રકૃતિ સાથે પ્રગતિના પથ પર

દક્ષિણ ગુજરાતમાં
રૂ.૧૮,૭૭૮ કરોડનાં વિવિધ
વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ









सत्यमेव जयते
ગુજરાત સરકાર



**જેમના જીવનની દરેક ક્ષણ સેવા અને રાષ્ટ્રહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જેમના માટે જનકલ્યાણ જ જીવનસાધના છે, એવા સેવાભાવી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતની અવિરત પ્રગતિ થઇ રહી છે એવું સમગ્ર દેશ કહી રહ્યો છે...**

# 12 વર્ષ વિશ્વાસનાં, વિકાસનાં, જનકલ્યાણનાં

## ગરીબ કલ્યાણ

- **81 કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિઃશુલ્ક અનાજ**
- **4 કરોડથી વધુ પીએમ આવાસ, 10.5 કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન** અને **12 કરોડથી વધુ શૌચાલયો**થી જીવન બન્યું સરળ

## નારીશક્તિ

- **32 કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા** ખુલ્યા
- સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન**
- **3 કરોડથી વધુ 'લખપતિ દીદી'**
- **10 કરોડ** ગ્રામીણ મહિલાઓ **91 લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## રાષ્ટ્ર નિર્માણ

- **26** શહેરોમાં વિસ્તર્યું **1,100 કિ.મી.** થી વધુનું **મેટ્રો નેટવર્ક**
- દેશભરમાં દોડી રહી છે **164 વંદે ભારત ટ્રેનો**
- અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબિલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ**
- **એરપોર્ટ્સ**ની સંખ્યા 74થી વધીને **164** થઇ

## યુવાશક્તિ

- અંદાજે **2 કરોડ** યુવાનોને **કૌશલ્ય તાલીમ**
- **₹40 લાખ કરોડથી વધુ**ની **મુદ્રા લોન**
- દેશભરમાં **2.2 લાખ સ્ટાર્ટઅપ્સ**
- **10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## આરોગ્ય

- **70 વર્ષથી વધુ** વયના વરિષ્ઠ નાગરિકોને પણ **₹5 લાખ** સુધી **મફત સારવાર**
- **60 કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારત**નું સુરક્ષા કવચ
- દેશભરમાં **19,000થી વધુ જનઔષધિ કેન્દ્રો**માં **90%** સુધી સસ્તી દવાઓ

## રાષ્ટ્ર પ્રથમ

- આશરે **₹38,400 કરોડ**નું રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ**
- **નક્સલવાદમુક્ત ભારત**નું સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ'** નીતિ
- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ – રાજપથ બન્યો **કર્તવ્ય પથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની **મુદ્રા**થી પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## ખેડૂત કલ્યાણ

- **₹4.3 લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માન નિધિ
- **4 કરોડથી વધુ** ખેડૂતોને **₹2 લાખ કરોડ**નું **પાક વીમા કવચ**
- **₹26 લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર
- **8 કરોડ** ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## મધ્યમવર્ગીય પરિવાર

- **₹12.75 લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત**
- **ઉડાન યોજના** હેઠળ **1.6 કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા
- **એમબીબીએસ** બેઠકોની સંખ્યા 151% વધીને અંદાજે **1.3 લાખ** થઈ

## વારસો અને વિકાસ

- અયોધ્યામાં **ભવ્ય રામ મંદિર**નું નિર્માણ
- કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**

ગરીબ કલ્યાણ, યુવાશક્તિ અને નારીશક્તિના સશક્તિકરણ થકી દેશને અગ્રેસર કરતા આ **'૧૨ વર્ષ વિશ્વાસનાં, વિકાસનાં, જનકલ્યાણનાં'** એ **આદરણીય વડાપ્રધાનશ્રીની રાષ્ટ્રહિત** પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



**Gujarat**

The Reliable fortnightly of Gujaratis

**Year : 66 • Issue : 12 • Date : 16 - 6 - 2026**

**તંત્રી** : કે. એલ. બચાણી
**સહતંત્રી** : અમિત ગઢવી
**કાર્યવાહક તંત્રી** : જયેશ દવે
**સંપાદક** : મનીષા વાઘેલા
**સહસંપાદક** : બેલા મહેતા, નીરવ શવલ
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**લેઆઉટ ડિઝાઇન** : મૌલિક એમ. રાજપૂત
**વિતરણ વિભાગ** : મિલન બેશ, દિવ્યરાજસિંહ ઝાલા

**'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી**

**વિતરણ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ફરિયાદ એડ્રેસ** : gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52**



**રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.**



**'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.**

**આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે**
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**


# શબ્દશઃ




- રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાણી, ૨૪ કલાક વીજળી અને રોડ નેટવર્ક જેવા પ્રત્યેક ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર બનવા સાથે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.
- વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદ 'સ્પોર્ટ્સ કેપિટલ' બનવા તરફ આગળ વધી રહ્યું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમય કરતાં આગળનું વિચારીને પ્રાકૃતિક ખેતીને માનવજીવનના સ્વાસ્થ્ય માટે મોટા પાયે અપનાવવાનું આહ્વાન કર્યું છે.
- પર્યાવરણ દિવસ માત્ર ઉજવણી નહિ, પરંતુ લોકોની રોજિંદી જીવનશૈલી બને તે જરૂરી છે.
- યોગ અને પ્રાણાયામ દ્વારા નિર્મિત રોગમુક્ત, તંદુરસ્ત અને સ્વસ્થ સમાજથી જ 'વિકસિત ભારત@૨૦૪૭'નો સંકલ્પ સાકાર થશે.
- ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ભેટ 'યોગ' આજે સમગ્ર વિશ્વમાં એક સબળ સ્વાસ્થ્ય માધ્યમ તરીકે સ્થાપિત થયો છે.
- દેશ, ભાષા, ધર્મ અને સંસ્કૃતિની સીમાઓને પાર કરીને આજે યોગે સમગ્ર વિશ્વના લોકોના જીવનમાં સ્વસ્થતા, માનસિક શાંતિ અને સકારાત્મક જીવનશૈલીનું મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવ્યું છે.
- વિકસિત ભારતના નિર્માણના પાયાના સ્તંભ એવા ખેડૂતને યોગ્ય માર્ગદર્શન, મદદ અને સહાય પહોંચાડીને 'વિકસિત ભારત માટે વિકસિત અને આત્મનિર્ભર ગુજરાત'નો સંકલ્પ છે.
- જ્યારે કોઈ વ્યક્તિ મનમાં કંઈક કરી છૂટવાનો દૃઢ સંકલ્પ કરી લે છે ત્યારે તે સમાજમાં અદ્ભુત બદલાવ લાવી શકે છે.
- બદલાવ અને સત્કાર્યની શરૂઆત કરવા માટે ક્યારેય કોઈની રાહ જોવી પડતી નથી.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

**આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઈમેલ આઈડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.**

## આકર્ષણ






૬ પ્રતિભાવ

૭ શુભેચ્છા

૮ અભિનંદન






૧૪ કવર સ્ટોરી





૨૨ પર્યાવરણ






૧૦ ઉજવણી

૩૧ વિકાસયાત્રા

૩૬ ચિત્રવીથિકા

૩૮ વિકાસદર્પણ

૩૯ સમાચાર વિશેષ

૪૦ સંક્ષિપ્ત સમાચાર

૪૨ નિર્ણય

૪૪ સ્વદેશી

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દયાત્રા

# પ્રધાનસેવકની પ્રેરણાદાયી સફર
# સેવા સાથે સુશાસનનાં ૧૨ વર્ષ



ભારતીય ગણતંત્રના લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે ૧૨ વર્ષ સુધી, એટલે કે સૌથી વધુ સમય માટે સેવારત રહેવાનો વિક્રમ સર્જ્યો. એક વ્યક્તિ જ્યારે લોકસેવામાં લીન બને ત્યારે પોતાની શક્તિ અને સામર્થ્ય થકી શું કરી શકે, તેની ઝલક આ ઐતિહાસિક ઘટનાથી દેશવાસીઓને મળી છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિની પૂજાનું અનન્ય મહત્ત્વ છે. પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે સમગ્ર વિશ્વની સાથે ગુજરાતે પણ 'પર્યાવરણ દિવસ'ની ઉજવણી અનેકવિધ રીતે કરી. રાજ્યમાં 'સાતત્યપૂર્ણ વિકાસ', 'ઇકો-ફ્રેન્ડલી' અને 'ગ્રીન ઇકૉનૉમી' જેવા વિચારોને અમલી બનાવાયા છે. સુરતમાં પર્યાવરણ દિવસની ઉજવણીની સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૮ હજાર કરોડનાં વિકાસકાર્યો જનસમર્પિત કર્યાં. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, તે સંપૂર્ણપણે સસ્ટેનેબલ અને ઇકો-ફ્રેન્ડલી વિચાર પર આધારિત હતો. કાર્યક્રમસ્થળ પર આદિવાસી કારીગરો દ્વારા વાંસમાંથી બનાવેલાં આકર્ષક ઇન્સ્ટોલેશન, વેસ્ટમાંથી બનાવેલાં શિલ્પો અને ઇકો-ફ્રેન્ડલી રંગોળીની શોભા અપરંપાર હતી. ગુજરાતે શરૂ કરેલી 'Zero Waste' અને 'Green Events' કાર્યક્રમોની નવી પરંપરા દ્વારા ગુજરાત ભારતના હરિયાળા ભવિષ્યનું એક જીવંત મૉડલ બની રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં અને અમદાવાદમાં વૃક્ષારોપણ કર્યું. સાથે જ અમદાવાદ શહેરમાં હવા-પ્રદૂષણના મુખ્ય સ્રોતોની વૈજ્ઞાનિક અને રિયલ-ટાઇમ ઓળખ કરીને વધુ અસરકારક અને ડેટા-આધારિત પ્રદૂષણ નિયંત્રણની વ્યવસ્થાના ભાગરૂપે 'મોબાઇલ રિયલ-ટાઇમ સોર્સ એપોર્શનમેન્ટ લૅબોરેટરી'ને ફ્લૅગ-ઑફ કરીને પ્રસ્થાન કરાવ્યું. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી જ સમગ્ર વિશ્વમાં યોગદિવસ ઊજવવાની શરૂઆત થઈ. સનાતન સંસ્કૃતિના અવિભાજ્ય અંગ એવા યોગને તેમણે વિશ્વફલક પર લાવીને મૂક્યો. વિશ્વ યોગદિવસની પૂર્વતૈયારીના ભાગરૂપે પહેલી વાર 'વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ-૨૦૨૬'નું આયોજન થયું, જેમાં ૭૦થી વધુ દેશના સ્પર્ધકોએ ભાગ લીધો.


'ગુજરાત' પાક્ષિકના આ અંકથી આપણે 'ગુજરાતી શીખીએ' નામની માતૃભાષાલક્ષી એક નવી જ કૉલમનું ઉમેરણ કર્યું છે. મા-માતૃભૂમિ અને માતૃભાષાનું ઋણ અમૂલ્ય છે, તેના પ્રત્યેની ગફલત આપણને ખૂબ નડી શકે. આથી જ માતૃભાષાને વધુ નજીકથી સમજવાનો આ પ્રયાસ વાચકોમાં લોકપ્રિય થશે તેવી આશા વ્યક્ત કરું છું. સાથે જ નિયમિત આવતી પુસ્તકોથી પરિચય કેળવતી 'શબ્દયાત્રા', વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જિજ્ઞાસાને સંતોષતી 'ઝૂમ-ઇન' તેમજ સરકારમાં સેવારત વ્યક્તિની સમાજસેવાની ઓળખ કરાવતી 'પ્રેરણા' કૉલમ તમામ વર્ગના વાચકોના મનને ગમે તેવી વાચનસામગ્રી પીરસવામાં સફળ રહેશે જ તેવી શુભેચ્છા પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત





'ગુજરાત' પાક્ષિકના આગામી અંક માટે વાચકોએ 'ગુજરાત' અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં મોકલવા વિનંતી.

gujaratmagazine@gmail.com

બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર



'ગુજરાત' પાક્ષિક એટલે સરકાર દ્વારા રજૂ થયેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને નારીશક્તિ માટે શરૂ કરેલા વિવિધ કાર્યક્રમોને છેવાડાના માનવી સુધી પહોંચાડતી એક કડી, કે જેના થકી આજે ગુજરાતનો માનવી વિવિધ ટેક્નોલૉજીથી માહિતગાર બન્યો છે. પાક્ષિકની લેખનશૈલી, વાક્યરચના, ભાષાશુદ્ધિ અને ચિત્રશૈલી વાચકને આ પાક્ષિક વાંચવા પ્રેરે છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને મહત્ત્વની અને સચોટ માહિતી આ મૅગેઝિન દ્વારા મળી રહે છે. તે બદલ હું કે. એલ. બચાણી સાહેબ અને પાક્ષિકની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરું છું.

– **એભલ હેરમા** (રાજકોટ)

આધુનિક લોકતંત્રમાં માહિતીનો સંચાર માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ સુશાસનનો આધારસ્તંભ છે. આ પરિપ્રેક્ષ્યમાં 'ગુજરાત' પાક્ષિક રાજ્ય સરકારની નીતિઓ, કાર્યક્રમો અને વિકાસલક્ષી પહેલોને જન-સમુદાય સુધી પહોંચાડતું એક સશક્ત માધ્યમ છે.

આ સામયિકની વિશિષ્ટતા એ છે કે, તેમાં નીતિગત નિર્ણયોનું તથ્ય-આધારિત વિશ્લેષણ, યોજનાઓના અમલીકરણની સ્થિતિ અને તેના પ્રભાવનું સંકલિત પ્રતિબિંબ જોવા મળે છે. કૃષિથી લઈને ઉદ્યોગ, આરોગ્યથી લઈને શિક્ષણ અને ગવર્નન્સથી લઈને ટૅક્નોલૉજી – એમ દરેક ક્ષેત્રમાં રાજ્યની પ્રગતિને આ સામયિક સુવ્યવસ્થિત રીતે રજૂ કરે છે. ખાસ કરીને સાફલ્ય-ગાથાઓ (success stories) દ્વારા સામાન્ય નાગરિકને પ્રેરણા આપવામાં આવે છે, જે વિકાસને લોકઆંદોલન બનાવે છે. 'ગુજરાત' પાક્ષિક રાજ્યની વિકાસયાત્રાનું દસ્તાવેજીકરણ કરીને જનસામાન્ય વાચકો અને સ્પર્ધાત્મક ઉમેદવારો બંને માટે દિશાદર્શક બની રહે છે.

– **જયવીરસિંહ રાઠવી** (પાટણ)

### એક નાનકડા મૅગેઝિનમાં જાણે સમાય આખું ગુજરાત!

વિકાસની વાતો લઈને એ ઘેર-ઘેર આવે,
રાજ્યના વિકાસની રૂડી ગાથાઓ સંભળાવે.

દર પંદર દિવસે જે નવો જ્ઞાનનો ભંડાર લાવે,
નવી નીતિઓ, યોજનાથી સૌને માહિતગાર કરે.

સ્પર્ધાત્મક રણસંગ્રામમાં જે છે યુવાનોનો સાથી,
કરંટ અફેર્સની મળે જ્યાં સૌથી સચોટ માહિતી.

ખાખીની ખુમારી હોય કે કલમની કારકિર્દી ભારી,
પરીક્ષાના મેદાનમાં આ જ છે સફળતાની સવારી.

પ્રગતિના પંથે ચાલતા રાજ્યનો આ છે અવાજ,
નવા પ્રોજેક્ટ અને નિર્ણયોનો જ્યાં સચવાય છે અંદાજ.

આંકડા અને તથ્યોની જ્યાં છે મજબૂત પાયાની વાત,
એક નાનકડા મૅગેઝિનમાં જાણે સમાય આખું ગુજરાત!

લોકકલ્યાણનાં કાર્યોનો જે છે જ્વલંત અરીસો,
વાચકો માટે છે આ માહિતીનો અખૂટ ખજાનો.

જ્ઞાનના આ દીવડા થકી સૌનું થાય ભાવિ રોશન,
'ગુજરાત' પાક્ષિક એટલે સત્ય અને પ્રગતિનું દર્શન.

– **નિસર્ગ ભૂરિયા** (દાહોદ)

# જનનાયકને કોટિ કોટિ શુભેચ્છાઓ

**ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ વર્ષનો સતત અને સફળ કાર્યકાળ પૂર્ણ કરવા બદલ ગુજરાતના સૌ નાગરિકો વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાઠવેલો શુભેચ્છા સંદેશ.**

વડાપ્રધાનપદનાં ૧૨ વર્ષનો સતત અને સફળ કાર્યકાળ પૂર્ણ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપશ્રીનો આ કાર્યકાળ દુનિયામાં ભારત અને ભારતીયોનું ગૌરવ વધારનારો રહ્યો છે. દુનિયાના દેશોમાં આપને મળેલાં સન્માન-પુરસ્કારોથી દરેક ગુજરાતીની છાતી ગજગજ ફૂલી છે.

આ બાર વર્ષમાં ગરીબ, ખેડૂત, મહિલા, યુવા અને મધ્યમ વર્ગના જીવનને વધુ સુખાકારીભર્યું અને સશક્ત બનાવવા માટે અનેક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. યુવાનોને જૉબ ગીવર બનાવવાના મંત્ર સાથે શરૂ થયેલી સ્ટાર્ટ-અપ યાત્રાના કારણે બાર વર્ષમાં ભારત વિશ્વની ત્રીજી મોટી સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટિમ બની છે. મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવા કાર્યક્રમોથી આપણે આજે વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યા છીએ.

એક સમયે ભૂકંપના મારથી તહસ-નહસ થઈ ગયેલા ગુજરાતે આપના દૃષ્ટિવંત અને અસરકારક નેતૃત્વથી આજે આધુનિક વિકાસની હરણફાળ ભરી છે. આપે શરૂ કરાવેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટથી ગુજરાત ગેટ વે ટુ ધ ફ્યુચર બન્યું છે.

વિશ્વનું સૌથી ઊંચું સ્મારક સ્ટૅચ્યૂ ઑફ યુનિટી આપની પ્રેરણાથી એકતાનગરમાં નિર્માણ પામ્યું છે તથા એકતા અને અખંડિતતાના શિલ્પી સરદારસાહેબના સંદેશને વિશ્વભરના લોકો સુધી પહોંચાડી રહ્યું છે. આપે અમદાવાદને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની ભેટ આપી અને પૂજ્ય બાપુના સાબરમતી આશ્રમનું પણ આપના જ માર્ગદર્શનમાં રિડેવલપમેન્ટ હાથ ધરવામાં આવી રહ્યું છે.

'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર આપના માર્ગદર્શનમાં ગુજરાતમાં લોથલ મેરિટાઈમ હેરિટેજ મ્યૂઝિયમ, સોમનાથ સ્વાભિમાન પર્વ, દ્વારકા, સોમનાથ, અંબાજી કૉરિડોર, પાવાગઢના મહાકાળીધામનો પુનઃ વિકાસ તથા પ્રાચીનતમ શહેર વડનગરમાં દેશના પ્રથમ આર્કિયોલોજિકલ એક્સ્પિરિયન્સલ મ્યૂઝિયમથી પાર પડ્યો છે.




જલજીવન મિશન, આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, સ્વચ્છ ભારત મિશન, પીએમ કિસાન સમ્માન નિધિ, ગરીબ કલ્યાણ મેળાઓ અને પીએમ સ્વનિધિથી ગરીબોને આત્મનિર્ભર બનાવ્યા છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીના અવસરે આપે આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસ માટે રૂ.૨ લાખ કરોડની જનજાતીય કલ્યાણ યોજનાની ભેટ આપી છે. સાથોસાથ ડિજિટલ ઇન્ડિયા જેવા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોથી આપે ગુજરાતના લાખો પરિવારોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવી દીધું છે. વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે વિકસિત ગુજરાત@૭૫ને સાકાર કરવા આપશ્રીના માર્ગદર્શનમાં 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ના મંત્ર સાથે રોડમૅપ પણ તૈયાર થયો છે. આજે દેશ 'વિકસિત ભારત ૨૦૪૭'ના મહાસંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે ત્યારે આપના દિશાદર્શનમાં ગુજરાત પણ 'વિકસિત ગુજરાત'ના લક્ષ્યને સાકાર કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

પ્રત્યેક ભારતવાસીને અતૂટ વિશ્વાસ અને ભરોસો છે કે, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં આપની પ્રેરણા સદાસર્વદા માર્ગદર્શક બનશે. આપનું દૃષ્ટિવંત નેતૃત્વ દેશને નવી સિદ્ધિઓનાં શિખરો સર કરાવતું રહે અને ભારત વિશ્વગુરુ બનવાનો સંકલ્પ સિદ્ધ કરે તેવી શુભકામનાઓ સાથે ફરી એક વાર, આપને સૌ ગુજરાતીઓ વતી ૧૨ વર્ષના સફળ અને સતત સુશાસન માટે હાર્દિક અભિનંદન પાઠવું છું.



# વિકાસ, વિરાસત અને વિશ્વાસની ગાથા
# ગુજરાતે લખ્યો પ્રગતિનો નવો ઇતિહાસ

છેલ્લાં બાર વર્ષોમાં ભારતે વિકાસ, સુશાસન અને વૈશ્વિક પ્રતિષ્ઠાની જે નવી ઊંચાઈઓ સર કરી છે, તેના કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દૃઢ નેતૃત્વ અને દૂરંદેશી વિઝન છે. 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ, સબ કા પ્રયાસ'ના મંત્રને આત્મસાત્ કરીને તેમણે દેશને આત્મનિર્ભરતા, આધુનિકતા અને સર્વાંગી વિકાસના માર્ગે આગળ ધપાવ્યો છે. ૨૬ મે, ૨૦૨૬ના રોજ વડાપ્રધાનશ્રી તરીકેના તેમના કાર્યકાળનાં ૧૨ વર્ષ અને ૧૦મી જૂને સૌથી વધુ સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે રહેવાનો વિક્રમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સર્જ્યો છે. તેમના કાર્યકાળમાં ભારત વિકાસના નવા યુગમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં વડાપ્રધાનશ્રીએ પોતાને પ્રધાન સેવક ગણાવીને દેશને નવું લક્ષ્ય આપી ચેતનવંતો કર્યો છે. આજે 'વિકસિત ભારત @૨૦૪૭'નો સંકલ્પ રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકનું સ્વપ્ન બની રહ્યો છે.

સેવા અને સુશાસનના મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રીય નેતૃત્વ હેઠળ ગુજરાતે પણ વિકાસની આ યાત્રામાં અગ્રેસર ભૂમિકા ભજવી છે. સરદાર સરોવર ડેમથી લઈને બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટીથી સેમિકન્ડક્ટર ઉત્પાદન, વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કથી લઈને આધુનિક મેટ્રો અને ઍરપૉર્ટ સુધી : ગુજરાત આજે દેશના વિકાસનું જીવંત મૉડલ બનીને ઊભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે મજબૂત પગલાં ભરી રહ્યું છે. વિકાસ અને વારસાના સમન્વય સાથે ગુજરાત મૉડલ આજે પ્રગતિ, નવીનતા અને સાંસ્કૃતિક ગૌરવનું અનોખું પ્રતીક બની સમગ્ર દેશને નવી દિશા આપી રહ્યું છે.

વડાપ્રધાનશ્રી તરીકે કાર્યભાર સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતના કરોડો લોકોનું વર્ષો-જૂનું સ્વપ્ન સાકાર કર્યું છે. આજે સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ જળસપાટીએ પહોંચીને છલકાય છે. ભારત સરકારના સ્માર્ટ સિટી મિશન હેઠળ ગુજરાતનાં ૬ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદનો અભૂતપૂર્વ વિકાસ થયો છે.

ગુજરાતના અમદાવાદ શહેર અને મહારાષ્ટ્રના મુંબઈ શહેરને ઝડપી ગતિથી કનેક્ટ કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જનતાને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભેટ આપી છે. આ ઉપરાંત, જામનગર ખાતે ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, રાજકોટમાં હીરાસર ખાતે પ્રથમ ગ્રીનફિલ્ડ ઍરપૉર્ટ, અદ્યતન સુવિધાઓ ધરાવતી રાજકોટ AIIMS હૉસ્પિટલ, નવસારી ખાતે પીએમ મિત્ર પાર્ક, ભરૂચ ખાતે બલ્ક ડ્રગ પાર્ક, કચ્છના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ






રિન્યૂએબલ એનર્જી પાર્ક, દાહોદ ખાતે ઈલેક્ટ્રિક લૉકોમોટિવ એન્જિન ઉત્પાદન એકમ, વડોદરા ખાતે ટાટા ફૅસિલિટી સી-૨૯૫ ઍરક્રાફ્ટનું ઉત્પાદન કરવા માટે ટાટા ઍરક્રાફ્ટ કૉમ્પ્લેક્સ, ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટ, દ્વારકા અને બેટ દ્વારકાને જોડતો અત્યાધુનિક સિગ્નેચર બ્રિજ સુદર્શન સેતુ, સાણંદ ખાતે માઇક્રોન સેમિકન્ડક્ટર ફૅસિલિટી તેમજ 'કેઈન્સ સેમિકોન' OSAT પ્લાન્ટનો શુભારંભ વગેરે જેવા પ્રોજેક્ટ્સની ગુજરાતને ભેટ મળી છે. ગુજરાત આજે ભારતના સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે.

ગુજરાત માત્ર દેશના ઔદ્યોગિક રાજ્ય તરીકે જ નહીં, પરંતુ નવીનતા, હરિત ઊર્જા, સેમિકન્ડક્ટર ઉત્પાદન, વૈશ્વિક રોકાણો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કેન્દ્ર બની ગયું છે. ગુજરાત ગ્રીન એનર્જી, મેન્યુફેક્ચરિંગ, લૉજિસ્ટિક્સ, ફાઈનાન્સ અને ટેક્નોલૉજી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે.

સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાનાં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાન્યુઆરી-૨૦૨૬માં સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વ દ્વારા માત્ર મંદિરના ઈતિહાસનું સ્મરણ જ કરવામાં આવ્યું નથી, પરંતુ રાષ્ટ્રના સ્વાભિમાન, સંઘર્ષ અને પુનરુત્થાનની ભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો છે.

વડનગરમાં નિર્મિત ભારતનું પ્રથમ આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્શિયલ મ્યૂઝિયમ ભારતની પ્રાચીન નગર-સંસ્કૃતિ, જ્ઞાન-પરંપરા અને ઐતિહાસિક વૈભવને આધુનિક ટેક્નોલૉજીના માધ્યમથી વિશ્વ સમક્ષ રજૂ કરી રહ્યું છે. જ્યારે, લોથલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ સામુદ્રિક વારસાને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરનારો એક ઐતિહાસિક પ્રોજેક્ટ છે.

વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળનાં આ ૧૨ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ-કલ્યાણનાં રહ્યાં છે. તાજેતરમાં જ ધરતીપુત્રોને કિસાન સમ્માન નિધિ અંતર્ગત ૨૨મો હપતો સીધો તેમના ખાતામાં જમા કરાવવામાં આવ્યો છે. આ સમયગાળો માત્ર તેઓના કાર્યકાળ તરીકે જ નહીં, પરંતુ ભારતના આત્મવિશ્વાસ, સુશાસન, વિકાસ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના નવા અધ્યાય તરીકે ઓળખાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતને પુનઃ 'વિશ્વગુરુ' બનાવવાના લક્ષ્ય સાથે અવિરત પ્રયાસો કરી રહ્યા છે. તેમના નેતૃત્વમાં 'વિકસિત ભારત@૨૦૪૭'ના રોડમૅપ સાથે ૨૦૪૭માં સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ ભારત જરૂર પૂર્ણ કરશે.

## વડાપ્રધાનશ્રીની X પરની પોસ્ટ

"જાહેર સેવા એ સુશાસનની સૌથી મોટી કસોટી છે. જે વ્યક્તિ નમ્રતા, સમર્પણ અને નિષ્ઠા સાથે સતત કામ કરે છે તે જ જાહેર વિશ્વાસ મેળવે છે.

सदानुरक्तप्रकृतिः प्रजापालनतत्परः।
विनीतात्मा हि नृपतिर्भूयसीं श्रियमश्नुते॥"

એક જનપ્રતિનિધિ જે સેવાને પવિત્ર ફરજ માને છે, લોકોના કલ્યાણ માટે અથાક મહેનત કરે છે, સુશાસન દ્વારા તેમની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરે છે અને નમ્રતા, સ્વ-શિસ્ત અને વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે સમાજની પ્રગતિ માટે સમર્પિત રહે છે, તે ખરેખર લોકોનો વિશ્વાસ, સન્માન, માન્યતા અને સમૃદ્ધિ મેળવે છે.

# દેશના લોકપ્રિય વડાપ્રધાનના પ્રધાનસેવક તરીકેના સેવાકાર્યની રાજ્યવ્યાપી ઉજવણી

*વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૧૨ વર્ષના સુશાસનની સફળ યાત્રાના કારણે સમગ્ર દેશમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. આ ઐતિહાસિક પળની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશ અને ગુજરાતનાં અનેકવિધ સ્થળોએ વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, મંત્રીમંડળના મંત્રીશ્રીઓથી શરૂ કરીને અન્ય નાગરિકો તેમજ સામૂહિક સ્તરે શાળાઓ, બોર્ડ, પાલિકાઓ, અન્ય સરકારી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થા પણ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયાં હતાં.*

*આ અવસરે મહાનુભાવો સ્વચ્છતા, શ્રમદાન અને વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓમાં જોડાયા હતા તેમજ 'પ્રગતિપથ યાત્રા'માં ભાગીદાર બન્યા હતા. 'એક પેડ માં કે નામ 3.0' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આબાલવૃદ્ધ સૌ કોઈ આ ભગીરથ કાર્યમાં ઉમંગભેર જોડાયાં. આમ, વડાપ્રધાનશ્રી પ્રત્યેનો આદર સૌ કોઈએ વિકાસમાં સહભાગી થઈને વ્યક્ત કર્યો. વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્ય, નીરોગી સ્વાસ્થ્ય અને સતત રાષ્ટ્રસેવામાં કાર્યરત રહેવા માટે ઠેર-ઠેર મહાઆરતીનું આયોજન કરીને સામૂહિક રીતે પ્રાર્થના કરવામાં આવી હતી. ઠેર ઠેર થયેલી ઉજવણીની આછેરી ઝલક અહીં રજૂ કરવામાં આવી છે.*

## વલસાડ



'૧૨ વર્ષ વિશ્વાસનાં, વિકાસનાં અને જનકલ્યાણનાં' અંતર્ગત પારડી તાલુકાના પલસાણા ગામે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આ અભિયાન દરમિયાન ગામના ખુલ્લા પ્લોટો, નદી, તળાવ, નાળાં, દરિયાકિનારા (બીચ) તેમજ મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે મોસ્કિટો બ્રીડિંગ-સ્થળો, હૅન્ડપંપ સહિત વિવિધ જાહેર સ્થળોની સાફ-સફાઈ કરવામાં આવી હતી. પલસાણા ગ્રામ પંચાયત ખાતે આવેલા મહાદેવજી મંદિરના પટાંગણ તેમજ આસપાસના વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

## રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ખાતે આવેલા પવિત્ર આઈશ્રી જાનબાઈ ખોડલના મંદિર પાસે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સહભાગી બનીને મંદિરના પટાંગણ, પરિસર તેમજ આસપાસના વિસ્તારોમાં સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશ જનજન સુધી પહોંચાડ્યો હતો.

રાજકોટ જિલ્લાની વિંછીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. શ્રમ, કૌશલ્ય-વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ આ અભિયાનમાં ભાગ લઈ સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. મંત્રીશ્રીએ વિંછીયા ગ્રામ પંચાયત કચેરી અને આસપાસના





વિસ્તારમાં સફાઈ કરીને ઉપસ્થિત લોકોને સ્વચ્છતા જાળવવા અને પોતાના રોજિંદા જીવનમાં આ ટેવને વણી લેવા અનુરોધ કર્યો હતો.

## મહેસાણા

ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષના સુશાસન અને વડાપ્રધાન તરીકેના ૪,૩૯૯ દિવસના સૌથી લાંબા અને અભૂતપૂર્વ સેવાકાળની ઉજવણીના ભાગરૂપે મહેસાણા જિલ્લાના તરભ ખાતે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન' અંતર્ગત શ્રમદાન કર્યું હતું. મંત્રીશ્રીએ સ્વચ્છતા



અભિયાનમાં જોડાઈ નાગરિકોને સ્વચ્છતાનો કર્મયોગ અપનાવવા આહ્વાન કર્યું હતું. તેની સાથે જ સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે અને યુવા પેઢી સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બને તે હેતુથી યોજાયેલી સાઇકલ રેલીનું ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું.

આ ઉપરાંત વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ એવા વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે આ ગૌરવપૂર્ણ અવસર નિમિત્તે ૧૦ હજાર દીવડાઓના પ્રાગટ્ય અને ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ ભવ્ય કાર્યક્રમમાં શર્મિષ્ઠા તળાવનો કાંઠો હજારો દીવડાઓના પ્રકાશથી ઝળહળી ઊઠ્યો હતો. દીપપ્રાગટ્ય અને મહાઆરતી બાદ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ તરીકે ભવ્ય વૉટર લેસર ઍન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આધુનિક ટૅક્નૉલૉજીના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવેલા આ શોએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.





સુપ્રસિદ્ધ પ્રાચીન શક્તિપીઠ બહુચરાજી મંદિરના પરિસર અને મંદિરના મુખ્ય માર્ગ પર વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલે સહભાગી થઈને શ્રમદાન કર્યું હતું અને સેવાકાર્ય દ્વારા વડાપ્રધાનશ્રીના સફળ કાર્યકાળને બિરદાવ્યો હતો.

નાણા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં દેશે છેલ્લાં ૧૨ વર્ષમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. આ ૧૨ વર્ષોમાં કેન્દ્ર સરકારે વિશ્વાસ અને વિકાસના મજબૂત પાયા પર જનકલ્યાણની અનેક યોજનાઓ અમલી બનાવી છે. આ ગૌરવપૂર્ણ અવસરની ઉજવણી જ્યારે સેવાકીય કાર્યો દ્વારા કરવામાં આવે છે, ત્યારે તે સાચા અર્થમાં સાર્થક બને છે.

## નવસારી

‘પ્રગતિપથ યાત્રા’ હેઠળ ગણદેવી તાલુકામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિવિધ



વિકાસલક્ષી પ્રોજેક્ટ અને સ્વચ્છતા ઝુંબેશમાં સૌ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. મંત્રીશ્રીએ શ્રમદાન કરીને સફાઈ અભિયાનમાં સક્રિય સહભાગિતા નોંધાવી હતી. ઉપસ્થિત ગ્રામજનોને સ્વચ્છતા, પર્યાવરણનું જતન અને સામૂહિક જવાબદારી અંગે જાગૃત કરી સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કર્યા હતા.

## ગીર સોમનાથ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી અને સશક્ત નેતૃત્વ હેઠળ ભારતે ૧૨ વર્ષોમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે. કેન્દ્ર સરકારના આ સફળ નેતૃત્વનાં ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં યોજાયેલી 'પ્રગતિપથ યાત્રા'માં શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા સહભાગી થયા હતા. કોડીનાર તાલુકાના છાછર ડેમ, રુદ્રેશ્વર ભારતી આશ્રમ ઘાંટવડ, ભેખેશ્વર ડેમ, શાપુરજી પાલનજી સહિતનાં સ્થળો આવરી લઈ યોજાયેલી 'પ્રગતિપથ યાત્રા' દરમિયાન શિક્ષણમંત્રીશ્રીએ પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ સાધ્યો હતો.



## નર્મદા



નર્મદા જિલ્લામાં યોજાયેલી ‘પ્રગતિપથ યાત્રા’નો જળસંપત્તિ રાજયમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે રાજપીપળા સર્કિટ હાઉસ ખાતેથી લીલી ઝંડી આપીને પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. યુનિવર્સિટી કૅમ્પસ ખાતે ‘એક પેડ માં કે નામ’ અભિયાન 3.0 અંતર્ગત પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબહેન દેશમુખ તથા જિલ્લા કલેક્ટરશ્રી ગંગાસિંઘના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીની મુલાકાત પૂર્ણ થયા બાદ પ્રગતિપથ યાત્રા નર્મદા ડેમ સહિત જિલ્લાના વિવિધ વિકાસ-પ્રકલ્પોની મુલાકાત માટે નિર્ધારિત રૂટ પર પ્રસ્થાન પામી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ તથા વિકાસલક્ષી કાર્યો અંગે જનજાગૃતિ વધારવા તેમજ વિકાસના મૉડેલોને પ્રજાજનો સુધી પહોંચાડવાના હેતુથી યોજાયેલી આ યાત્રા મહત્ત્વપૂર્ણ સાબિત થઈ.

## નડિયાદ



અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી અને ખેડા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકીની આગેવાનીમાં નડિયાદ ખાતે પ્રગતિપથ યાત્રા યોજાઈ. મહાનુભાવોએ સૌપ્રથમ દેસાઈ-વગો ખાતે સરદાર સાહેબના જન્મસ્થળની મુલાકાત લઈ ગાંધીજી અને સરદાર સાહેબની પ્રતિમાઓને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ તકે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ 'સરદાર સાહેબ અમર રહો'નો સૂત્રોચાર કરી યાત્રીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## વડોદરા

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલી ‘પ્રગતિપથ યાત્રા’ અંતર્ગત વડોદરા ખાતે આવેલી ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ TASLની મુલાકાત યોજાઈ હતી. મુલાકાત દરમિયાન ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ વડોદરાના એક્ષ્પર્ટ દ્વારા મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ



સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવોને જિલ્લાની સ્થાપત્ય અને ઔદ્યોગિક પ્રગતિના વિશિષ્ટ પ્રતીક તરીકે વડોદરા ખાતે આવેલી આ પ્લાન્ટનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

## મોરબી



મોરબી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉમદા આશય સાથે મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાન અંતર્ગત શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીના નવલખી રોડ પર આવેલા નવલખી ફાટકથી લઈને પરશુરામ બ્રિજ સુધીના વિસ્તારમાં શ્રમદાન કર્યું હતું.

મંત્રીશ્રીએ મોરબીના પ્રત્યેક નાગરિકને ‘સ્વચ્છાગ્રહી’ બનીને પોતાના વિસ્તારને સાફ-સૂથરો રાખવા અને આ મહા-અભિયાનમાં સક્રિયપણે સહભાગી થવા જાહેર અનુરોધ કર્યો હતો. મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીના ગાંધીચોક ખાતે આવેલી શહીદ વીર ભગતસિંહજીની પ્રતિમા તેમજ મોરબી મહાનગરપાલિકા કચેરીના પરિસરમાં આવેલી બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ-સફાઈ કરીને સ્વચ્છતાનો ઉમદા સંદેશ આપ્યો હતો.

## અમદાવાદ

કેન્દ્ર અને રાજ્ય સરકારના 'વિકસિત ભારત@2047-વિકસિત



ગુજરાત@2047'ના લક્ષ્યસિદ્ધિના ધ્યેય સાથે સમગ્ર રાજ્યમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ સ્થાનિક નાગરિકો સાથે જોડાઈને ઉત્સાહભેર શ્રમદાન કર્યું હતું, તથા સ્વયં સફાઈકાર્ય કરીને પર્યાવરણના જતનની પ્રેરણા પણ પૂરી પાડી હતી.

## અમરેલી

કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં સફળ ૧૨ વર્ષની ઉજવણીના ભાગરૂપે અમરેલી નગરપાલિકા દ્વારા 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિકમુક્ત ગુજરાત અભિયાન' અંતર્ગત એક વિશાળ સફાઈ ઝુંબેશ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં



આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના બસસ્ટેશન વિસ્તારમાં કરાવ્યો હતો.

## કચ્છ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં ૧૨ વર્ષનો સફળ, ભવ્ય અને જનકલ્યાણલક્ષી કાર્યકાળ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરે અંજાર ખાતે જનભાગીદારી સાથે સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંજાર શહેરના ગાંધીચોક, બસસ્ટેશન સહિતના જાહેર વિસ્તારમાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ



રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ ઉપસ્થિત રહીને નગરજનો સાથે શ્રમદાન કર્યું હતું અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

## જામનગર

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ૧૨ વર્ષનો સફળ, ભવ્ય અને જનકલ્યાણલક્ષી કાર્યકાળ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરે જામનગર જિલ્લામાં 'વિશેષ સ્વચ્છતા ઝુંબેશ' અંતર્ગત શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગરના ઐતિહાસિક રણમલ તળાવ ખાતે જંગલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં યોજાયેલા આ સ્વચ્છતા અભિયાનમાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા



જાડેજાએ ઉપસ્થિત રહી નગરજનો સાથે શ્રમદાન કર્યું હતું અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

## આણંદ

'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકામાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સર્વાંગી વિકાસ માટેના અનેક પ્રકલ્પોનું નિર્માણ થયું છે.






### દક્ષિણ ગુજરાતમાં રૂ.૧૮,૭૭૮ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ

# પ્રકૃતિ સાથે પ્રગતિના પંથે

પશ્ચિમના જગત માટે પર્યાવરણની કલ્પના કદાચ નવી હશે, પરંતુ હિન્દુસ્તાનની ચિર-પુરાતન સંસ્કૃતિમાં પર્યાવરણનું મહત્ત્વ હજારો વર્ષોથી જીવન-અંગ બનેલું છે. વર્તમાન યુગમાં માનવી ઔદ્યોગિક ક્રાંતિ બાદ પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓની અસરોથી પીડાઈ રહ્યો છે. આજ દિન સુધી માનવીય સંસ્કૃતિ અને પર્યાવરણ એકબીજાનાં પૂરક છે. પર્યાવરણનાં પંચમહાભૂતો જેવાં કે - જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર આપણા સમાજ અને સંસ્કૃતિનું અસ્તિત્વ શક્ય નથી.

પ્રકૃતિ દલીલ નથી કરતી કે વાટાઘાટો નથી કરતી; તે તો ફક્ત સંકેતો મોકલે છે. પ્રકૃતિની ચેતવણીરૂપ ઘટનાઓનો અનુભવ પૃથ્વીવાસીઓને થઈ જ રહ્યો છે. સમુદ્રની વધતી જતી સપાટી, જંગલમાં આગ, હીટવેવ, પીગળતા ગ્લેશિયર્સ - આ ચેતવણી કે સંકેતોનો કેવળ એક જ જવાબ છે: પર્યાવરણનું જતન, સંરક્ષણ.

પૂર્વી યુરોપ અને પશ્ચિમી એશિયાની નજીક આવેલા દેશ અઝરબૈજાનના બાકુ શહેરમાં 'Inspired by Nature. For Climate. For Our Future'ની થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં #NowForClimateના આહ્વાન સાથે પ્રકૃતિના જતનનો સંકલ્પ લેવાયો હતો.

પર્યાવરણનું મહત્ત્વ સમજીને અને પર્યાવરણની માનવીય સંસ્કૃતિ માટેની જરૂરિયાતોને ધ્યાને રાખીને ભારત અને રાજ્ય સરકાર દ્વારા પ્રકૃતિને જાળવવા અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સુરત શહેરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. સભાસ્થળે જ સંપૂર્ણ પર્યાવરણલક્ષી અભિગમ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે સુરતની ધરતી પરથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દક્ષિણ ગુજરાતને રૂ. ૧૮,૭૭૮ કરોડના ૨૪ મહત્ત્વાકાંક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ આપીને 'પ્રકૃતિ સાથે પ્રગતિ'ના મંત્રને વધુ મજબૂત બનાવ્યો. માર્ગ, ઊર્જા, ઔદ્યોગિક વિકાસ, જળસંચય અને આધુનિક






ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવાં વિવિધ ક્ષેત્રોને સ્પર્શતા આ પ્રોજેક્ટ્સ માત્ર આર્થિક વિકાસને વેગ આપનારા નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટનાં નવાં ધોરણો પણ સ્થાપિત કરશે.

સુરતના દીનદયાળ ઉપાધ્યાય ઇન-ડોર સ્ટેડિયમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને મંત્રીગણ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં વડાપ્રધાનશ્રીએ સુરતવાસીઓની સ્વચ્છતાની પહેલ અને પર્યાવરણ સુરક્ષાનાં કાર્યોને પ્રેરણાદાયી ગણાવી જણાવ્યું હતું કે, સુરતની આ જાગૃતિ અને સંસ્કારોને કારણે જ તે આજે દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. દેશમાં સ્વચ્છતાને સંસ્કારમાં પરિવર્તિત કરવી છે; કારણ કે, સ્વચ્છતા અભિયાન દેશના સ્વસ્થ ભવિષ્ય માટેનું સંસ્કારપર્વ છે.

- સ્વચ્છતા અભિયાન દેશના સ્વસ્થ ભવિષ્ય માટેનું સંસ્કાર પર્વ
- સુરતનું હજીરા આજે મેરિટાઈમ હબ અને ડિફેન્સ પ્રોડક્શનના ગ્લોબલ સેન્ટર તરીકે ઊભરી રહ્યું છે.
- ‘ગ્રીનસિટી’ અને ‘ક્લીન સિટી’ સુરતે સ્વચ્છતા અને પર્યાવરણ સુરક્ષાને જનઆંદોલન બનાવ્યું.
- સુરતની ‘સર્ક્યુલર વોટર ઈકોનોમી’ની સમગ્ર દેશમાં નોંધ લેવાઈ રહી છે.
- ભારત ‘ઈકોનોમી’ અને ‘ઈકોલોજી’ના સમન્વય સાથે ‘ગ્રીન ગ્રોથ’ની દિશામાં અગ્રેસર બની રહ્યું છે.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

દક્ષિણ ગુજરાતમાં માર્ગ, ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક ક્ષેત્રે કેન્દ્ર સરકારના રૂ.૧૬,૯૬૮ કરોડના બહુવિધ પ્રોજેક્ટ્સ અને રાજ્ય સરકારનાં રૂ.૧,૮૧૦ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટ્સથી માત્ર ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતામાં જ વધારો નહીં થાય, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટનાં લક્ષ્યોને પણ હાંસલ કરવામાં મદદ મળશે.

આજે વિશ્વના દેશો પર્યાવરણ સુરક્ષા અને ‘ગ્રીન ફ્યુચર’ તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે ભારત પણ ‘ઈકૉનૉમી’ અને ‘ઈકૉલૉજી’ના સમન્વય સાથે ‘ગ્રીન ગ્રોથ’ની દિશામાં અગ્રેસર બની રહ્યું છે. આ દિશામાં ગુજરાતે આ સદીના પ્રારંભે દેશમાં સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી હતી અને પાટણના ચારણકામાં ભારતનો પ્રથમ સોલાર પાર્ક સ્થાપીને દેશને દિશા ચીંધી હતી. આજે ભારત વિશ્વના ટોચના ૫ સોલાર એનર્જી ઉત્પાદક દેશોમાં સામેલ છે, જેમાં ગુજરાતનું યોગદાન અત્યંત મહત્ત્વનું છે. દેશની કુલ રિન્યૂએબલ એનર્જી-કૅપેસિટીમાં ગુજરાતનો

**"સુરત શહેર નહીં, પણ સ્પિરિટ છે: એક સમયે પ્લેગ જેવી મહામારીનો સામનો કરનાર સુરત આજે સમગ્ર દેશમાં સ્વચ્છતા અને ગ્રીન એનર્જીના મૉડલ તરીકે ઊભરી આવ્યું છે"**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**






હિસ્સો ૨૦ ટકા જેટલો છે, એનો તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યું કે, પ્રકૃતિ સાથે પ્રગતિનો મંત્ર અપનાવીને આપણે વિકાસની વાટ પકડી છે. છેલ્લાં ૧૨ વર્ષથી સમગ્ર દેશમાં 'વેસ્ટ ટુ વેલ્થ'ના ધ્યેય સાથે 'કચરામાંથી કંચન' એટલે કે કચરાનું મોટા પાયે સંપત્તિમાં પરિવર્તન કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન આપણા શહેરોને સાફ રાખવા અને તેમને હરિયાળાં તથા સ્વચ્છ બનાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

વર્તમાન વૈશ્વિક સ્થિતિ અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, વર્તમાન દાયકો સમગ્ર વિશ્વ માટે આપત્તિનો દાયકો સાબિત થઈ રહ્યો છે. વિકટ કોરોના સંકટ અને ત્યાર બાદ વિવિધ દેશો વચ્ચે યુદ્ધો ફાટી નીકળ્યાં અને હવે વિશાળ ઊર્જા સંકટે સમગ્ર વિશ્વને અવ્યવસ્થામાં ધકેલી દીધું છે. પરંતુ કેન્દ્ર સરકારે ઊર્જા સપ્લાય ચેઈનને ખોરવાવા દીધી નથી. ૧.૪ અબજ ભારતીયોના સામૂહિક પ્રયાસોથી દેશ આવા દરેક સંકટનો મજબૂતીથી સામનો કરી રહ્યો છે.

સુરતની 'સર્ક્યુલર વૉટર ઈકૉનૉમી'ની પ્રશંસા કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, શહેરના વેસ્ટ વૉટરને પ્રક્રિયા કરીને ઉદ્યોગોને વેચાણ થકી પૂરું પાડવાની આ પદ્ધતિ પર્યાવરણ સુરક્ષાની સાથે આર્થિક ઉપાર્જનનું પણ ઉત્તમ ઉદાહરણ છે. તેમણે આગામી સમયમાં તાપી બૅરેજ પ્રોજેક્ટ દ્વારા સુરતની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે, એમ જણાવી પાંચ દાયકા સુધી શહેરમાં પાણીની તંગી ન પડે તેવા સુરત મનપાના મજબૂત આયોજનને બિરદાવ્યું હતું.

આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સુરતનું હજીરા આજે મેરિટાઈમ હબ અને ડિફેન્સ પ્રોડક્શનના ગ્લોબલ સેન્ટર તરીકે ઊભરી રહ્યું છે. અહીં વૈશ્વિક વ્યાપારની ઈકોસિસ્ટિમ નિર્માણ પામી છે, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, ડેડિકેટેડ ફ્રેટ કૉરિડોર અને આધુનિક રેલવે નેટવર્ક દ્વારા આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોને પણ વિકાસની મુખ્ય ધારામાં જોડવામાં આવ્યા છે.

દેશના નાગરિકો અનિશ્ચિતતા, અરાજકતા અને નિરાશાને ક્યારેય પસંદ કરતા નથી. દેશના કરોડો નાગરિકો





આગવા સંકલ્પોથી સિદ્ધિ મેળવવા પ્રતિબદ્ધ બને, દેશવાસીઓ બે કદમ આગળ વધે તો પોતે ત્રણ કદમ આગળ વધવા અને દેશવાસીઓની વિકાસની ઝંખના અને વિશ્વાસને પરિપૂર્ણ કરવા તત્પર છે, એવી ખાતરી તેમણે આપી હતી.

ગુજરાત અને દેશના ઔદ્યોગિક વિકાસમાં દક્ષિણ ગુજરાતનું યોગદાન અત્યંત મહત્ત્વનું છે, ત્યારે દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી, ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લાઓમાં હાઈવે કનેક્ટિવિટી વધવાથી 'પઢાઈ, દવાઈ અને કમાઈ'- શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારીની તકોમાં વધારો થશે, એમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉપસ્થિત જનમેદનીને 'વિકસિત ભારત' અને 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સિદ્ધ કરવા માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને ગુજરાત સતત પ્રગતિના પંથે આગળ વધી રહ્યાં છે. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે,

## સુરતે સ્થાપ્યો નવો 'પર્યાવરણ -મિત્ર' માપદંડ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસે સુરતમાં યોજાયેલો કાર્યક્રમ ૧૦૦% સસ્ટેનેબલ અને ઈકો-ફ્રેન્ડલી બન્યો હતો. કાર્યક્રમે વડાપ્રધાનશ્રીના 'મિશન લાઈફ' (Mission LiFE)ના વિઝનને સાર્થક કર્યું. 'ભારતના સૌથી સ્વચ્છ શહેર' તરીકેની સુરતની સફરને ઉજાગર કરતા કાર્યક્રમસ્થળ પર આદિવાસી કારીગરો દ્વારા વાંસમાંથી બનાવેલા આકર્ષક ઈન્સ્ટોલેશન, કચરામાંથી બનાવેલાં શિલ્પો અને ઈકો-ફ્રેન્ડલી રંગોળીઓ રજૂ કરવામાં આવી.



ઈન-ડોર સ્ટેડિયમ ખાતે મુખ્ય મંચનું બૅકડ્રોપ સુરતની ફાઈન આર્ટ્સ કૉલેજના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક કલાકારો દ્વારા માત્ર રિસાઈકલ કરેલા કાપડમાંથી તૈયાર કરવામાં આવ્યું. હાથેથી રંગાયેલાં હોર્ડિંગ્સ અને બિનજરૂરી વસ્તુઓમાંથી તૈયાર કરાયેલાં શિલ્પોએ રોજિંદા વેસ્ટને અર્થપૂર્ણ કળામાં પરિવર્તિત કર્યા. લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે, નાગરિકો દ્વારા પર્યાવરણ અને સસ્ટેનેબિલિટી વિષય પર બનાવેલી ૫,૦૦૦થી વધુ કલાકૃતિઓને કાર્યક્રમની સજાવટમાં સામેલ કરવામાં આવી. આ સમગ્ર આયોજન નાગરિકો, શૈક્ષણિક સંસ્થાઓ અને સર્જનાત્મક વ્યાવસાયિકોના સહિયારા પ્રયાસથી સાકાર થયું, જે સાબિત કરે છે કે મોટા પાયે જાહેર કાર્યક્રમો સ્થાનિક કળા અને સંસ્કૃતિની ઉજવણી સાથે શૂન્ય કાર્બન ફૂટપ્રિન્ટ (Zero-carbon footprint) સાથે પણ યોજી શકાય છે. આ કાર્યક્રમની ડિઝાઈન સૌર ઊર્જા, જળ સંરક્ષણ, ગ્રીન મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જેવાં મહત્ત્વપૂર્ણ વૈશ્વિક લક્ષ્યો પર આધારિત હતી. પુનઃપ્રાપ્ય ઊર્જા (Renewable Energy) અને મિશન લાઈફ જેવી થીમને કેન્દ્રમાં રાખીને, સુરતે માત્ર એક કાર્યક્રમનું આયોજન નહીં, પરંતુ ભારતના હરિયાળા ભવિષ્યનાં જીવંત મૉડલ અને માપદંડ રજૂ કર્યાં હતાં.




રાજ્યને ૧૮,૭૦૦ કરોડથી વધુનાં ૨૪ વિકાસ પ્રૉજેક્ટોની ભેટ મળી છે, ત્યારે વિકાસકામો રાજ્યની સુખ-સુવિધા અને સુખાકારીમાં વધારો કરશે. રાજ્યના આદિજાતિ વનવિસ્તારમાં હાઈવે કનેક્ટિવિટી માટે નૅશનલ હાઈવે પ્રોજેક્ટ તથા વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે (પૅકેજ ૬ અને ૭) પ્રોજેક્ટ રાજ્યની પ્રગતિના નવા રાજમાર્ગો સાબિત થશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી રાજ્યની મુલાકાત વેળાએ કરોડોનાં વિકાસકાર્યોની અણમોલ ભેટ આપે છે, એ જ કડીમાં રૂ. ૧૮ હજાર કરોડથી વધુનાં વિવિધ વિકાસલક્ષી કામોની મળેલી ભેટ દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ આપશે.

પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરતની ધરતી પર પધારેલા પર્યાવરણના સાચા રક્ષક એવા વડાપ્રધાનશ્રીના સ્વાગત માટે ૧૫,૫૦૦થી વધુ નાગરિકોએ પ્લાસ્ટિકનો લેશમાત્ર ઉપયોગ કર્યા વિના હૅન્ડમેઇડ પોસ્ટરો પ્રદર્શિત કર્યાં છે. આ કાર્યક્રમમાં ગ્રીન પ્રોટોકોલને ધ્યાને લઈને પીવાના પાણી તરીકે બાટલના સ્થાને માટલાના પાણીનો ઉપયોગ તથા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુનો ઉપયોગ કરીને બૅકડ્રોપ તૈયાર કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે, આજે દેશના ખૂણે-ખૂણે વીજળી પહોંચી છે, જેમાં 'પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના'માં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે અને તેને પાંચ રાષ્ટ્રીય ઍવૉર્ડ મળ્યા છે. સુરત મહાનગરપાલિકા દેશની એકમાત્ર એવી મહાનગરપાલિકા છે, જે ગંદા પાણીને

વડાપ્રધાનશ્રીના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના પથદર્શન હેઠળ વિશ્વભરમાં ભારતનું ગૌરવ વધ્યું છે. વડાપ્રધાનશ્રીએ સમય કરતાં બે ડગલાં આગળ વિચારીને તેમના મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જનો અલાયદો વિભાગ કાર્યરત કર્યો હતો અને ક્લાઈમેટ ચેન્જના પડકારોને તકમાં બદલવા કમર કસી હતી. પાટણના ચારણકામાં એશિયાનો સૌથી મોટો સૌરઊર્જા પ્લાન્ટ સ્થાપીને રાજ્યને ઊર્જાસક્ષમ બનાવવામાં તેમણે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત 'ગ્રીન ગ્રોથ' અને 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'ના મૉડલ સાથે 'વિકસિત ભારત@૨૦૪૭'ના નિર્માણમાં અગ્રેસર બનશે, એવો વિશ્વાસ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનને પરિણામે ગુજરાત સોલાર એનર્જી અને રિન્યૂએબલ એનર્જીક્ષેત્રે અગ્રેસર છે. 'પીએમ સૂર્યઘર નિ:શુલ્ક વીજળી યોજના'માં ગુજરાત ૨૧ ટકા યોગદાન સાથે દેશમાં લીડ લઈ રહ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતને 'નેટ ઝીરો એમિશન' કન્ટ્રી બનાવવાના વડાપ્રધાનશ્રીના લક્ષ્યને સાકાર કરવામાં પણ ગુજરાત કટિબદ્ધ છે.

નવી પેઢીને સમૃદ્ધ ભવિષ્ય આપવા જળસંરક્ષણ અતિ આવશ્યક છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, 'કૅચ ધ રેઈન'- જળસંરક્ષણ જનભાગીદારી અભિયાન ૨.૦ હેઠળ જળસંચયને જનઆંદોલન બનાવીને રાજ્યમાં ૨.૨૦ લાખ રેઈન વૉટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર પૂર્ણ કરવામાં આવ્યાં છે. સાથે જ ૩૩ જિલ્લાઓમાં ૨,૭૦૩ અમૃત સરોવરનાં કામ પૂર્ણ થતાં ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ગ્રીન કવર વધારવાના પ્રયાસોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, 'એક પેડ માં કે નામ' અભિયાન ૨.૦ હેઠળ રાજ્યમાં ૧૬.૯૬ કરોડ વૃક્ષો વાવ્યાં છે. ૮૨ નમો વડવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી માટે 'મિશન લાઈફ' અને પ્રાકૃતિક ખેતીના વ્યાપને વધારીને ૮ લાખથી વધુ ખેડૂતોને આ અભિયાન સાથે જોડવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના હસ્તે

રિસાઈકલ કરીને ઉદ્યોગોને પાણી પૂરું પાડીને પ્રતિવર્ષ રૂ.૧૪૦ કરોડની માતબર આવક મેળવે છે.

વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સુશાસનને બિરદાવતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશે સેવા અને સુશાસનના અભૂતપૂર્વ આયામો સર કર્યા છે. તેમના કાર્યકાળમાં દેશભરમાં ૪ કરોડ પાકાં ઘર, ૧૦ કરોડ શૌચાલય, ૫૦ કરોડ જનધન બૅંક ખાતાં, ૮૦ કરોડ લોકોને નિ:શુલ્ક રૅશન તેમજ ૨૫ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવાનું ભગીરથ કાર્ય થયું છે.

આજે ઑનલાઈન યુપીઆઈ ટ્રાન્જેક્શન ક્ષેત્રે ભારત વિશ્વનો સૌથી મોટો દેશ બન્યો છે. આ ઉપરાંત, સર્જિકલ સ્ટ્રાઇક, ઑપરેશન સિંદૂર અને કલમ ૩૭૦ નાબૂદ કરીને જમ્મુ-કાશ્મીરને ભારત સાથે સંપૂર્ણપણે જોડવાનું ઐતિહાસિક કામ તેમણે પાર પાડ્યું છે. એટલું જ નહીં, દેશને વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતી 'વંદે ભારત' ટ્રેનોની ભેટ આપી છે અને દેશમાં હવાઈ કનેક્ટિવિટી વધારવા માટે આધુનિક ઍરપૉર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાનશ્રીએ કરેલી ઈંધણની બચતની અપીલને લોકોએ સ્વયંભૂ ઝીલી લીધી છે. ગુજરાતમાં પાંચ જ દિવસમાં અમદાવાદમાં મેટ્રોમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો, તેવી રીતે રાજ્યની એસ.ટી. બસોમાં લોકો વધુ મુસાફરી કરતા થયા છે. વડાપ્રધાનશ્રીને આવકારવા માટે ૧૮ જેટલાં ગ્રૂપો સાથે હજારો લોકો સાઈકલ-યાત્રામાં જોડાઈને ઇન-ડૉર સ્ટેડિયમ સુધી આવ્યા હોવાનો ઉલ્લેખ તેમણે કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ટેક્સ્ટાઇલ, ડાયમંડ, સિલ્ક, મેટ્રો, બ્રિજ અને સ્વચ્છ સિટી સુરત વડાપ્રધાનશ્રીની 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત' પહેલમાં અમૂલ્ય યોગદાન આપવા તૈયાર છે.

## મનપાના કર્મચારીઓ સહિત ૧૪ હજારથી વધુ લોકોની સફાઈ ઝુંબેશ

દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે નંબર ૧નું ગૌરવવંતું સ્થાન મેળવનાર સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા પ્રત્યેની પોતાની કટિબદ્ધતાને પુનઃ દોહરાવવામાં આવી. વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વસંધ્યાએ વડાપ્રધાનશ્રીનો ૧૨ વર્ષનો સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે અને પર્યાવરણ અંગેના તેમના વિઝનને પ્રોત્સાહન આપવા માટે સુરત શહેરમાં એક વિશાળ અને અભૂતપૂર્વ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત શહેરનાં મહત્ત્વનાં ધાર્મિક અને જાહેર સ્થળો પર સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન પ્રશંસનીય જનભાગીદારી જોવા મળી હતી, જેમાં ૧૩,૫૬૨થી વધુ જાગૃત નાગરિકો અને સ્વયંસેવકો જોડાયા હતા. આ ઉપરાંત પાલિકાના ૯૪૬ જેટલા સફાઈ કામદારોની સક્રિય મહેનતથી કુલ ૧૪,૫૦૮ લોકોએ આ અભિયાનને સફળ બનાવ્યું હતું. એક જ દિવસમાં ઝુંબેશ દરમિયાન આશરે ૧૭.૮૫ કિ.મી. લાંબા રસ્તાઓની સફાઈ કરીને ૫૪.૬૦ મૅટ્રિક ટન સામાન્ય કચરો અને ૩૨.૩ મૅટ્રિક ટન બાંધકામનો કચરો ઉપાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત રોડ ડિવાઈડરો, રોડ પેચવર્ક અને ૮૧ જેટલા સ્ટોર્મ વૉટર ડ્રેનની સફાઈ અને બ્યુટીફિકેશનની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી.

## નડિયાદમાં પ્રથમ પત્રકાર-વનનું લોકાર્પણ

પ્રકૃતિ અને પત્રકારત્વ એક જ છે. પ્રકૃતિ શુધ્ધ હવા આપે છે અને પત્રકારત્વ શુદ્ધ વિચાર આપે છે. ખેડા જિલ્લાના પત્રકારોએ પોતાના સામાજિક દાયિત્વને બખૂબી અદા કરતાં જિલ્લા માહિતી કચેરી ખાતે વૃક્ષારોપણ કરીને સમગ્ર દેશના મીડિયાકર્મીઓને પર્યાવરણ-સંરક્ષણ માટે પ્રેરણા પૂરી પાડી હતી. ખેડા જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા વનવિભાગના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત નડિયાદ માહિતી ભવન ખાતે રાજ્યના પ્રથમ પત્રકાર-વનનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મહેસૂલ પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડા ઉપરાંત સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ સાથે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ અને અગ્રણી પત્રકારોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંવર્ધનનો સંદેશ પાઠવ્યો હતો.



તેમણે સુરતમાં દેશની પ્રથમ ૨૯ માળની નવી સરકારી બિલ્ડિંગ અને મિની સચિવાલયનો ઉલ્લેખ કરી ઉમેર્યું કે, સુરતની તાપી બૅરેજ યોજનાના જે પ્રોજેક્ટને વડાપ્રધાનશ્રીએ મંજૂરી આપી છે તે કેન્દ્ર, રાજ્ય અને પાલિકાના સહયોગથી ૧૦૦૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં પૂર્ણ થશે. તેના કારણે સુરત દેશભરમાં એકમાત્ર એવું શહેર બનશે, જેણે આવનારાં ૫૦ વર્ષોની પાણીની જરૂરિયાતને ધ્યાને રાખી ભવિષ્યલક્ષી વ્યવસ્થાપન કર્યું છે. તાપી શુદ્ધીકરણ પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૧૯માં રૂા. ૯૦૦ કરોડની ફાળવણી કરવા બદલ તેમણે વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા અને પેટ્રોકૅમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, આદિજાતિ રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, વિધાનસભા ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી, સાંસદ સર્વશ્રી મુકેશભાઈ દલાલ, પ્રભુભાઈ વસાવા, ગોવિંદભાઈ ધોળકિયા, ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિતના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મનપાના અધિકારીઓ અને મોટી સંખ્યામાં અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




## કેન્દ્ર સરકારના રૂ.૧૬,૯૬૮ કરોડના પ્રોજેક્ટ્સ

- કેન્દ્ર સરકારના વિવિધ પ્રોજેક્ટ્સ અંતર્ગત વડાપ્રધાનશ્રીએ ૧૬,૯૬૮ કરોડ રૂપિયાનાં ૭ મહત્ત્વપૂર્ણ કાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.
  - નૅશનલ હાઈવે ઑથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) હેઠળ રૂ.૭,૬૮૯ કરોડના ખર્ચે નિર્મિત વડોદરા-મુંબઈ એક્સપ્રેસ (પૅકેજ ૬ અને ૭)નું લોકાર્પણ
  - NH-૫૬ અને NH-૫૩ પર રૂ. ૪,૭૩૨ કરોડના ખર્ચે વિવિધ ૪ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત
- ઊર્જા અને પેટ્રોકૅમિકલ્સ વિભાગ હેઠળ રૂ.૪,૫૪૭ કરોડના ખર્ચે રાજ્યમાં ટ્રાન્સમિશન નેટવર્કના વિસ્તરણના કામનું પણ લોકાર્પણ કરાયું.

## રાજ્ય સરકારના રૂ.૧,૮૧૦ કરોડનાં વિકાસકાર્યો

રાજ્ય સરકારના વિવિધ વિભાગો હેઠળ રૂ.૧,૮૧૦ કરોડના ૧૯ પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને રાજ્યના વિકાસની ગતિને વેગ આપવામાં આવ્યો છે.

- GIDC હેઠળ રૂ.૧,૦૬૩.૪૩ કરોડના ખર્ચે ભરૂચ અને વલસાડ ખાતે ૮ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ
- સુરતમાં રિજનલ સાયન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત
- સુરત જૂની સિવિલ હૉસ્પિટલ કૅમ્પસમાં ૧૦૦ બેડની સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ
- ૫૦ બેડની આયુષ હૉસ્પિટલ
- રૂ.૨૧૨ કરોડના ખર્ચે ESIC કર્મચારી રાજ્ય વીમા નિગમ લિ.ની ૨૦૦ બેડની ESIC હૉસ્પિટલનું લોકાર્પણ
- સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન
- વાપી સ્ટોર્મ વૉટર ડ્રેઈનનું લોકાર્પણ

## સબસ્ટેશનોનું લોકાર્પણ

**સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં રૂ. ૪૮.૨૦ કરોડના ખર્ચે નિર્મિત ૬૬ kV વણકલા-ઓખા સબસ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું. આ સબસ્ટેશનથી આસપાસના વિસ્તારના અંદાજે ૨૩,૩૫૭ વીજ ગ્રાહકોને લાભ મળશે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં રૂ. ૩૨ કરોડના ખર્ચે ૬૬ kV ધામણી સબસ્ટેશનનું પણ લોકાર્પણ કરાયું હતું. આ સબસ્ટેશનથી ૮ કિલોમીટરના વિસ્તાર હેઠળ આવેલાં ૧૩ ગામોના વીજ ગ્રાહકોને લાભ મળશે. આ પ્રોજેક્ટ્સથી દક્ષિણ ગુજરાતનું વીજ માળખું વધુ મજબૂત બનશે તેમજ વિસ્તારમાં વધુ ગુણવત્તાસભર વીજપુરવઠો સુનિશ્ચિત થશે.**



## નવસારીમાં વિશ્વનું સૌથી મોટું ડિજિટલ સબસ્ટેશન

નવસારી (ન્યૂ) ખાતે વિશ્વના સૌથી મોટા ડિજિટલ સબસ્ટેશન સહિત રૂ.૪,૫૪૬ કરોડના ટ્રાન્સમિશન નેટવર્ક એક્સપાન્શન પ્રોજેક્ટનું લોકાર્પણ કરાયું હતું, જેના કારણે ગુજરાતથી મહારાષ્ટ્ર સુધી ઉચ્ચ-ક્ષમતાયુક્ત વીજપ્રવાહ પહોંચશે. ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અને પાવરગ્રિડ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિ.ના આ પ્રકલ્પો ઉપલબ્ધ ટ્રાન્સમિશન ક્ષમતાને વધારીને પાવર ટ્રાન્સફરની ક્ષમતામાં સુધારો કરશે.

આ ઉપરાંત, રૂ.૩૨૪.૧૯ કરોડનો વલસાડ પાવર ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ વીજ-વિતરણના નેટવર્કને મજબૂત બનાવશે, જેથી વલસાડના ૫ લાખથી વધુ ગ્રાહકોને લાભ થશે. તેમજ સુરત જિલ્લામાં રૂ.૪૮.૨૦ કરોડના ખર્ચે ૬૬ KV વણકલા-ઓખા સબસ્ટેશન અને રૂ.૩૨ કરોડના ખર્ચે ૬૬ KV ધામણી સબસ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું.

## વલસાડમાં રૂ. ૩૨૪.૧૯ કરોડના વીજ વિતરણના પ્રોજેક્ટ

વલસાડ જિલ્લામાં વીજખાધ ઘટાડવાના ઉદ્દેશથી ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનાં કામો સામેલ છે. તે ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ માટેનો એક ફુલ ટર્ન કી કોન્ટ્રાક્ટ છે, જે રૂ. ૩૨૪.૧૯ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અંતર્ગત અમલમાં મુકાયેલા આ પ્રોજેક્ટનો હેતુ વીજ વિતરણ નેટવર્કને વધુ મજબૂત બનાવવાનો, કાર્યક્ષમતામાં વધારો કરવાનો તેમજ ગ્રાહકોને વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. આ કામોમાં AB કેબલિંગ, નવાં ટ્રાન્સફોર્મર લગાવવાં, ટ્રાન્સફોર્મરની ક્ષમતા વધારવી, જૂનાં કંડક્ટરોને રીકંડક્ટ કરો અને ફીડર બાઇફર્કેશનનો સમાવેશ થાય છે, જે વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવશે.

આ પ્રોજેક્ટના પરિણામે વીજ વિક્ષેપો અને લો-વૉલ્ટેજની સમસ્યાઓમાં ઘટાડો થશે. તેનાથી જાહેર સલામતીમાં વધારો થવાની સાથે ટ્રાન્સફોર્મરોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને ફીડર સ્તરે વીજખાધમાં ઘટાડો થશે. આ પ્રોજેક્ટથી વલસાડ જિલ્લાના ૫,૯૮,૦૨૮ જેટલા લોકોને ફાયદો થશે.

## કાપડ, વાંસ અને આભલાથી બન્યું દેશનું સૌથી મોટું 'ગ્રીન બેકડ્રોપ'

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન સાથે 'વિશ્વ પર્યાવરણ દિવસે' સુરતમાં યોજાયેલા કાર્યક્રમની વિશેષતા હતી 'ઇકો ફ્રેન્ડલી-સસ્ટેનેબલ' થીમ. સ્વચ્છતા અને નવતર પ્રયોગો માટે દેશભરમાં જાણીતા સુરત શહેરે પર્યાવરણની જાળવણી તરફ વધુ એક ઐતિહાસિક અને પ્રશંસનીય કદમ ઉઠાવ્યું છે. સ્વચ્છતા અને પર્યાવરણ સંવર્ધનને પ્રાધાન્ય આપતા વડાપ્રધાનશ્રીની 'ટકાઉ વિકાસ'ની વિભાવનાને સાકાર કરવા કાર્યક્રમમાં 'પ્લાસ્ટિક અને થર્મોકોલમુક્ત', સંપૂર્ણ સાતત્યપૂર્ણ સજાવટનો અભિગમ અપનાવી ડિજિટલ પ્લાસ્ટિક ફ્લેક્સ બૅનરોને તિલાંજલિ આપીને સંપૂર્ણપણે 'ગ્રીન પ્રોટોકોલ' અમલી કરાયો હતો. ભારતની સૌથી સ્વચ્છ નગરીઓમાં સ્થાન પામતા ટેક્સટાઇલ સિટી સુરતની પર્યાવરણીય સફર અને દેશના હરિયાળા ભવિષ્યના વિઝનને ભવ્ય રીતે પ્રદર્શિત કરાયું છે.





આ ઈવેન્ટ દરમિયાન બનાવાયેલી અનેક કલાકૃતિઓ પૈકીનું એક એવું સુરતના યુવા કલાકારોએ તૈયાર કરેલ બેકડ્રોપ કાપડ, વાંસ અને આભલાથી કંડારાયેલું દેશનું સૌથી મોટું 'ગ્રીન બેકડ્રોપ' બન્યું છે.

આપત્તિઓને અવસરમાં બદલતા સુરતે જેમ સ્વચ્છતામાં સમગ્ર દેશમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, તેમજ હવે 'ઝીરો પ્લાસ્ટિક' મૉડલ અપનાવીને સુરતે સમગ્ર દેશને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટેનો નવો રાહ ચીંધ્યો છે.



# પ્રકૃતિ સાથે સાયુજ્ય સાધી ‘ગ્રીન ગ્રોથ’ તરફ આગળ વધતું ગુજરાત

‘પર્યાવરણ’ બોલતાંની સાથે જ આંખોની સામે હરિયાળી વનરાજી તરવરવા લાગે! આપણી સર્વસામાન્ય સમજણ એવી વિકસી છે કે પર્યાવરણ એટલે આપણી આસપાસનું આવરણ. આપણા માટે પ્રકૃતિ એટલે કે નદી, વન, પહાડ, ઝરણાં, તળાવ, પશુ અને પંખીનું હોવું, પરંતુ માનવી પણ પ્રકૃતિની સંકળાયેલી કડીમાં અગત્યનું અને સમાન સ્થાન ધરાવે છે. આપણે અને પ્રકૃતિ અલગ નહીં પણ એક હોવાના ભાવ થકી પર્યાવરણના વૈશ્વિક સંકટથી ઊગરી શકવાની સંભાવના છે.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૬ની ઉજવણી માટે સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા ‘Inspired by Nature. For Climate. For Our Future’ થીમ નક્કી કરવામાં આવી. વર્ષ ૨૦૨૬ની વૈશ્વિક ઉજવણી અઝરબૈજાન દેશના યજમાનપદેથી થઈ. ગુજરાતમાં વિશ્વ પર્યાવરણ દિવસના રોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના દેહરી ગામમાં

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પુસ્તક ‘CONVENIENT ACTION – Gujarat’s Response To Challenges Of Climate Change’માં તેમણે સ્વામી વિવેકાનંદના આ શબ્દોનું પુણ્યસ્મરણ કર્યું છે કે, “All nature is bound by law, the law of its own action; and this law can never be broken. If you could break a law of nature, all nature would come to an end in an instant. There would be no more nature.” પ્રકૃતિ અને આપણા સીધા સંબંધને સમજાવવામાં આ શબ્દો ખૂબ અગત્યના જણાય છે.**

વૃક્ષારોપણ કરીને ઉજવણી કરી. આ અવસરે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ગ્લોબલ વૉર્મિંગના કારણે અનેક પડકારો ઊભા થયા છે, જેનું સમાધાન વૃક્ષોનું વાવેતર અને જતન છે. વડીલોએ જે વૃક્ષો વાવ્યાં તેનો લાભ આપણને માણ્યો; હવે આપણી જવાબદારી છે કે ભાવિ પેઢી માટે વૃક્ષોનું વાવેતર અને જતન કરીએ. રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ બાદ ગામમાં સ્વચ્છતાકર્મીઓનું સન્માન કર્યું હતું.

વિશ્વ પર્યાવરણ દિવસના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી ‘એક પેડ માં કે નામ ૩.૦’ વૃક્ષારોપણ અભિયાનની રાજ્યવ્યાપી શરૂઆત કરાવી હતી. વડાપ્રધાનશ્રીના સફળ સુશાસનનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ આ અભિયાનના ત્રીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે નાગરિકોને અનુરોધ કર્યો કે, પર્યાવરણ દિવસ માત્ર ઉજવણી નહિ, પરંતુ લોકોની રોજિંદી જીવનશૈલી બને તે જરૂરી છે. વડાપ્રધાનશ્રીએ આપેલા મિશન લાઇફ (લાઇફ-સ્ટાઇલ ફોર એન્વાયર્નમેન્ટ)ને અપનાવી રોજબરોજના વપરાશમાં પાણી અને પેટ્રોલ જેવા પરંપરાગત ઈંધણનો બચાવ કરવા અને વધુ ને વધુ વૃક્ષારોપણ કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ‘મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ’ અંતર્ગત અમદાવાદમાં વૃક્ષારોપણના મહાઅભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરમાં હવાની ગુણવત્તા સુધારવા અને પ્રદૂષણના સ્રોતોની સચોટ માહિતી મેળવવા માટે મોબાઇલ સોર્સ અપોર્શર્નમેન્ટ લૅબોરેટરીને મુખ્યમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સ્માર્ટ સેન્સિંગ અને ડિજિટલ ઇન્ટેલિજન્સ પ્રોજેક્ટ (મોબાઇલ રિયલ-ટાઇમ સોર્સ અપોર્શર્નમેન્ટ લૅબોરેટરી)નો મુખ્ય ઉદ્દેશ શહેરમાં હવાનું પ્રદૂષણ ફેલાવતા મુખ્ય સ્રોતોની વૈજ્ઞાનિક તપાસ કરવી અને હવાની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. પર્યાવરણ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે મિયાવાકી પદ્ધતિ આધારિત ક્લોંગ-ઓન ફૉરેસ્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો પણ તેમણે શુભારંભ કરાવ્યો હતો.

AMC દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ (વૃક્ષારોપણ) અંતર્ગત આ વર્ષે શહેરમાં ૫૦ લાખ વૃક્ષોના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું. મુખ્યમંત્રીશ્રી






સહિત મહાનુભાવો દ્વારા ચાંદખેડા ખાતે વૃક્ષારોપણ કરાયું હતું. શહેરમાં હરિયાળી વધારવા માટે ઍર ક્વૉલિટી વિભાગ દ્વારા હૉટસ્પોટ વિસ્તારોની ઓળખ કરવામાં આવી છે. આવા વિસ્તારોમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને વધુ પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવશે, જેથી હવાના ગુણવત્તા-સૂચકાંકમાં સુધારો લાવી શકાય. વિવિધ PPP, CSR અને CER સંસ્થાઓ સાથે ભાગીદારી દ્વારા વૃક્ષોના જતન અને વિસ્તરણ માટેનાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અમદાવાદ શહેરના મેયર, ધારાસભ્યો, કૉર્પોરેટરો અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પદાધિકારીઓ-અધિકારીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

'વિશ્વ પર્યાવરણ દિને' સુરતના આંગણે પધારેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા સુરત શહેરના લોકોએ અનોખી 'ઈકો-ફ્રેન્ડલી' પહેલ કરી હતી. વડાપ્રધાનશ્રી દ્વારા કરાયેલા ઈંધણ-બચતના આહ્વાનને ઝીલી લેતાં શહેરમાં તેમના સ્વાગતમાં ભવ્ય સાઈકલ-રેલી યોજાઈ હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અંદાજિત ૧ હજારથી વધુ લોકો સાથે પીપલોદના સ્ટેડિયમથી અઠવાલાઈન્સ ઇન-ડોર સ્ટેડિયમ સુધી સાઈકલ-રેલીમાં જોડાયા હતા. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ સંરક્ષણના હેતુથી યોજાયેલી આ સાઈકલ-રેલીમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો. ઊર્જા અને ઈંધણ-બચત સાથે સ્વાસ્થ્યનો સંદેશ પણ આપ્યો હતો.

ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદૃષ્ટિમય નેતૃત્વમાં વર્ષ ૨૦૦૯ને 'નિર્મળ ગુજરાત' તરીકે ઊજવવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં પર્યાવરણ સંરક્ષણની કામગીરીને પરિણામલક્ષી પગલાંઓથી ગુજરાત ક્લિન અને ગ્રીન રાજ્ય તરીકે વિશ્વના નકશા પર આગવી ઓળખ બનાવી રહ્યું છે. એકસાથે સૌરઊર્જા, પવનઊર્જા, હાઇડ્રો અને વેસ્ટ ટુ ઍનર્જીના ગ્રીન અર્થતંત્ર અને વ્યવસ્થાના માળખા સાથે ગુજરાત પર્યાવરણ-રક્ષણનાં વિવિધ ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી કરી રહ્યું છે.

પૃથ્વી પર 'ગ્લોબલ વૉર્મિંગ' (પૃથ્વીના સરેરાશ તાપમાનમાં ઉત્તરોત્તર થતો લાંબા ગાળાનો વધારો) અને 'ક્લાઈમેટ ચેન્જ' (આબોહવા પરિવર્તનમાં વધતી ગરમીની સાથે તેની વ્યાપક આડઅસરો જેવી કે પીગળતા ગ્લેશિયર્સ, દરિયાઈ સપાટીમાં વધારો અને અકળાવનારી હવામાનની પૅટર્ન) જેવી સમસ્યાના નિવારણ માટે આપણે નદી-તળાવ-દરિયા સાફ કરી રહ્યાં છીએ, વૃક્ષો વાવી અને ઉછેરી રહ્યાં છીએ, દરિયાઈ અને વન્ય સૃષ્ટિના સંરક્ષણની કામગીરી કરી રહ્યાં છીએ. વૃક્ષોની વાવણી, ઉછેર અને જતન માટે સરકાર દ્વારા 'એક પેડ માં કે નામ', 'મિશન મિલિયન ટ્રી', 'નમો વન' ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા 'વનમહોત્સવ', 'રોપા વિતરણ કાર્યક્રમ', સાંસ્કૃતિક વનોનું નિર્માણ, દરિયાકિનારે ચેરનાં વૃક્ષોનું વાવેતર અને સાચવણી તથા વિવિધ વિસ્તારોમાં 'ટ્રી વૉલ' બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

રાજ્યના વનવિભાગ દ્વારા ૨૦૨૬-૨૭ દરમિયાન 'એક પેડ માં કે નામ ૩.૦' અને 'વન મહોત્સવ' અન્વયે સમગ્ર રાજ્યમાં કુલ ૭૪૪૫૩.૯૦ હેક્ટર વિસ્તારમાં ૫૫૧.૯૧ લાખ રોપાઓનું વાવેતર કરવાનું આયોજન છે. ચોમાસામાં પ્રજાજનોને સરળતાથી રોપા મળી રહે તે માટે ૪૨૩ નર્સરીમાંથી કુલ ૧૧.૮૦ કરોડ રોપાઓનું વિતરણ કરવાનું પણ આયોજન છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ૪૪૦ હેક્ટર વિસ્તારમાં અંદાજિત ૩૦૦ સ્થળોએ વન-કવચના નિર્માણની સાથે 'ગ્રીન વૉલ ઑફ અરવલ્લી' પ્રોજેક્ટ હેઠળ કુલ ૬૬૫૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર તેમજ ૨૦૧૦૦ હેક્ટર વિસ્તારમાં ચેરના રોપાઓના વાવેતરનું આયોજન વનવિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ દિવસ






નિમિત્તે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે 'બૅક ટુ બેઝિક'ના ધ્યેય સાથે પર્યાવરણપ્રિય વાતાવરણનું નિર્માણ સૌ સાથે મળીને કરે, તેવો અનુરોધ નાગરિકોને કર્યો હતો.

ગુજરાતની વિકાસલક્ષી રાજ્ય તરીકેની વર્તમાન ઓળખ બની તે પહેલાં તે વરસાદથી વંચિત અને અછતગ્રસ્ત રાજ્ય તરીકેની ઓળખ ધરાવતું હતું, ત્યાંથી પીવાના પાણીની સુરક્ષા માટે ગુજરાતે પર્યાવરણ-સંરક્ષણની નીતિથી સાતત્યપૂર્ણ વિકાસનાં સોપાન સર કર્યાં છે. પ્રત્યેક ગામમાં વરસાદી પાણીના સંગ્રહ માટે WASMO દ્વારા ગામના પરંપરાગત જળસ્રોતો - કૂવા, વાવ અને તળાવોને પુનર્જીવિત કરવાની પ્રશંસનીય કામગીરી કરી. ઉપરાંત ચોમાસાના પાણીનો સંગ્રહ કરવા માટે રૂફટોપ રેઇનવૉટર હાર્વેસ્ટિંગ (છત પરના પાણીનો સંગ્રહ) અને વૉટર રિચાર્જિંગ માળખાં બનાવવાની નોંધપાત્ર કામગીરી પણ કરી. આમ, પર્યાવરણને નુકસાન ન પહોંચે તે રીતે પીવાના પાણીની વ્યવસ્થાને આયોજનબદ્ધ રીતે લોકો સુધી પહોંચાડવામાં આવી.

રાજ્યમાં ગ્રીનહાઉસ ગૅસ ઍમિશનના ઉત્સર્જનને ઘટાડવા માટે CNG રિક્ષા અને ઇલેક્ટ્રિક બસોના ઉપયોગ સાથે ખાનગી વાહનોમાં પણ ઇ-વાહનોની ખરીદીને ખાસ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પંડિત દીનદયાળ ઍનર્જી યુનિવર્સિટીની સ્થાપનાથી પર્યાવરણ સંદર્ભે નવીન, ક્લીન અને ગ્રીન ઊર્જાનાં માધ્યમોના ઉપયોગ માટે સંશોધન કરવાનો માર્ગ મોકળો થયો અને આ દિશામાં આગળ વધી ગુજરાત સમગ્ર દેશને માર્ગદર્શન પૂરું પાડવા સક્ષમ બની રહ્યું છે.

ગુજરાત હાલમાં ભારતનું એવું રાજ્ય છે જે રાજ્યવ્યાપી હાઇ-પ્રેશર નેચરલ ગૅસ ટ્રાન્સમિશન ગ્રીડ (કુદરતી ગૅસ-વહન ગ્રીડ) ધરાવે છે. આ ગ્રીડ એક 'ગૅસ હાઇવે' તરીકે કામ કરે છે, જે તમામ જિલ્લાઓને LNG ટર્મિનલ્સ સાથે જોડે છે. ગુજરાતના આવા આયોજનબદ્ધ ગૅસ ગ્રીડ નેટવર્કથી પ્રેરાઈને દેશનાં તમામ રાજ્યોને એકબીજાં સાથે જોડવા માટે એક સંયુક્ત 'વન નૅશન, વન ગૅસ-ગ્રીડ'નું નિર્માણ વિચારાધીન બાબત છે. સામાન્ય રીતે કોલસો, ડીઝલ કે પેટ્રોલ જેવાં ઇંધણોને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા માટે હજારો ટ્રકો, ટૅન્કરો અથવા રેલવે વૅગનનો ઉપયોગ થાય છે, જે પ્રદૂષણ ફેલાવે છે. જ્યારે ગૅસ ગ્રીડમાં કુદરતી ગૅસ જમીનની અંદર નાખેલી પાઇપલાઇનો દ્વારા સીધો સ્થાનાંતરિત થાય છે. આ પ્રક્રિયામાં કોઈ વાહનોની જરૂર પડતી નથી, જેનાથી હજારો ટનનું વાયુ-પ્રદૂષણ અટકી જાય છે. ગુજરાતનાં ઉદ્યોગો અને ઘરો આ ગૅસ ગ્રીડ નેટવર્કને






ભાગ - 2

6



તમામ પ્રવૃત્તિમાંથી નીકળતા $CO_2$ વિશે જાગૃત રહો અને શક્ય હોય ત્યાં સુધી તેના ઉત્સર્જનની માત્રા ઓછી કરો.


7



સ્થાનિક ધોરણે પાકતાં અને ઋતુ પ્રમાણેનાં શાકભાજી-ફળો ખરીદો.

બહારથી આયાત થતા ખોરાકને આપણા સુધી પહોંચવામાં ઘણું ટ્રાન્સપોર્ટેશન વપરાય છે, જેમાં કાર્બન ઉત્સર્જન વધુ થાય છે.

8




ખોરાક ફેંકવાથી તે કચરાના ઢગલામાં સડવાથી મિથેન જેવો હાનિકારક ગેસ ઉત્પન્ન થાય છે.



તેથી ભોજન સમયે જેટલી ભૂખ હોય તેટલું જ લેવું અને બગાડ કરવો નહીં.

9



શક્ય હોય ત્યાં સુધી શાકાહારી ભોજન અપનાવો.

માંસાહારી ખોરાકના ઉત્પાદનમાં કાર્બન ઉત્સર્જન વધુ પ્રમાણમાં થાય છે.

10




બિનજરૂરી ઇ-મેલ ડિલીટ કરો અને સ્પેમ મેલ અનસબ્સ્ક્રાઇબ કરો.



ડિજિટલ ડેટા સ્ટોર કરવા માટે પણ મોટા ડેટા સેન્ટરોમાં ખૂબ વીજળી વપરાય છે, જે કાર્બન ફૂટપ્રિન્ટ વધારે છે.

કારણે PNG કે CNG તરફ વળ્યાં છે, જે પર્યાવરણને સીધો ફાયદો કરાવે છે.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના માર્ગદર્શનમાં સમગ્ર રાજ્યમાં 'એક પેડ, માં કે નામ ૩.૦' મહાઅભિયાનને વેગવાન બનાવવા નક્કર આયોજન થયું છે. પર્યાવરણીય સંતુલન અને જીવ-વૈવિધ્યની જાળવણી માટે ગાંધીનગરમાં ૫૭ જેટલી સ્થાનિક પ્રજાતિઓના રોપાનું વાવેતર કરાશે, જે ત્રિ-સ્તરીય હશે. તેમાં ૧૬ જાતના ૨૦ ટકા ઉચ્ચસ્તરીય રોપા, ૨૫ જાતના ૫૦ ટકા - મધ્યમસ્તરીય અને વિવિધ ૧૬ જાતના ૩૦ ટકા નિમ્નસ્તરીય રોપાઓનો સમાવેશ થાય છે. આ વનકવચ (Micro-forest)ની વિશેષતા એ રહેશે કે તે ખૂબ જ ઓછી જગ્યામાં અત્યંત ગીચ અને ઝડપથી વિકાસ પામતું 'શહેરી જંગલ' બની શકશે.



વનવિભાગના આયોજન હેઠળ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી તેમજ ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઈ શાહના લોકસભા વિસ્તારને 'હરિયાળો' બનાવવા માટે વનવિભાગ દ્વારા અંદાજે ૫૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ૫૦ લાખથી વધુ રોપાઓ વાવીને 'વનકવચ - માઇક્રો ફૉરેસ્ટ' તૈયાર કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.

'પર્યાવરણ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે વનવિભાગ દ્વારા સમગ્ર ગુજરાતને આવરી લેતા વિવિધ લોક-કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં ગ્રામીણ અને શહેરી કક્ષાએ કુલ ૫૦ હજાર જેટલાં 'જૂથસ્તર' નક્કી કરાયાં. દરેક જૂથ દ્વારા ૧૨ રોપાઓનું વાવેતર કરી, એક જ દિવસમાં સમગ્ર રાજ્યમાં ૬ લાખ રોપાઓનું વાવેતર થયું. આ સપ્તાહ દરમિયાન દરેક જિલ્લાકક્ષાએ મુખ્ય ચાર કાર્યક્રમો અને તમામ ૨૬૫ તાલુકાઓ તેમજ વિધાનસભા વિસ્તારોમાં મહાનુભાવોની અધ્યક્ષતામાં સઘન વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૨૬૫ તાલુકાના કાર્યક્રમોમાં ૧.૫૩ લાખથી વધુ રોપાઓનું વાવેતર થયું તેમજ ૧.૮૭ લાખથી વધુ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. ઉપરાંત તાલુકાસ્તરે ૮૬૧ નિયત સ્થળો પર વધુ ૪.૧૫ લાખથી વધુ રોપાઓ વનવિભાગના માર્ગદર્શનમાં વાવવામાં આવ્યા.

ગુજરાત ભૌગોલિક પરિસ્થિતિને કારણે તેને વર્ષના મહત્તમ દિવસો દરમિયાન ભરપૂર સૌર ઊર્જા તેમજ દરિયાઈ સીમાના વિસ્તારોને કારણે પવનઊર્જા આધારિત શુદ્ધ અને પુનઃપ્રાપ્ય ઊર્જા મેળવવાની શક્યતા ધરાવે છે. આથી જ ગુજરાતે શહેર, ખેતર, કૅનાલ, સંસ્થાઓ અને ખુલ્લી જમીન જેવાં વિવિધ સ્થાનોએ સોલાર પૅનલના માધ્યમથી સૌર ઊર્જા મેળવવાના નાના-મોટા વિધવિધ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં પહેલી વાર સૌર ઊર્જા અને પવન ઊર્જાની નીતિ જાહેર કરવામાં આવી હતી. વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાર્ક ખાવડા રિન્યૂએબલ એનર્જી પાર્ક કચ્છમાં, પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકામાં ગુજરાતનો સૌથી પહેલો અને ઐતિહાસિક મેગા સોલાર પાર્ક, વાવ-થરાદ જિલ્લાના રાધાનેસડાનો સોલાર પાર્ક, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન (DSIR)નો અલ્ટ્રા મેગા સોલાર પાર્ક અને મોઢેરા ભારતનું સૌપ્રથમ ૧૦૦% સૂર્યઊર્જા સંચાલિત ગામ - આ તમામ ગુજરાતની સૌરઊર્જા સફળતાનાં ઉદાહરણો છે. ગુજરાતનો ૧,૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો પવનચક્કીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. દરિયાઈ સરહદ ધરાવતા કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ અને ભાવનગર જેવા વિસ્તારો પવનઊર્જાનાં મુખ્ય કેન્દ્રો સાબિત થયાં છે. કચ્છના ખાવડા ખાતે ૩૦,૦૦૦ મેગાવૉટની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો રિફાઈન્ડ અને રિન્યૂએબલ એનર્જી પાર્ક આકાર લઈ રહ્યો છે, જેમાં પવન અને સૂર્ય, બંને ઊર્જાનો સમન્વય કરીને મોટા પાયે વીજ-ઉત્પાદન કરવામાં આવશે.

આમ, ગુજરાતે પર્યાવરણના રક્ષણ માટે ભવિષ્યલક્ષી વિચાર કરી શુદ્ધ અને સ્વચ્છ હવા, પાણી અને જમીન જાળવવા માટે આવશ્યક પગલાં લીધાં છે અને ઉત્તરોત્તર આ દિશામાં તે પ્રગતિ સાધી રહ્યું છે. માત્ર સરકાર જ નહીં પણ સ્વૈચ્છિક સંસ્થાઓ, પરિવારો અને વ્યક્તિઓ આગળ આવીને પર્યાવરણ પ્રત્યે પોતાના, આપણા સૌના સંબંધને સાર્થકતા આપે તે રીતે આપણે સૌ આગળ વધીએ.


# વલસાડના પારનેરા ડુંગરના હરિયાળા રક્ષક 'ટ્રી મૅન' રતિલાલભાઈ




- જિજ્ઞેશ સોલંકી

જ્યાં ઈરાદા મજબૂત હોય ત્યાં ડુંગર પણ હરિયાળો બને છે. વિશ્વ પર્યાવરણ દિવસના પરિપ્રેક્ષ્યમાં વલસાડના 'ટ્રી મૅન' રતિલાલભાઈની નિઃસ્વાર્થ સેવાયાત્રાને જાણીએ. વલસાડનો ઐતિહાસિક પારનેરા ડુંગર બારેમાસ લીલોછમ રહે તે માટે તળેટીમાં ડુંગરવાડી ગામમાં રહેતા ૭૦ વર્ષીય રતિલાલ પટેલ અહર્નિશ સેવારત રહે છે. તેમની નિઃસ્વાર્થ અવિરત મહેનત ખરેખર પ્રશંસનીય છે. છેલ્લાં ૧૫ વર્ષથી તેઓ ડુંગરને લીલોછમ રાખવાના જીવન-સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરી રહ્યા છે.

રતિલાલભાઈ નોખી માટીના છે, આથી જ તો લોકો તેમને 'ટ્રી મૅન'ના હુલામણા નામથી સંબોધે છે. તેઓ છોડ કે રોપા તો રોપે છે, સાથોસાથ તેના ઉછેર માટે ખાસ પરિશ્રમ પણ કરે છે. દિવસ હોય કે રાત, ગરમી હોય કે ઠંડી, કશી પરવા કર્યા વિના પાણીના બાટલા ઊંચકીને સવાર-સાંજ બે વાર પારનેરા ડુંગર ચઢીને તેઓ આ ઉંમરે પણ વૃક્ષોને નિરંતર પાણી પિવડાવે છે. આ સાથે, રખડતાં ઢોર કે ભૂંડ વૃક્ષોને નુકસાન કરે નહીં તે માટે દાતાઓની મદદથી જાળી લાવીને વૃક્ષોનું ચોતરફથી રક્ષણ કરે છે. ફોરેસ્ટ વિભાગ પાસેથી વૃક્ષનાં બીજ મેળવી, છોડવાને સંતાનની જેમ ઉછેરે છે.







"રતિલાલભાઈ જણાવે છે કે, મારો આજીવન એક જ સંકલ્પ છે કે, પારનેરા ડુંગર બારેમાસ લીલીછમ હરિયાળીથી શોભતો રહે, જેથી પર્યાવરણનું જતન થાય અને પ્રવાસીઓ અહીં આવવા આકર્ષાય. વૃક્ષોની સંખ્યા વધવાની સાથે પશુ-પંખીઓની પણ સંખ્યા વધવાથી પર્યાવરણની સમતુલા જળવાઈ રહે. વૃક્ષોની હરિયાળી અને પક્ષીઓના કલરવથી અહીં આવતા પ્રવાસીઓને પ્રકૃતિના ખોળે આવ્યાનો અનુભવ થાય છે. વૃક્ષોનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટી રહ્યું છે ત્યારે હું એટલી જ વિનંતી કરું છું કે, તમારા પરિવારના શુભ પ્રસંગો નિમિત્તે વૃક્ષો વાવો, તેનો ઉછેર કરો. આમ જ આપણે ભાવિ પેઢીને લીલોછમ વારસો આપી શકીશું."

## વૃક્ષ-જતનના સંકલ્પ વિશે

અંદાજિત ૧૫ વર્ષ પહેલાં મારા ભત્રીજા દર્શન પટેલને ત્યાં દીકરીનો જન્મ થયો એ વખતે પારનેરા ડુંગર પર મહાકાળી માતા અને ચામુંડા માતાનાં મંદિર પાસે બે છોડ રોપ્યા હતા. ત્યારથી વૃક્ષારોપણનો સંકલ્પ લઈને નિયમિત રીતે વૃક્ષારોપણ કરું છું. તેમાં વડ, પીપળો, બીલીપત્ર, કાજુ અને રાયણ સહિતનાં અનેક વૃક્ષો ઉછેર્યાં છે. આ વૃક્ષોના છાંયડા નીચે આશરો લેતા લોકોને જોઈને સંતોષ અનુભવાય છે. હવે પરિવારની તે દીકરી જિયા પણ ૧૫ વર્ષની થઈ ગઈ છે, દોઢ વર્ષથી મારી સાથે વૃક્ષોના ઉછેરના કામમાં જોડાઈ છે.

**વૃક્ષો છે તો જીવન છે, વૃક્ષો છે તો ભવિષ્ય છે.**



# ધોલેરાના ખારાપાટમાં પર્યાવરણલક્ષી નવતર પ્રયોગો

**દિવ્યેશ વ્યાસ**

ઉનાળાની તીવ્ર ગરમીમાં અમદાવાદ જિલ્લાના ધોલેરામાં મુસાફરી દરમિયાન અર્ધ-શુષ્ક આબોહવા ધરાવતા આ વિસ્તારમાં તીવ્ર સૂર્યકિરણો અને સખત ખારાશવાળી જમીનમાં ઊભા રહેવું મુશ્કેલ બને છે. આ કઠિન પરિસ્થિતિ વચ્ચે પણ ધોલેરામાં વનવિભાગે હરિયાળું વન બનાવ્યું છે. આ પ્રોજેક્ટને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન ડેવલપમેન્ટ ઑથોરિટી (DSIRDA) દ્વારા ટેકો પૂરો પાડવામાં આવ્યો છે.

## ડ્રમ પ્લાન્ટેશન : નવતર રીત, અનોખું પરિણામ


ડ્રમમાં રોપાયેલા રોપા


ટપક સિંચાઈની વ્યવસ્થા


હરિયાળું બની રહ્યું છે ખારાપાટ

અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવીન 'ડ્રમ પ્લાન્ટેશન' પદ્ધતિથી ૩,૨૦૦થી વધુ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. આસપાસ ખારાપાટની વચ્ચે ઊભેલાં વૃક્ષો દરેક જોનાર વ્યક્તિને આશ્ચર્ય પમાડે છે અને રણની વચ્ચે વીરડાનો અનુભવ કરાવે છે. ખારી જમીન અને કઠિન આબોહવાવાળા આ વિસ્તારમાં આવી પહેલની સફળતા વિશેષ મહત્ત્વ ધરાવે છે.

- આ ખારાશવાળી જમીનમાં રોપાઓ ઉછેરવા એક પડકાર હતો. જમીનમાં ઇલેક્ટ્રો-કન્ડક્ટિવિટી અને કાર્બનનું પ્રમાણ નહિવત્ હતું.
- આ પડકારોનો સામનો કરવા માટે 'ડ્રમ પ્લાન્ટેશન' ટૅક્નિક વડે રોપાઓને ડ્રમમાં ઊંચાઈ પર વાવવામાં આવ્યા.
- ડ્રમમાં રેતી, પોષક તત્ત્વોથી ભરપૂર માટી, વર્મી કમ્પોસ્ટ, સૂકું ઘાસ અને કોકોપીટ ઉમેરી, હવાની અવરજવર માટે છિદ્રો બનાવ્યાં અને તેને જમીનમાં આશરે એક ફૂટ ઊંડે દાટવામાં આવ્યાં.
- DSIRDA દ્વારા મીઠું પાણી મળતાં, તમામ રોપાઓ માટે ટપક સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી.
- આ તમામ પ્રયાસોને કારણે પરાગ-સંચય કરનારાં જીવજંતુઓ અને પક્ષીઓ અહીં કલરવ કરી રહ્યાં છે.
- ઉપયોગમાં લેવાયેલા પ્લાસ્ટિક ડ્રમને ભવિષ્યમાં રિસાઇકલ કરાશે, જેથી પ્રોજેક્ટ પર્યાવરણની દૃષ્ટિએ ટકાઉ બની રહે.

**આગામી તબક્કામાં ડ્રમ પ્લાન્ટેશન પદ્ધતિથી આશરે ૫૦,૦૦૦થી વધુ રોપાઓ રોપવામાં આવશે.**

## ધોલેરાની અતિ ખારાશવાળી જમીનમાં સહાયરૂપ ચેરની જૈવિક દીવાલ

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ધોલેરા સ્માર્ટ સિટીના આયોજનબદ્ધ વિકાસની સાથે સાથે પ્રકૃતિના સંતુલન માટે એક અભૂતપૂર્વ 'કોસ્ટલ ગ્રેડિયન્ટ મોડલ' સાકાર કરવામાં આવ્યું છે, જેમાં ત્રિસ્તરીય જૈવિક સંરક્ષણ સુનિશ્ચિત કરવા ૧.૧૯ કરોડ છોડનું મહા-અભિયાન હાથ ધરાયું છે. ધોલેરાના કાડીપુર-ખૂણ અને આસપાસના તટીય વિસ્તારોમાં એક મજબૂત જૈવિક દીવાલ ઊભી કરવામાં આવી છે. આ અંતર્ગત ત્રણ મુખ્ય ઝોનમાં કામગીરી પૂર્ણ થઈ. **૧. ઝોન-૧ ઇન્ટરટાઇડલ ઝોન:** દરિયાઈ ભરતીનાં મોજાં સામે સીધું રક્ષણ મેળવવા માટે ૯૦૦ હેક્ટર જેટલા વિશાળ વિસ્તારમાં ચેરનું સફળ વાવેતર કરવામાં આવ્યું. **૨. ઝોન-૨ કોસ્ટલ બફર:** મેન્ગ્રૂવ્સની પાછળના ભાગે જમીનને સ્થિર કરવા માટે ૧૦૦ હેક્ટર વિસ્તારમાં 'મેન્ગ્રૂવ ઍસોસિયેટ્સ' બેલ્ટ તૈયાર કરાયો છે. **૩. ઝોન-૩ ઇનલૅન્ડ ડિફેન્સ:** મુખ્ય ભૂમિ પર દરિયાઈ પવનોને રોકવા માટે ૧૬ હેક્ટરમાં 'વનકવચ'નું ૧૦૦% વાવેતર પૂર્ણ કરાયું છે. આ સમગ્ર પ્રોજેક્ટ ધોલેરાના ઔદ્યોગિક વિકાસ પહેલાં અતિ-ખારાશ ધરાવતી બોર્ડરને સ્થિર કરશે. અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩થી શરૂ થયેલી ચેર-વાવેતરની સફર આજે ૭,૦૦૦ હેક્ટરથી પણ આગળ વધી ચૂકી છે. ચેરના છોડ કાર્બનડાયોક્સાઇડનું મોટાપાયે શોષણ કરી ઑક્સિજન પૂરો પાડે છે અને દરિયાને આગળ વધતો અટકાવે છે.

# શહેરોમાં ઘરોનાં ધાબાં પર લહેરાશે હરિયાળી

## તમે પણ બની શકો છો 'અર્બન ફાર્મર'





**સંજય શુક્લ**

શહેરીકરણને પગલે ગરમીનો પારો વધી રહ્યો છે ત્યારે અમદાવાદમાં 'ટૅરેસ ગાર્ડનિંગ', 'કિચન ગાર્ડનિંગ' અથવા 'શહેરી ખેતી'નો વિચાર આ કાળઝાળ ગરમીના એક સચોટ ઉકેલ તરીકે ઊભરી આવ્યો છે. ઘરનાં ધાબાં પર ગ્રીનરી ઉગાડવાથી ઘરના તાપમાનમાં ઘટાડો થાય છે, સાથોસાથ તાજાં, સાત્ત્વિક શાકભાજી પણ ઉપલબ્ધ થાય છે. શહેરી ખેતીમાં શહેરની મર્યાદિત જગ્યાઓ જેવી કે ઘરની અગાશી, બાલ્કની, ઘરની પાછળનો ભાગ અથવા ખુલ્લા પ્લૉટમાં શાકભાજી, ફળો કે ફૂલો ઉગાડી શકાય છે. જ્યારે સૂર્યનાં કિરણો ધાબા પર સીધાં જ પડે ત્યારે લૂ અને ગરમીથી છોડને બચાવવા 'ગ્રીન એગ્રો નેટ' એક ઉપાય છે. આ નેટ સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણોને ફિલ્ટર કરી છોડને જરૂરી હોય એટલો જ પ્રકાશ પહોંચાડે છે.





અમદાવાદનાં ગૃહિણી વિરલબહેન મહેતા ઘરની બાલ્કનીમાં ખેતી કરીને 'અર્બન ફાર્મર' બન્યાં છે. તેઓ જણાવે છે કે, શહેરી ખેતી આપણા દૈનિક જીવનમાં હરિયાળી લાવવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે. શહેરી ખેતી લોકપ્રિય બની રહી છે. જો આપણે ઘરમાં કૂંડાંમાં ટામેટાં, મરચાં, કોથમીર કે લીમડો ઉગાડીએ, તો આપણને એકદમ તાજી અને કેમિકલમુક્ત શાકભાજી મળે છે, જે સ્વાસ્થ્ય માટે ઘણી લાભપ્રદ છે. આ ખેતી શરૂ કરવા માટે બહુ મોટી જમીનની જરૂર નથી, માટીનાં માત્ર થોડાં કૂંડાં, સારી માટી અને સૂર્યપ્રકાશ હોય તો કામ થઈ જાય છે. રસોડાનો ભીનો કચરો જેમ કે, શાકભાજીની છાલ કે ફળોના અવશેષોમાંથી આપણે ઘરે જ કુદરતી ખાતર બનાવી શકીએ છીએ, જેથી કચરાના નિકાલની સાથે જ છોડને પોષણ પણ મળી રહે છે. શહેરી ખેતી માત્ર ખોરાક મેળવવાનો રસ્તો નથી, પરંતુ પ્રાકૃતિક અને સ્વાસ્થ્યવર્ધક જીવનશૈલી અપનાવવાનો સુંદર પ્રયાસ છે. પાણીના વ્યવસ્થાપન માટે ટપક સિંચાઈ શ્રેષ્ઠ વિકલ્પ છે. આ પદ્ધતિથી છોડને મૂળમાં સીધું પાણી મળે છે, જેનાથી પાણીનો બગાડ થતો નથી અને ગરમીમાં છોડ સુકાતા નથી.

### બાગાયત વિભાગ દ્વારા શહેરી ખેતીને પ્રોત્સાહન



બાગાયત વિભાગ દ્વારા શહેરી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ખાસ યોજનાઓ અમલી છે.

- અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ હેઠળ તાલીમ
- શહેરી વિસ્તારના નાગરિકોને વિનામૂલ્યે એક દિવસીય તાલીમ
- તાલીમના અંતે ગાર્ડનિંગ કિટ આપવામાં આવે છે.
- સાથે પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

સામાન્ય નાગરિક પણ ઓછા ખર્ચે શહેરોમાં ખેતી શરૂ કરી શકે.

### શહેરી ખેતીના અગણિત લાભ

- તાજી અને કેમિકલમુક્ત શાકભાજી
- ઘરના તાપમાનમાં ઘટાડો
- કચરાનો યોગ્ય ઉપયોગ
- પૈસાની બચત
- પર્યાવરણ સંતુલન જાળવણી
- માનસિક શાંતિ અને સ્વાસ્થ્યમાં સુધારો

# કુદરતી એ.સી. જેવાં અને શહેરોને ઠંડક આપતાં અર્બન ફોરેસ્ટ



**જિજ્ઞા વરસાણી**

શહેરોમાં ઉદ્યોગો અને વાહનોની સંખ્યા વધવાને કારણે જૈવ-વિવિધતા સામે ગંભીર ખતરો ઊભો થયો છે. પ્રદૂષણમુક્ત અને સ્વાસ્થ્યપ્રદ જીવન જીવવા માટે 'અર્બન ફોરેસ્ટ' (શહેરી જંગલો)નો વિચાર ખૂબ અગત્યનો સાબિત થઈ રહ્યો છે.

### અર્બન ફોરેસ્ટ એટલે શું?

'ગ્રીન ગુજરાત-ક્લિન ગુજરાત'ના મંત્ર સાથે રાજ્યનાં શહેરોમાં વનવિભાગ દ્વારા અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અર્બન ફોરેસ્ટ એટલે શહેરની અંદર અથવા તેની આજુબાજુના ખાલી વિસ્તારોમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી નિર્માણ કરવામાં આવતાં નાનાં કે મોટાં જંગલો. આમાં સ્થાનિક આબોહવાને અનુકૂળ હોય તેવાં વૃક્ષો, છોડ અને વેલાઓનું વાવેતર કરીને એક ઈકોસિસ્ટિમનું નિર્માણ કરવામાં આવે છે.

હાલમાં ગુજરાતમાં 'મિયાવાકી પદ્ધતિ' દ્વારા ખૂબ જ ટૂંકા સમયમાં ગીચ શહેરી જંગલો બનાવવામાં આવી રહ્યાં છે, સાબિત જે શહેરીજનો માટે લાભપ્રદ પુરવાર થઈ રહ્યાં છે. શહેરી જંગલો હવામાંથી કાર્બન- ડાયોક્સાઇડ, નાઇટ્રોજનઑક્સાઇડ જેવા હાનિકારક વાયુઓને શોષીને પુષ્કળ પ્રમાણમાં ઑક્સિજન આપે છે. તે વાતાવરણમાં રહેલી ધૂળની રજકણોને ફિલ્ટર કરે છે.

ગુજરાતનાં શહેરોને પ્રદૂષણમુક્ત અને હરિયાળાં બનાવવા માટે વનવિભાગ અને શહેરી વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિવિધ યોજનાઓ અમલી છે. 'વનકવચ' યોજના હેઠળનાં વૃક્ષો શહેરોમાં 'ઑક્સિજન પાર્ક' તરીકે કામ કરી રહ્યાં છે. 'હરિત વનપથ' યોજના હેઠળ રાજ્યના હાઈવે, કોસ્ટલ હાઈવે અને શહેરોની આસપાસની ખાલી જમીનો પર લાખો રોપાઓનું વાવેતર કરીને ગ્રીનબેલ્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. 'સ્ટ્રીપ પ્લાન્ટેશન' અને ગ્રામ-વન હેઠળ રસ્તાઓ તેમજ નહેરોની બંને બાજુ વૃક્ષો વાવીને અને પંચાયતોની ગૌચર જમીન પર 'ગ્રામવન' બનાવી હરિયાળી વધારવાની યોજનાઓ સફળ રહી છે. આમ, અર્બન ફોરેસ્ટ એ શહેરોના પ્રદૂષણને ઘટાડવા અને પર્યાવરણને સંતુલિત રાખવા માટેનો એક ઉત્તમ પ્રયોગ છે.

કચ્છની વાત કરીએ તો ભુજનું સ્મૃતિવન, સિંદૂરવન, ઔષધીય પુનિતવન, રક્ષકવન, માધાપર સર્વોદય સ્પોર્ટ્સ ખાતે અર્બન ફોરેસ્ટનું નિર્માણ, વનકવચ યોજના હેઠળ ૧૭ સ્થળ ઉપર ૧૯ હેક્ટરમાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે. ભુજનું સ્મૃતિવન ફોરેસ્ટ તાપમાન નિયંત્રિત કરવાથી લઈને ભુજ શહેરમાં ફરીથી જૈવ-વિવિધતાને જીવંત કરી રહ્યું છે. શહેરોમાં દોડધામ ભરેલી જિંદગી વચ્ચે અને વર્તમાન કાળઝાળ ગરમી વચ્ચે આ જંગલો સૌ લોકો માટે હરવા-ફરવાનાં શાંત વાતાવરણનાં કેન્દ્ર બન્યાં છે.

# કરજણમાં પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ભૂમિપૂજન



ગુજરાત વિકાસનો પર્યાય બની દેશને પ્રગતિના પંથે સતત દિશાદર્શન આપતું રહ્યું છે. રાજ્યમાં વિકાસલક્ષી કાર્યોનાં લોકાર્પણો અને ભૂમિપૂજનનો દોર નિરંતર કાર્યરત રહે છે. આ દોરને આગળ વધારતાં ગુજરાત હવે ‘ગ્રીન અને ક્લિન ઊર્જા’ની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. રાજ્યમાં વિવિધ સ્થાનોએ સોલાર પાર્ક અને હાઈબ્રીડ પાર્કોનું નિર્માણ રાજયની કટિબદ્ધતાને પ્રદર્શિત કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી નેતૃત્વમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના વિકાસને બેવડી ગતિ પ્રદાન કરી છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરા જિલ્લાના કરજણ ખાતે હિટાચી એનર્જી દ્વારા આશરે રૂ. ૨,૦૦૦ કરોડના મહત્ત્વપૂર્ણ રોકાણ સાથે સ્થાપવામાં આવેલી નવી પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વડાપ્રધાન પદે પર સૌથી લાંબા અને સફળ કાર્યકાળ બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત આજે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે. આ નવા પ્લાન્ટ દ્વારા રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે, જેથી કૌશલ્ય-વિકાસને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રોજેક્ટના કારણે આસપાસના વિસ્તારના MSME એકમો માટે પણ વિકાસનાં નવાં દ્વાર ખૂલશે. આ પ્રોજેક્ટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવશે અને દેશના ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતામાં વધારો કરશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શરૂ થયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ'ના પરિણામે ગુજરાત આજે વિશ્વના ઉદ્યોગકારો માટે રોકાણનું મનપસંદ સ્થળ બન્યું છે.

જાપાનીઝ કંપનીઓનો ગુજરાત સાથેનો વિશ્વાસ સતત વધતો રહ્યો છે. હિટાચી અને ગુજરાત વચ્ચેનો સંબંધ ૬૦ વર્ષ જૂનો હોવાનો ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. ગુજરાતના મજબૂત ઔદ્યોગિક વાતાવરણ, પારદર્શક નીતિઓ અને શ્રેષ્ઠ કાયદો-વ્યવસ્થાને કારણે ફોર્ચ્યુન-૫૦૦માં સમાવિષ્ટ વિશ્વની મોટી કંપનીઓ માટે ગુજરાત 'સેકન્ડ હોમ' બન્યું છે.

વડાપ્રધાનશ્રીના સશક્ત અને નિર્ણાયક નેતૃત્વથી ગુજરાત 'ઇલેક્ટ્રિસિટી સરપ્લસ સ્ટેટ' તરીકે પ્રસ્થાપિત થયું છે. કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલો ૩૭ ગીગાવૉટનો રિન્યૂએબલ હાઈબ્રિડ પાર્ક પૂર્ણ થતાં ગુજરાત દેશનું ‘ગ્રીન એનર્જી કૅપિટલ' બની જશે. ગ્રીન ગ્રોથ અને ગ્રીન હાઈડ્રોજન જેવી નીતિઓ દ્વારા રાજ્ય સરકાર પર્યાવરણના જતન સાથે વિકાસ સાધી રહી છે. આગામી દિવસોમાં વધી રહેલી ગ્રીન એનર્જીની માંગને પહોંચી વળવા માટે મજબૂત ટ્રાન્સમિશન સિસ્ટિમ આવશ્યક રહેશે, જેમાં હિટાચી એનર્જીની આ નવી ફૅસિલિટી જેવી સુવિધાઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે. ભારતની ઊર્જાક્ષમતા વધારવા તરફનું એક મોટું પગલું છે. આ નવી ફૅસિલિટી એક 'ડિજિટલ-ફર્સ્ટ' ટ્રાન્સફોર્મર ફેક્ટરી હશે, જે હાઈ-ઍન્ડ મૅન્યુફેક્ચરિંગ દ્વારા રિન્યૂએબલ એનર્જીના એકીકરણને વેગ આપશે અને ભારતને ટ્રાન્સફોર્મર્સ માટેના વૈશ્વિક લોન્ચપેડ તરીકે સ્થાપિત કરશે.

આગામી ૨૫ વર્ષ માટે ભારત ઊર્જા-સુરક્ષા અને ટકાઉ વિકાસ પ્રત્યે કટિબદ્ધ છે, સાથે જ શિક્ષણ અને આરોગ્ય જેવી સામાજિક જવાબદારીઓ નિભાવવાનું પણ ચાલુ રાખશે. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે જમનાબાઈ જનરલ હૉસ્પિટલના પ્રતિનિધિને કંપનીના સી.એસ.આર. ફંડમાંથી ભેટ આપેલી એમ્બ્યુલન્સની પ્રતીકાત્મક ચાવી સોંપવામાં આવી હતી.




# વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ - ૨૦૨૬નો વર્ચ્યુઅલ શુભારંભ કરાવતા વડાપ્રધાનશ્રી

**योगेन चित्तस्य पदेन वाचां,**
**मलं शरीरस्य च वैद्यकेन।**
**योऽपाकरोत्तमं प्रवरं मुनीनां,**
**पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि॥**



યોગ રોગમાંથી મુક્તિ અપાવે છે અને ઓછા ખર્ચે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. આ કેડી કંડારનાર યોગના પ્રથમ-પ્રવર અને પ્રખર મુનિ પતંજલિનું જો પુણ્યસ્મરણ ન કરવામાં આવે તો યોગની વાત અધૂરી ગણાય. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત તરફથી વિશ્વને અર્પેલી ભેટ હોય તો એ છે યોગ-દિવસની પૅટન્ટ અને ખાસ દિવસ ૨૧મી જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકેની મળેલી આગવી ઓળખ. વર્ષ ૨૦૨૬નો યોગ-દિવસ નજીક આવતાંની સાથે જ નાના-મોટા તમામ સ્તર પર વિવિધ સ્પર્ધા, શિબિર, અભ્યાસ દ્વારા યોગને સમજવા, જાણવાની દિશામાં અનેક પ્રયાસો શરૂ થઈ જતા હોય છે. ભારત સરકારના રમત-ગમત મંત્રાલય અને આયુષ મંત્રાલયના સહયોગથી પ્રાચીન ભારતીય પરંપરાને વૈશ્વિક રમત-ગમત તરીકે સ્થાપિત કરવા અને તેને ઑલિમ્પિક સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે અમદાવાદમાં 'પ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું.

આ આયોજનથી અમદાવાદની ધરતી પરથી વિશ્વ રમતગમતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાયું. દરેક જીવંત પરંપરા સમય સાથે નવા તબક્કામાં પ્રવેશ કરે છે અને વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ એ જ નવા તબક્કાની શરૂઆત છે. આ સ્પર્ધા યોગાસનને સ્પર્ધાત્મક રમત તરીકે વૈશ્વિક ઓળખ અપાવશે. આ કાર્યક્રમનો વર્ચ્યુઅલ શુભારંભ વડાપ્રધાનશ્રીએ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, યોગગુરુ શ્રી બાબા રામદેવ તેમજ કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખાતું અમદાવાદ શહેર આ ઐતિહાસિક આયોજનનું યજમાન બન્યું છે, જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગદિવસ ઊજવાશે. આ પહેલાં યોજાતી આ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ આરોગ્ય અને સુખાકારીના 'ડબલ ડોઝ' સમાન છે. લગભગ એક દાયકા પહેલાં ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આંતરરાષ્ટ્રીય યોગદિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને ૧૯૦ દેશોનું સમર્થન મળ્યું હતું. આજે કરોડો લોકો યોગ, ધ્યાન અને પ્રાણાયામને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવી રહ્યા છે, તે આનંદની બાબત છે. તેમણે **'દરરોજ યોગ, ભગાડશે બધા રોગ'**નો મંત્ર આ અવસરે આપ્યો હતો. આ વિચારને આગળ વધારવા માટે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા 'યોગા થ્રી સિક્સ્ટી ફાઇવ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં યોગાસન ઑલિમ્પિક્સ સહિતના આંતરરાષ્ટ્રીય રમતોત્સવોમાં પોતાનું સ્થાન બનાવી શકશે અને અમદાવાદમાં યોજાતી આ પ્રથમ ચૅમ્પિયનશિપ તેમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. દરેક મોટા રમતગમત ક્ષેત્ર સાથે વિશાળ ઈકોસિસ્ટિમ વિકસે છે, જે રોજગારી અને કારકિર્દીની નવી તકોનું સર્જન કરે છે. યોગાસન

સ્પૉર્ટ્સના વિસ્તરણ સાથે ખેલાડીઓ, ટ્રેનર્સ, સ્પૉર્ટ્સ વિજ્ઞાનીઓ, સંશોધકો અને ઇવેન્ટ મૅનેજરો માટે નવી સંભાવનાઓ ઊભી થશે. વર્ષ ૨૦૨૬ની આંતરરાષ્ટ્રીય યોગદિવસની થીમ 'યોગ ફૉર હેલ્ધી એજિંગ' છે. આજના સમયમાં લોકો લાંબા સમય સુધી સ્વસ્થ અને સક્રિય રહેવાના સરળ ઉપાયો શોધી રહ્યા છે, તેના જવાબ તરીકે યોગ સૌથી યોગ્ય વિકલ્પ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં પ્રથમ વિશ્વ યોગાસન ચૅમ્પિયનશિપના આયોજન અંગે આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાક પ્રયત્નોને કારણે ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ભેટ 'યોગ' આજે સમગ્ર વિશ્વમાં એક સબળ સ્વાસ્થ્ય માધ્યમ તરીકે સ્થાપિત થયો છે. ૨૧મી જૂનને વિશ્વ યોગદિવસ તરીકેની વૈશ્વિક ઓળખ અપાવ્યા બાદ, હવે યોગાસન વૈશ્વિક રમતગમતના નકશામાં પણ સ્થાન પામી રહ્યું છે. આ ચૅમ્પિયનશિપમાં ૭૮થી વધુ દેશોના રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો, મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદ 'સ્પૉર્ટ્સ કૅપિટલ' બનવા તરફ આગળ વધી રહ્યું છે અને વર્ષ-૨૦૩૦ની કૉમનવેલ્થ ગૅઈમ્સની યજમાનીની દિશામાં સજ્જ થઈ રહ્યું છે. 'વિકસિત ભારત@૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા માટે યોગ અને પ્રાણાયામ દ્વારા રોગમુક્ત અને તંદુરસ્ત સમાજનું નિર્માણ અનિવાર્ય છે. આ પ્રકારનાં આયોજનો વ્યાપક



જન-આંદોલન બનીને સ્વસ્થ અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ કહ્યું કે, ભારતના 'સૉફ્ટ પાવર' સમાન યોગ હવે વૈશ્વિક રમત તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે. જ્યારે ફૂટબૉલનો પ્રથમ વર્લ્ડકપ યોજાયો ત્યારે માત્ર ૧૩ દેશોએ ભાગ લીધો હતો, પરંતુ યોગાસનના આ પ્રથમ વર્લ્ડકપમાં ૭૮ દેશોના ૫૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો છે, જે ભારત માટે ગૌરવની ઘટના છે. ભારત સરકાર યોગાસનને રમત તરીકે પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે વર્ષ-૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કૉમનવેલ્થ ગેઈમ્સમાં યોગાસનનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને વર્ષ-૨૦૩૬ના ઑલિમ્પિક્સમાં તેને સ્થાન મળે તે માટે કેન્દ્ર સરકાર મક્કમ પ્રયાસો કરી રહી છે. આ સફળ આયોજન બદલ તેમણે રાજ્ય સરકાર અને યોગાસન ફેડરેશનની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.



# કૃષિ તથા ખેડૂત કલ્યાણ વિભાગમાં ૪૧૫ કર્મયોગીની નિમણૂક



ગાંધીનગરમાં યોજાયેલા એક સાદગીપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રતીકસ્વરૂપે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના ૨૧ યુવાઓને નિમણૂકપત્ર એનાયત કર્યા હતા. રાજ્યભરના ૪૧૫ યુવાઓ ખેત-મદદનીશ તરીકે પસંદગી પામ્યા છે. તેમને ઈ-મેલ દ્વારા નિમણૂકપત્રો પહોંચાડવામાં આવ્યા.

મુખ્યમંત્રીશ્રીએ આ યુવા વર્કફોર્સને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક સ્થિતિમાં આત્મનિર્ભરતા માટે ખેડૂતોને ખાતરના ઓછા ઉપયોગ તરફ અને પ્રાકૃતિક ખેતી તરફ વાળીને અનેક લોકોને આરોગ્યપ્રદ જીવનનો મોટો લાભ આપવાની ઈશ્વરીય તક તેઓને મળી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાતરની અછતના પરિપ્રેક્ષ્યમાં આયાત ઘટાડવા, પ્રાકૃતિક ખેતી અપનાવવા અને કાયમી રીતે આત્મનિર્ભર થવાની જે અપીલ કરી છે તેને વધુ ને વધુ ખેડૂતો સુધી પહોંચાડવાનું દાયિત્વ નવનિયુક્ત યુવાઓના શિરે છે. નવનિયુક્ત ઉમેદવારોને ‘કર્મયોગી’ તરીકે સંબોધતાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતહિતનાં કાર્યો માત્ર નોકરીનો ભાગ નથી, પણ એક પરોપકારનું કાર્ય છે, જેનો સંતોષ ઈશ્વરીય કાર્ય જેટલો જ મોટો છે.

કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ નવનિયુક્ત ઉમેદવારોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પારદર્શક નીતિને કારણે આજે યુવાનો જાતમહેનત અને મૅરિટના આધારે સરકારી સેવામાં જોડાઈ રહ્યા છે. કૃષિક્ષેત્ર સમગ્ર દેશના અર્થતંત્રનો પાયો છે અને કૃષિવિભાગમાં જોડાવાની તક ખેડૂતોની સેવા માટેની ઉત્તમ તક છે. રાજ્ય સરકારની વિવિધ ખેડૂત-હિતલક્ષી યોજનાઓના લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવા એ તમારા સૌની પ્રાથમિક જવાબદારી છે. ખેડૂતહિતનાં કાર્યો માત્ર નોકરીનો ભાગ નથી, પણ એક પરોપકારનું કાર્ય છે, જેનો સંતોષ ઈશ્વરીય કાર્ય જેટલો જ મોટો છે. જમીનને બચાવવા માટે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો બેફામ ઉપયોગ અટકાવવો અનિવાર્ય છે. તેમણે નવનિયુક્ત કર્મયોગીઓને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે કાઉન્સિલિંગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. નોકરીનાં શરૂઆતનાં વર્ષોમાં બદલી કે સરળતા શોધવાને બદલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફિલ્ડવર્ક કરીને અનુભવ મેળવવો જોઈએ, જે તેમને ભવિષ્યમાં એક કુશળ અને સક્ષમ અધિકારી બનાવવામાં મદદરૂપ થશે તેવી શીખ તેમણે આપી હતી.

# વિકાસકાર્યોને વેગવાન બનાવવા નવી SOP રચાશે

રાજ્યનાં વિવિધ વિકાસકાર્યોમાં ગતિ લાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ પ્રોજેક્ટની સઘન સમીક્ષા શરૂ કરી છે. પ્રોજેક્ટો મંજૂર થયા બાદ જમીન સંપાદન અને વનવિભાગ સહિતના વિવિધ વિભાગોની NOC જેવી મંજૂરીઓ સત્વરે મળી જાય તે અત્યંત જરૂરી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રક્રિયાને વેગ આપવા માટે નવી SOP બનાવવા રાજ્યના મુખ્ય સચિવશ્રીને સૂચના આપી હતી.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ચોમાસાના આગમનને ધ્યાનમાં રાખીને રાજ્યમાં પ્રી-મોન્સૂન કામગીરી અત્યંત વેગથી પૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓએ વિકસાવેલાં ખાલી તળાવોને ભરવા માટે તાત્કાલિક પાણીના સ્રોત શોધીને સત્વરે પાણી ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે.

આ ઉપરાંત રાજ્યમાં ચાલી રહેલાં બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ કડક આદેશ આપ્યા હતા. રાજ્યના નગરપાલિકા વિસ્તારોમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા શહેરી વિકાસ વિભાગને જરૂરી ફંડની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છતા હી સેવા'ના અભિયાનને પાયાના સ્તર સુધી મજબૂત કરવા માટે ગ્રામપંચાયત, તાલુકા અને જિલ્લા-પંચાયત સ્તરે સ્વચ્છતા માટે એક અલગ 'હેડ' ઊભું કરવા માટે પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું છે.

# પ્રાકૃતિક ખેતી : આત્મનિર્ભરતાનું નવું સોપાન



માનવજીવનના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતીને મોટા પાયે અપનાવવાનું આહ્વાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યના જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓ-મ્યુનિસિપલ કમિશનરો સાથે વીડિયો કૉન્ફરન્સ યોજીને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માર્ગદર્શન આપ્યું હતું.

ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, રાજ્યમાં જે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે તેમનાં ઉત્પાદનોના વેચાણ માટે એક મહિનાની અંદર મ્યુનિસિપલ કૉર્પોરેશન સ્તરે ૫, જિલ્લા સ્તરે ૩ અને તાલુકા સ્તરે ૧ નવાં કાયમી પ્રાકૃતિક કૃષિ વેચાણકેન્દ્રો શરૂ થવાં જોઈએ. તેમણે ઉચ્ચ અધિકારીઓને પોતાના કાર્યક્ષેત્રમાં ઊર્જા-સંરક્ષણ અને ઈંધણની બચત અંગે જનજાગૃતિ લાવી આદર્શ ઉદાહરણ પૂરું પાડવા નિર્દેશ આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા અને મહાનગરોના વહીવટી વડાઓને પ્રાકૃતિક ખેતી તરફ ૧૦૦ ટકા ખેડૂતોને વાળવા માટે આ અભિયાનને મિશન મોડમાં ઉપાડવા સહયોગ આપવા સૂચના આપી હતી. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જિલ્લાના આ વરિષ્ઠ અધિકારીઓને તેમના નિવાસસ્થાનની ખુલ્લી જગ્યામાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરવાની પણ અપીલ કરી હતી. આ વીડિયો કૉન્ફરન્સમાં કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા તેમજ કૃષિ અને ખેડૂત-કલ્યાણ વિભાગના તથા કૃષિ નિયામક કચેરીના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

## વડોદરાના ધારાસભ્ય સ્વ. શ્રી યોગેશભાઈ પટેલને શ્રદ્ધાંજલિ

ગુજરાત વિધાનસભા મંત્રીમંડળની બેઠકમાં વડોદરાના માંજલપુરના ધારાસભ્ય, પૂર્વમંત્રી સ્વ. શ્રી યોગેશભાઈ પટેલના દુઃખદ નિધન બદલ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. સદગતના નિધન અંગેનો શોકપ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના તમામ સભ્યોએ સદગતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સ્વ. યોગેશભાઈ પટેલે વિધાનસભામાં સતત ૮ ટર્મ સુધી વડોદરાની રાવપુરા અને ત્યાર બાદ માંજલપુર બેઠકના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપી હતી. તેમણે રાજ્ય સરકારમાં મંત્રી તરીકે પણ અત્યંત નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી.



**સન્માનિત :** ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્યસેવાના સંદર્ભે અમદાવાદ ખાતે ‘પારસ ચંદ્રક’ અર્પણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે 'પારસ પટેલની વાર્તાઓ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ‘પારસ ચંદ્રક’ અર્પણ સમારોહમાં વર્ષ-૨૦૨૫ માટે પદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે શ્રી રાજેન્દ્ર શુક્લ, ગદ્યના શ્રેષ્ઠ સર્જક તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્યનાં શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી હર્ષવી પટેલ, ગદ્યના શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે શ્રી અજય સોની તથા સાહિત્યસેવા માટે શ્રી હરદ્વાર ગોસ્વામીને ‘પારસ ચંદ્રક’ એનાયત કરવામાં આવ્યા હતા.



**પુરસ્કાર :** ‘ન્યૂઝ-૧૮’નો ‘પ્રાઇડ ઑફ ગુજરાત’ ઍવૉર્ડ્સ કાર્યક્રમ તથા સન્માન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ સન્માન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર પ્રતિભાશાળી વ્યક્તિઓને ‘પ્રાઇડ ઑફ ગુજરાત’ ઍવૉર્ડ એનાયત કરીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ‘ન્યૂઝ ૧૮-ગુજરાતી’ના ચૅનલ-હેડ શ્રી રાજીવ પાઠક, વિવિધ ક્ષેત્રના સન્માનિત મહાનુભાવો, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુ શાહ સહિતના અમદાવાદ મહાનગરપાલિકાના નવા પદાધિકારીઓ અને અન્ય લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.




**મહાઆરતી :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણને સમર્પિત સુશાસનનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિવિધ સ્થાનોએ મહાઆરતીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને નિરામય જીવન માટે પ્રાર્થના અને મહાઆરતીના કાર્યક્રમમાં ત્રિમંદિર ખાતે મહાઆરતીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. આ પ્રસંગે તેમણે સમગ્ર દેશ અને ગુજરાતના અવિરત સર્વાંગીણ વિકાસ માટે મંગલકામના કરી હતી.



**નિરીક્ષણ :** અમદાવાદથી ગાંધીનગર સુધી કુલ ૩૭.૬૦ કિ.મી. લંબાઈમાં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ નિર્માણના વિકાસકાર્ય સંદર્ભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટના ત્રણ તબક્કાનાં કામોનું સ્થળ-નિરીક્ષણ કર્યું હતું. પ્રોજેક્ટ્સની કામગીરી સમયબદ્ધ અને ગુણવત્તાયુક્ત ધોરણે હાથ ધરાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર નજીક નિર્માણ પામી રહેલા ગુજરાત ટૅક્નૉલૉજિકલ યુનિવર્સિટીના નવા કૅમ્પસની બાંધકામ કામગીરીની સ્થળ-મુલાકાત પણ તેમણે લીધી.



**અભિનંદન :** એબીપી ગ્રૂપ નેટવર્ક દ્વારા 'અસ્મિતા સન્માન પુરસ્કાર ૨૦૨૬' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરનારા ૯ મહાનુભાવોને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરીને તેમને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે અસ્મિતા સન્માન પુરસ્કારના વિજેતાઓ લૅબગ્રોન ડાયમંડના ઉદ્યોગકાર મુકેશભાઈ પટેલ, એકલા હાથે વૃક્ષારોપણ કરતા મોહનભાઈ ઠુંમર તેમજ વૈશ્વિક સ્તરે ભવ્ય મંદિરોના નિર્માણમાં યોગદાન થકી ભારતીય સંસ્કૃતિના BAPSના પૂ. સ્વામી બ્રહ્મવિહારીજીનાં ઉદાહરણો આપ્યાં હતાં.



**વિમોચન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચિરાગ દારૂવાલા લિખિત 'યોર કમ્પ્લિટ ફોરકાસ્ટ ૨૦૨૬ : ધ યર ઑફ સન' પુસ્તકનું અમદાવાદમાં વિમોચન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભક્તિ અને સેવાના માર્ગે ચાલીને, સાચાં કર્મ કરવાથી જ ઈશ્વરીય આશીર્વાદ અને સફળતા મળે છે. આ પ્રસંગે પુસ્તકના લેખકે પુસ્તકની સર્જનપ્રક્રિયા અંગે ટૂંકી છણાવટ અને રજૂઆત કરી હતી. કાર્યક્રમમાં જ્યોતિષ તથા સાહિત્યના રસિકો ઉપસ્થિત રહ્યા હતા.



# રાષ્ટ્રીય સુરક્ષા સામે ગુજરાત પોલીસનું 'ઑપરેશન ડેલ્ટા હન્ટ'



ગુજરાતની આંતરિક સુરક્ષા, શાંતિ અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ દ્વારા સઘન ઝુંબેશ 'ઑપરેશન ડેલ્ટા હન્ટ' નામે શરૂ કરવામાં આવી છે. 'ઑપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશી લોકોની ધરપકડ તથા ૭૮૨થી વધુ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવી. એક જ રાતમાં આટલા મોટા પ્રમાણમાં થયેલી આ કાર્યવાહીને ગુજરાત પોલીસની એક 'ઐતિહાસિક સફળતા' ગણાવીને તમામ પોલીસ યુનિટને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતાં.

ઑપરેશન સંદર્ભે વધુ વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત રાજ્યની સરહદો ઓળંગી ગેરકાયદેસર આશરો લઈ રહેલા બાંગ્લાદેશના નાગરિકો અને ઘૂસણખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી કાઢી, તેમના પર કાયદાનો સકંજો કસી તેમને વતન પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઑપરેશન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. રાજ્યમાં સૌથી વધુ ૧૫૫ બાંગ્લાદેશી નાગરિકો અમદાવાદમાંથી પકડાયા છે. ટેક્નૉલૉજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસનાં ફિલ્ડ યુનિટો શંકાસ્પદ વ્યક્તિઓ, ખોટા દસ્તાવેજો અને ફેસિલિટેટર્સની ઓળખ કરી રહ્યાં છે.

# UPSCના ગુજરાતના તેજસ્વી યુવાનોનો સન્માન સમારોહ યોજાયો



લોકશાહીના ચાર સ્તંભમાં સનદી અધિકારીઓનું વિશેષ મહત્ત્વ છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યુપીએસસી સિવિલ સર્વિસિસ પરીક્ષા-૨૦૨૫માં સફળ થનારા ગુજરાતના ૩૫ યુવા ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો અને તેમનાં પરિવારજનોને શુભકામનાઓ પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે યુપીએસસીની આખી યાદીમાં એકાદ ગુજરાતીનું નામ ભાગ્યે જ જોવા મળતું; પરંતુ, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા નેતૃત્વના પરિણામે આજે ૩૫ ઉમેદવારોએ આ પરીક્ષા પાસ કરી છે. તેમના કાર્યકાળમાં જ 'સ્પિપા'ને વિશેષ મહત્ત્વ આપીને અનેક જરૂરી બદલાવ કરવામાં આવ્યા હતા. તેમની દીર્ઘદૃષ્ટિને કારણે આજે ગુજરાતના ઉમેદવારો સતત સફળતા મેળવી રહ્યા છે. ઉમેદવારોની સઘન તાલીમ અને એક વર્ષના (અજમાયશી) સમયગાળાને જીવનના સૌથી મહત્ત્વના દિવસો ગણાવતાં તેમણે કહ્યું કે, અભ્યાસક્રમ પૂરો થાય પછી જ સાચી સામાજિક સમસ્યાઓ શરૂ થાય છે. આ દિવસોમાં નાગરિકની સમસ્યા સુધી પહોંચીને, તેની પરિસ્થિતિ સમજીને તેનો સાચો ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવા તેમણે જણાવ્યું હતું. તેમણે 'સ્પિપા' ટીમના પ્રત્યેક સભ્યનો આભાર માન્યો હતો.

## અમરેલીને રૂ. ૨૫ કરોડના પ્રકલ્પોની ભેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના (યુપીડી-૮૮) વર્ષ ૨૦૨૫-૨૬ (ઓજી એરિયા) અંતર્ગત ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અમરેલી શહેરમાં રૂ. ૨૫ કરોડથી વધુનાં વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજનાના ભાગરૂપે શહેરમાં કોંક્રીટ રોડ, ડ્રેનેજ લાઇન તથા સ્ટ્રીટલાઇટ સહિતનાં વિવિધ માળખાગત સુવિધાકામો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના (ગૌરવ પથ) વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ રૂ. ૪.૭૨ કરોડના ખર્ચે અમરેલી શહેરના ત્રણ મુખ્ય માર્ગોને આઇકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવશે. તેમાં સિવિલ હૉસ્પિટલ રોડ, સેન્ટર પોઇન્ટથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તરફનો માર્ગ તેમજ ભીડભંજનથી બાયપાસ સુધીના માર્ગનો સમાવેશ થાય છે.



ડાયટ સેન્ટર ઑફ એક્સલન્સ યોજના અંતર્ગત અંદાજિત એક વર્ષના સમયગાળામાં રૂ. ૧૫૭.૬૦ લાખના ખર્ચે નવા તાલીમ ભવનનું નિર્માણ કરવામાં આવશે. નવા ભવનમાં પાંચ ઓરડા, સેમિનાર હૉલ તથા મિટિંગ હૉલ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સાથે રૂ. ૧૭ કરોડના ખર્ચે પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામકચેરી અને મૉડેલ સબ રજિસ્ટ્રાર ઑફિસ માટે આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સંકુલ કાર્યરત બન્યા બાદ જમીન દસ્તાવેજોની નોંધણી, આવક-જાતિનાં પ્રમાણપત્રો, મહેસૂલ સંબંધિત અરજીઓ, જમીન રેકૉર્ડ તથા અન્ય વહીવટી સેવાઓ નાગરિકોને એક જ સ્થળે ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરના સર્વાંગી વિકાસ માટે ઉદાર નાણાકીય મંજૂરીઓ પ્રાપ્ત થઈ છે. આ વિકાસકાર્યો અમરેલીને આધુનિક, સ્માર્ટ, સુવિધાસભર અને હરિયાળું શહેર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમજ નાગરિકોને ગુણવત્તાયુક્ત શહેરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સહાયક બનશે.

## નવી આશાનું એક નવું સરનામું

અમદાવાદના મેઘાણીનગર ખાતે તા. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ સર્જાયેલી વિમાન દુર્ઘટનાએ અનેક ક્ષેત્રોને અસર પહોંચાડી હતી. આ દુર્ઘટનામાં આરોગ્ય વિભાગ હસ્તકના 'અતુલ્યમ્ ૧થી ૪' હૉસ્ટેલ બ્લૉક્સ, કૅન્ટીન અને સબ-સ્ટેશન બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું. તે સમયે હૉસ્ટેલમાં કુલ ૯૨ વિદ્યાર્થીઓ નિવાસ કરતા હતા. દુર્ઘટના બાદ કરાયેલા સ્ટ્રક્ચરલ ઑડિટમાં આ ઇમારતો રહેવા માટે અસુરક્ષિત જાહેર થતાં તેને તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. વિદ્યાર્થીઓની રહેઠાણની સુવિધા ખોરવાય નહીં તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે તાત્કાલિક નવી હૉસ્ટેલના નિર્માણનો નિર્ણય કર્યો હતો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાના જણાવ્યા અનુસાર, અમદાવાદ સિવિલ હૉસ્પિટલ, અસારવા નજીક આવેલા ન્યૂ મેન્ટલ કૅમ્પસમાં અંદાજિત રૂ. ૧૦૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. હૉસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે.

મેડિકલ ક્ષેત્રમાં સુપર સ્પેશિયાલિટીની નવીન ૪૮ બેઠકોને ધ્યાનમાં લઈ આગામી ત્રણ વર્ષના કુલ ૧૪૪ વિદ્યાર્થીઓ સહિત ૨૩૬ સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. ડૉક્ટરો માટે નિવાસની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત 'અતુલ્યમ્ ૧થી ૭' નામના જી+૮ માળના હૉસ્ટેલ બ્લૉક્સ, આધુનિક કૅન્ટીન અને નવું સબ-સ્ટેશન વિકસાવવામાં આવશે.

સ્ટુડિયો એપાર્ટમેન્ટ શૈલીના દરેક ફ્લેટમાં લિવિંગ રૂમ, ઍટેચ કિચન, બેડરૂમ અને ટૉઇલેટની સુવિધા ઉપલબ્ધ હશે. ઉપરાંત ફાયર સેફ્ટી સિસ્ટિમ, આર.ઓ. પ્લાન્ટ અને સુદૃઢ ડ્રેનેજ વ્યવસ્થાનો પણ સમાવેશ કરાયો છે. હૉસ્ટેલ કૅમ્પસમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ, અપરિણીત પી.જી. વિદ્યાર્થીઓ માટે અલગ રહેઠાણ, અદ્યતન મેસ, જિમ, રીક્રિએશન રૂમ અને આકર્ષક લૅન્ડસ્કેપિંગ જેવી સુવિધાઓનો પણ સમાવેશ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ થકી ભવિષ્યના તબીબોને વધુ સુરક્ષિત, સુવિધાસભર અને ગુણવત્તાયુક્ત નિવાસ ઉપલબ્ધ થશે.



**આયોજન :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે બોટાદ ખાતે ખાદ્ય અને જાહેર વિતરણ, ગ્રાહકોની બાબતો વિભાગનાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાની અધ્યક્ષતામાં 'એક પેડ માં કે નામ 3.0' અભિયાન તથા 'પ્રગતિ પથયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રીય મંત્રીશ્રીએ કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મૉડેલ સ્કૂલ, મિયાવાકી પદ્ધતિથી વિકસિત વન-કવચ તથા મધુસૂદન ડેરીની મુલાકાત લઈને વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી.



**અભિયાન :** ગાંધીનગર લોકસભાને દેશની પ્રથમ હરિયાળી લોકસભા બનાવવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે બૃહદ બેઠક યોજાઈ હતી. બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સવા કરોડ વૃક્ષો ઉછેરવાના સંકલ્પને સાકાર કરવા તેમજ 'ગાંધીનગર લોકસભા, હરિયાળી લોકસભા'ના સૂત્રને સફળ બનાવવા સૌ કાર્યકરો અને નાગરિકોને સંકલ્પબદ્ધ બનવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

**ઉદ્ઘાટન :** શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે આઈ.ટી.આઈ. કુબેરનગર, અમદાવાદ ખાતે એડવાન્સ રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશન લૅબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ લૅબની સ્થાપનાથી વિદ્યાર્થીઓને આધુનિક ટૅકનૉલૉજી આધારિત પ્રેક્ટિકલ તાલીમ મળશે, જેના પરિણામે તેમના કૌશલ્યમાં નોંધપાત્ર વધારો થશે તથા કેરિયર કંપનીના નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા યુવાનોને તાલીમ સહ રોજગારની તકો પણ આપવામાં આવશે.





**સમીક્ષા :** રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે વલસાડ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં પ્રી-મોન્સૂન સહિત વિવિધ વિકાસકાર્યોની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે ચોમાસા દરમિયાન નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આગોતરું આયોજન કરવા સૂચના આપી હતી.



**પ્રોજેક્ટ :** વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વઢવાણ સિટી બર્ડ એટલાસ ૨૦૨૬નો પ્રારંભ કરાવ્યો. તેમજ 'A checklist of birds at Wadhwan city' નામની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું. 'પ્રકૃતિ માટે નાગરિક વિજ્ઞાન, સંરક્ષણ માટે જ્ઞાન' થીમ આધારિત આ પ્રોજેક્ટનો હેતુ વઢવાણ શહેર અને આસપાસના વિસ્તારોમાં જોવા મળતી પક્ષી-પ્રજાતિઓનું વૈજ્ઞાનિક અને વ્યાપક દસ્તાવેજીકરણ કરીને ડેટાબેઝ તૈયાર કરવાનો છે.



**ભૂમિપૂજન :** રાજ્ય સરકારની વીજ માળખાકીય સુવિધા મજબૂત બનાવવાની નેમ હેઠળ આણંદ જિલ્લાના સારોલ ગામે રૂ. ૧૭.૭૫ કરોડના ખર્ચે નવા સબ-સ્ટેશનનું ખાતમુહૂર્ત અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં ખેડૂતો, વેપારીઓ અને ગ્રામજનોને ગુણવત્તાસભર તથા સ્થિર વીજ-પુરવઠાનો લાભ મળશે.



**મુલાકાત :** વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ મોરબી પાંજરાપોળ ખાતે વિકસિત ૧૦ લાખ વૃક્ષોના 'વન-કવચ (નમો વન)'ની મુલાકાત લીધી હતી. ૪૦ હેક્ટર વિસ્તારમાં ૧૫૦થી વધુ પ્રજાતિઓનાં વૃક્ષો સાથે મિયાવાકી પદ્ધતિથી વિકસતું આ વનકવચ પર્યાવરણ સંરક્ષણ, ઇકો-ટૂરિઝમ અને નાગરિકો માટે 'ઑક્સિજન હબ' તરીકે મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે.



**જીર્ણોદ્ધાર :** શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી અને રાષ્ટ્રીય સંરક્ષિત સ્મારક તરીકે ઓળખાતી માતર ભવાની વાવના સંરક્ષણ અને જીર્ણોદ્ધારની કામગીરી શરૂ કરવામાં આવી. ભારતીય પુરાતત્ત્વ વિભાગ (ASI) દ્વારા રૂ. ૫૦ લાખના ખર્ચે આ ઐતિહાસિક વાવની પુનઃસ્થાપન કામગીરીનો પ્રારંભ કરવામાં કરવો.



**પ્રોત્સાહન :** ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં પંચાયતોને પાણી વેરા વસૂલાત પ્રોત્સાહક યોજનાના પ્રશંસા સહ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં 0થી 30 ટકા પાણી-વેરા વસૂલાત ધરાવતી ગ્રામપંચાયતોને, ૫૦ ટકાથી વધુ વસૂલાતના માપદંડે મહત્તમ રૂ. ૧.૫૦ લાખ પ્રોત્સાહન તથા VCEને ઘર દીઠ રૂ. ૭ અપાય છે.



**લોકાર્પણ :** નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના હસ્તે આણંદ જિલ્લામાં રૂ. ૨.૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું. ગ્રામીણ વિસ્તારના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્યસેવાઓ પહોંચે તે હેતુથી નિર્માણ પામેલા આ આરોગ્ય મંદિરમાં ગ્રામજનોને તાત્કાલિક સારવાર સાથે આધુનિક આરોગ્ય સુવિધાઓ ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે.

## 'પાક સંગ્રહ યોજના'ની સહાયમાં વધારો

**નિર્ણય :** રાજ્યમાં ખેડૂતો પોતાના તૈયાર પાકનો સલામતીપૂર્વક સંગ્રહ કરી શકે અને તેને પ્રતિકૂળ હવામાન કે અન્ય કારણસર નુકસાન ન થાય તે માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી 'મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના'નો વ્યાપ વધારીને તેની સહાયમાં ધરખમ વધારો કર્યો છે. હવે ખેડૂતો ૬૦૦ ચોરસ ફૂટ સુધીનું પાક-સંગ્રહ સ્ટ્રક્ચર બનાવી શકશે અને તેના માટે મળવાપાત્ર સહાયની રકમ પણ વધારીને રૂ. ૨ લાખ કરવામાં આવી છે. આ સુધારા સાથે યોજનાના વ્યાપક અમલીકરણ માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત રૂ. ૧૫૪.૩૬ કરોડની માતબર રકમની વહીવટી મંજૂરી પણ સરકારે આપી દીધી છે.

**લાભ :** હજારો ખેડૂતો પોતાનાં ખેતરોમાં જ વધુ ક્ષમતાવાળાં સંગ્રહસ્થાન બનાવીને પાકનો સુરક્ષિત સંગ્રહ કરી શકશે, જેનાથી તેમના ઉત્પાદનના યોગ્ય ભાવ મેળવવામાં પણ મદદ મળશે.

## 'ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન'ને મંજૂરી

**નિર્ણય :** ૨૧મી સદીના સ્માર્ટ, સુંદર અને સુરક્ષિત ગુજરાતના નિર્માણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક પગલું ભરતાં રાજ્ય સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ગ્રીન અને સ્માર્ટ સિટી'ના વિઝનને સાકાર કરતાં 'ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન'ને સૈદ્ધાંતિક મંજૂરી આપી. પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, 'ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન' હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્યનાં તમામ શહેરોને તબક્કાવાર 'વાયર ફ્રી' બનાવાશે. આ મિશનના પ્રારંભિક તબક્કા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે. આ મિશન હેઠળ રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકાઓ તથા ૧૫૧ નગરપાલિકા વિસ્તારોને આવરી લેવામાં આવશે. વાયર-ફ્રી મિશન અંતર્ગત શહેરોમાં હાલ અસ્તિત્વ ધરાવતા ઓવરહેડ વીજ-વિતરણ નેટવર્કને સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ એટલે કે, ભૂમિગત કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવશે. **લાભ :** અંડરગ્રાઉન્ડ કેબલિંગ થવાથી વાવાઝોડા જેવી કુદરતી આફતો વખતે વાયર તૂટવાની કે શોર્ટ સર્કિટ થવાની દુર્ઘટનાઓ અટકી જશે.

## દેશમાં સૌપ્રથમ ગુજરાતમાં 'સર્વિસ કમિશનરેટ'ની સ્થાપના

**નિર્ણય :** રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં દેશમાં સૌપ્રથમ વાર ગુજરાતમાં સર્વિસ સેક્ટર, એટલે કે, સેવાક્ષેત્રને વિશેષ પ્રાધાન્ય આપીને એક અલાયદા 'સર્વિસ કમિશનરેટ'ની સ્થાપના કરવાનો અને 'સર્વિસ કમિશનર'ની સત્તાવાર જગ્યા ઊભી કરવાનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો છે. આ કમિશનરેટ મુખ્યત્વે રાજ્યના ટૂરિઝમ, આઈટી અને લૉજિસ્ટિક્સ જેવાં ઝડપથી વિકસતાં વિવિધ સેવાક્ષેત્રોને પ્રોત્સાહન આપવાનું, નવીન નીતિઓ ઘડવાનું અને સર્વિસ સેક્ટરમાં મોટા પાયે રોકાણો આકર્ષવા માટે કાર્ય કરશે. આ ઐતિહાસિક પહેલ અંતર્ગત સર્વિસ કમિશનરેટ હસ્તક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૦૦ કરોડના પ્રસ્તાવિત 'સર્વિસ સેક્ટર ગ્રોથફંડ'ની રચના કરવામાં આવી છે. આ ગ્રોથ ફંડનો મુખ્ય હેતુ સેવાક્ષેત્રમાં કાર્યરત MSMEs અને સ્ટાર્ટઅપ્સને ગ્રોથ કેપિટલ સરળતાથી અને સમયસર ઉપલબ્ધ કરાવવાનો છે.

**લાભ :** પરંપરાગત ઉત્પાદન આધારિત ઉદ્યોગોથી આગળ વધીને ગુજરાતે સર્વિસ સેક્ટર આધારિત આધુનિક વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરિણામે આઈટી, પ્રવાસન અને લૉજિસ્ટિક્સ જેવાં ઝડપથી વિકસતાં સેવા-ક્ષેત્રોમાં યુવાનો માટે રોજગારીની અસંખ્ય નવી તકો ઊભી થશે.

## ખેતર ફરતે તાર-યોજનાની સહાયમાં વધારો

**નિર્ણય :** રાજ્યના ખેડૂતોના પાકને પશુઓ અને વન્ય પ્રાણીઓથી થતા નુકસાનને અટકાવવા માટે 'કાંટાળી તારની વાડની યોજના' એટલે કે, તાર ફેન્સિંગ યોજનાના નિયમોમાં ખેડૂતહિતલક્ષી સુધારા કરવામાં આવ્યા છે. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, માલ-મટીરિયલ્સના બજારભાવ અને મજૂરીખર્ચ વધવાના કારણે સરેરાશ ખર્ચ વધુ થતો હોવાથી, ખેડૂતોનો આર્થિક બોજ ઘટાડવા માટે સરકારે હવે પ્રતિ રનિંગ મીટર રૂ. ૩૦૦ અથવા ખરેખર થનાર ખર્ચના ૫૦ ટકા મુજબ સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

**લાભ :** રાજ્યના તમામ ખેડૂતમિત્રોને આનો લાભ મળશે. ચોમાસા પૂર્વે અરજીઓને તબક્કાવાર નિયમાનુસાર મંજૂરી આપી દેવાશે. આ હેતુ માટે રાજ્ય સરકારે રૂ. ૨૪૦ કરોડની ફાળવણી કરી છે. રાજ્યના ખેડૂતોને આર્થિક રક્ષણ મળશે અને તેમના ખર્ચમાં ઘટાડો થશે. વધુ ને વધુ નાના ખેડૂતો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

# IITE દ્વારા નવી ૭ યુનિવર્સિટી સ્કૂલોની સ્થાપના

**નિર્ણય :** વિદ્યાર્થીઓને સર્વાંગી શિક્ષણ આપવાનો, કૌશલ્ય આધારિત અભ્યાસક્રમ સુલભ બનાવવા અને ઉચ્ચ સ્તરના સંશોધનને પ્રોત્સાહન આપવા ગાંધીનગર ખાતેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશને (IITE) શૈક્ષણિક માળખાનું વિસ્તરણ કરીને નવી ૭ યુનિવર્સિટી સ્કૂલોની સ્થાપના કરી છે. ડિરેક્ટર ડૉ. મેહુલ દવેએ જણાવ્યું હતું કે, AIના એજ્યુકેટરો તૈયાર કરતી IITE ભારતની પ્રથમ યુનિવર્સિટી બનશે. IITEને 'યુનિવર્સિટી ઑફ નૅશનલ ઇમ્પોર્ટન્સ' બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકારે નવાં ભવનો અને હૉસ્ટેલ માટે રૂ. ૧૨૭ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. તેમાં નવી સાત સ્કૂલો જોડવામાં આવી છે, જેમાં સ્કૂલ ઑફ એજ્યુકેશન ઇન સાયન્સિસ ઍન્ડ મૅથેમૅટિક્સ, સ્કૂલ ઑફ એજ્યુકેશન ઇન હ્યુમૅનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સિસ તથા સ્કૂલ ઑફ એજ્યુકેશન ઇન કૉમર્સ, મૅનેજમેન્ટ ઍન્ડ એજ્યુકેશનલ લીડરશિપ વગેરેનો સમાવેશ થાય છે.

**લાભ :** નવા શૈક્ષણિક માળખાને કારણે હવે વિજ્ઞાન અને ગણિતની સાથે સાથે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), રમતગમત, કલા અને મેનેજમેન્ટ જેવા વિષયોને પ્રત્યક્ષ રીતે શિક્ષણ સાથે સાંકળવાના કારણે વિદ્યાર્થીઓ પરંપરાગત પદ્ધતિઓને સ્થાને નૂતન પદ્ધતિઓની મદદથી આંતરવિષયક સંશોધન કરી શકશે. આ નવી નીતિ અનુસાર હવે વિજ્ઞાન પ્રવાહનો કોઈ વિદ્યાર્થી પોતાની રુચિ અનુસાર AI કે ફિલૉસૉફી (તત્ત્વજ્ઞાન) જેવા વિષયો વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરી શકશે. એટલું જ નહીં, આ શૈક્ષણિક વિસ્તરણ બાદ સંસ્થામાં વિજ્ઞાન-ટૅક્નૉલૉજી, માનવ-વિજ્ઞાન, શૈક્ષણિક નેતૃત્વ (લીડરશિપ) અને કલા-રમતગમત જેવાં બહુવિધ ક્ષેત્રોમાં Ph.D. અને ઉચ્ચસ્તરીય સંશોધનો માટે નવી ક્ષિતિજો ઊઘડશે.

# કચ્છના રસ્તાઓ બનશે વધુ સુગમ

**નિર્ણય :** છેલ્લા કેટલાક સમયથી કચ્છ જિલ્લાની મહત્તા વધી રહી છે. કંડલા, મુન્દ્રા જેવાં વિશ્વકક્ષાનાં બંદરો, ભચાઉ, ભુજ, ગાંધીધામ જેવાં ઔદ્યોગિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ શહેરો તેમજ નારાયણ સરોવર, માતાના મઢ, સફેદ રણ જેવાં યાત્રાધામો, માંડવી જેવા બીચ પ્રવાસન ઉદ્યોગ વિકસી રહ્યા છે, જેનો લાભ સમગ્ર જિલ્લાને મળી રહ્યો છે. વળી, ભુજથી દિલ્હીને જોડતી નવી ટ્રેનસેવાની શરૂઆત તાજેતરમાં જ કરવામાં આવી છે. આમ, રાજ્યની ઔદ્યોગિક પ્રવૃત્તિની સાથેસાથે પ્રવાસન ઉદ્યોગને ખીલવવામાં કચ્છ ચાવીરૂપ ભૂમિકા નિભાવી શકે છે.

કચ્છ જિલ્લાને વધુ ઝડપી, સુરક્ષિત અને આધુનિક માર્ગ-વ્યવસ્થાની દિશા રાજ્ય સરકારે પ્રદાન કરી છે. રાજ્યના માર્ગ-માળખાને વિશ્વસ્તરીય બનાવવાના વિઝન સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છ જિલ્લાના છ મહત્ત્વના માર્ગોને ફોરલેન તરીકે વિકસાવવા માટે 629 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ નિર્ણય માત્ર માર્ગોના વિસ્તરણ પૂરતો સીમિત નથી, પરંતુ ગ્રામવિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પ્રવાસન ક્ષેત્રને નવી ઊંચાઈએ પહોંચાડવાનો એક વ્યાપક પ્રયાસ છે, જે કચ્છના વિકાસનો નવો માઈલસ્ટોન સાબિત થશે.

કચ્છના ગ્રામીણ વિસ્તારોને વધુ સુદૃઢ અને સુવિધાસભર રોડ કનેક્ટિવિટી ઉપલબ્ધ થાય તે હેતુસર મુન્દ્રા-લુણી વડાલા રોડ, દેશલપર-સીરચા રોડ, મુન્દ્રા-ઝરપરા-કાંડગરા-ધ્રબ માર્ગ તેમજ ઝરપરા, નાવીનલ અને મોટા કાંડગરા ગામોના બાયપાસ માર્ગો સહિત કુલ છ માર્ગોના ફોરલેન વિકાસ માટે નાણાં ફાળવવામાં આવ્યાં છે.

**લાભ :** આ માર્ગોનું આધુનિકીકરણ થતાં સ્થાનિક રહેવાસીઓ માટે દૈનિક અવરજવર વધુ સરળ, ઝડપી અને સલામત બનશે. ખાસ કરીને Mundra Port અને તેની આસપાસ વિકસેલા ઔદ્યોગિક તથા વાણિજ્યિક વિસ્તારો માટે આ પ્રોજેક્ટ અત્યંત મહત્ત્વનો સાબિત થશે. બાયપાસ માર્ગોના નિર્માણથી ભારે વાહનો ગામડાઓમાં પ્રવેશ્યા વિના સરળતાથી પસાર થઈ શકશે, જેના પરિણામે ટ્રાફિકનું દબાણ ઘટશે અને માલ-પરિવહન વધુ કાર્યક્ષમ બનશે.

આ ઉપરાંત, કચ્છનાં પ્રખ્યાત પ્રવાસનસ્થળો સુધીની પહોંચ વધુ અનુકૂળ બનતાં પ્રવાસન ઉદ્યોગને પણ નવી ગતિ મળશે. આધુનિક માર્ગ-વ્યવસ્થા સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાની સાથે લોકોના 'ઈઝ ઓફ લિવિંગ'માં નોંધપાત્ર વધારો કરશે. કચ્છના સર્વાંગી વિકાસ માટે આ ફોરલેન માર્ગો આવનારા સમયમાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર

# GI ટેગ સાથે ગુજરાતની કેરી પહોંચી સમંદર પાર






**ક્રિષ્ના સીસોદિયા**

જૂનાગઢ અને ગીર વિસ્તારની 'ગીર કેસર' કેરી ગુજરાતની આગવી ઓળખ છે. ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાના ખેડૂતો વર્ષોથી પરંપરાગત રીતે કેસર કેરીનું ઉત્પાદન કરતા આવ્યા છે, જેના કારણે આ વિસ્તાર 'કેસર બેલ્ટ' તરીકે પણ ઓળખાય છે. તેમાં પણ કેસરને વર્ષ ૨૦૧૧માં GI Tag પ્રાપ્ત થઈ. આમ, 'ગીર કેસર' નામને કાયદાકીય રક્ષણ મળ્યું, જેથી ગીર વિસ્તાર સિવાય અન્યત્ર ઉત્પન્ન થતી કેરીને આ નામથી વેચી શકાતી નથી. આ ઓળખ મળ્યા બાદ ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારમાં વિશ્વસનીયતા અને વધુ સારો ભાવ મળવા લાગ્યો છે. ગુજરાતનાં GI ટૅગ ધરાવતાં કૃષિ-ઉત્પાદનોમાં ગીર કેસરનું વિશેષ સ્થાન છે.

ગીર કેસર કેરીનું ઉત્પાદન છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઝડપભેર વધ્યું છે. હાલમાં ગુજરાતમાં અંદાજે ૪૪,૦૦૦ હેક્ટર વિસ્તારમાં કેસર કેરીની ખેતી થાય છે અને સરેરાશ ૩.૧૫ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થાય છે, જેમાં મુખ્યત્વે કેરી પકવતા જિલ્લાઓમાં જૂનાગઢમાં ૯૫૧૦ હેક્ટર, ગીર સોમનાથમાં ૧૯૧૮૩ હેક્ટર, જ્યારે અમરેલીમાં ૮૨૪૩ હેક્ટરમાં તેનું વાવેતર થાય છે, જેનું સરેરાશ અંદાજિત ઉત્પાદન ૨.૬૦ લાખ મૅટ્રિક ટન રહે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં તાલાળા માર્કેટયાર્ડ ગીર કેસરનું સૌથી મોટું વેપારકેન્દ્ર ગણાય છે, જ્યાં દર વર્ષે લાખો બૉક્સ કેરીની હરાજી થાય છે. કેસર કેરીની મુખ્ય સિઝન એપ્રિલથી જૂન સુધી રહે છે.

ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ સુધી) અંદાજે ૫૩૫ મૅટ્રિક ટન, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આશરે ૮૫૬ મૅટ્રિક ટન, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આશરે ૬૮૯ મૅટ્રિક ટન કેરીની નિકાસ થઈ હતી, જેમાં ગીર કેસરનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહ્યો હતો. તે પૈકી અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશો કે જ્યાં રેડિયેશન પ્રક્રિયા જરૂરી છે તે માટે બાવળા ખાતે સ્થાપિત રેડિયેશન પ્રોસેસિંગ યુનિટ દ્વારા લગભગ ગત વર્ષમાં અંદાજે ૨૨૪ મૅટ્રિક ટન કેસર કેરીને પ્રક્રિયા કરી વિદેશમાં મોકલવામાં આવી હતી.

**ગીર કેસર - એક નજરે**

- GI Tag : ૨૦૧૧
- ખેતી વિસ્તાર: અંદાજે ૪૪,૦૦૦ હેક્ટર
- ઉત્પાદન : ૩.૧૫ લાખ મૅટ્રિક ટન (સરેરાશ)
- મુખ્ય જિલ્લાઓ: ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી

**નિકાસનું માર્ગચિત્ર**

ગુજરાત → બાવળા રેડિયેશન યુનિટ → વિશ્વ બજાર

**મુખ્ય નિકાસ બજારો**

અમેરિકા, કૅનેડા, બ્રિટન, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, મધ્યપૂર્વ

**વિશ્વ બજારમાં ગીર કેસરની માંગ કેમ ?**

- અનોખી મીઠાશ અને સુગંધ
- આકર્ષક કેસરિયો રંગ
- રસાળ અને મીઠી
- લાંબી સેલ્ફ લાઇફ
- GI ટેગથી મળતી વિશ્વસનીયતા



**ગુજરાતના ખેડૂતો માટે ગૌરવ અને આજીવિકાનો આધાર**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ, આધુનિક ટૅક્નૉલોજી અને ખેડૂતોની મહેનતના બળે, ગીર કેસર આજે ગુજરાતના ગામથી નીકળી વિશ્વ બજારોમાં પોતાની આગવી ઓળખ બનાવી રહી છે.

**છેલ્લાં વર્ષોમાં કેરીની નિકાસ**

| | |
|---|---|
| ૨૦૨૫-૨૬ (એપ્રિલ સુધી) | : ૫૩૫ MT |
| ૨૦૨૪-૨૫ | : ૮૫૬ MT |
| ૨૦૨૩-૨૪ | : ૬૮૯ MT |
| છેલ્લાં ૫ વર્ષમાં કુલ નિકાસ | : 3000+MT |

**છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાંથી 3000+ મેટ્રિક ટન કેરીની નિકાસ નોંધાઇ**

# ગુજરાતી શીખીએ

- કવિ પ્રકાશ 'જલાલ'

ગુજરાતી ભાષાને સરળ, લોકભોગ્ય, શુદ્ધ બનાવીને તેનો મહત્તમ ઉપયોગ કરવાનું આપણે જાતે જ શરૂ કરવું પડશે. આ અંકથી આપણે વિદ્યાર્થીભાવે ગુજરાતી ભાષાની ચર્ચા કરીશું.

શરૂઆત ત્રણ લિંગથી કરીએ. ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ છે – પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. જેની પાછળ 'ઈ' આવે તે સામાન્ય રીતે સ્ત્રીલિંગ હોય. પરંતુ 'પાણી' તો નાન્યતર જાતિ છે – નપુંસકલિંગ છે! એટલે, બાળક પણ 'પાણી'ને 'કેવી' નથી કહેતું, પણ 'કેવું' જ કહે છે. બાળક બોલશે – પેલું 'પાણી' છે. તમે મને 'પાણી' કેમ આપ્યું નહીં? આનું કારણ બાળકે 'પાણી'ને નાન્યતર જાતિમાં હજારો વાર સાંભળ્યું છે. 'પાણી'ની જાતિ એને ખબર નથી, પણ 'પાણી'ને 'કેવું' કહેવાય, એ એને ખબર છે. આપણે આ કરવાનું છે. મા સરસ્વતી સમક્ષ બાળક બનીને જવાનું છે!

જ્યારે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ કૉલેજ પૂરી કરીને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઊતરે છે ત્યારે તેમને વર્ણનાત્મક લેખન કરવાનું આવે છે, જેમાં ભાષા-સજ્જતાની ચકાસણી કરવામાં આવે છે. હવે અનુસ્વાર, પૂર્ણવિરામ, અલ્પવિરામ બાબત એમને સાવ અજાણી લાગે છે!

બે નાનકડા વાક્યોથી શરૂઆત કરીએ.

**મારું નામ પ્રકાશ છે. તમારું નામ શું છે?**

આ બે વાક્યોમાં 'મારું'ની ઉપર અનુસ્વાર છે. સરળ રીતે સમજો કે, અનુસ્વાર એટલે માથા પરનું ટપકું. એ જ રીતે, 'તમારું'માં પણ અનુસ્વાર છે. 'શું'ના માથે પણ અનુસ્વાર ચમકે છે. એટલે પહેલી નજરે એક વાત નક્કી થઈ ગઈ કે, જે શબ્દમાં છેલ્લે 'ઉ' આવે તે શબ્દના માથે અનુસ્વાર આવે. જેવું, તેવું, મારું, તમારું, કોનું, પેલાનું, જોયું, લાંબું-ટૂંકું, કાળું-ધોળું, પીળું, લીલું વગેરે શબ્દોમાં અનુસ્વાર ન મુકાય તો ભૂલ ગણાય.

વળી, આમાં અપવાદો પણ છે. દા.ત. સાધુ, હેતુ, પરંતુ, ઘરેલુ, મૃત્યુ વગેરે શબ્દો 'ઉ'કારાન્ત હોવા છતાં તેમના માથે અનુસ્વાર નથી. એટલે, આપણે સાધુ, હેતુ, પરંતુ, મૃત્યુ, ઘરેલુ-નો ઉપયોગ કરીને થોડાંક વાક્યો લખી દેવાનાં - અને પછી શું, તમારું, મારું, કાળું-ધોળું, કોનું, કયું વગેરેનો ઉપયોગ કરીને થોડાંક વાક્યો લખી દેવાનાં. બસ, અનુસ્વારને સમજવાનો આપણો પહેલો દિવસ પૂરો.

હવે પછીના અંકમાં આપણે અનુસ્વારના અન્ય નિયમો અને લેખનશુદ્ધિ ભણીશું.




# 'બસ્તિ' કર્મ: આયુર્વેદનું અર્ધચિકિત્સા સ્વરૂપ

ડૉ. શીતલ ભાગીયા

પંચકર્મના પાંચ મુખ્ય ઉપચારોમાં 'બસ્તિ' કર્મનું વિશેષ મહત્ત્વ છે. આચાર્ય ચરકે 'બસ્તિ'ને 'અર્ધચિકિત્સા' ગણાવી છે. 'બસ્તિ' વાતદોષના નિયંત્રણમાં અત્યંત અસરકારક છે. આયુર્વેદાનુસાર વર્ષાઋતુમાં (જુલાઈથી સપ્ટેમ્બર) વાતદોષની વૃદ્ધિ થવાથી તેને લગતા રોગોમાં પણ વૃદ્ધિ થાય છે. આથી વર્ષાઋતુમાં સ્વસ્થ વ્યક્તિ પણ 'બસ્તિકર્મ' કરાવી શકે, જેથી ભવિષ્યના રોગથી બચી શકાય.

'બસ્તિકર્મ'નો ઉપયોગ : તે બધા જ પ્રકારના સાંધાના દુખાવા, સાયટિકા, કમરનો દુખાવો, અસ્થિ-સ્નાયુ સંબંધિત રોગો, કબજિયાત, વંધ્યત્વ અને કેટલાક મૂત્રરોગોમાં પણ ઉત્તમ પરિણામ ઉપચાર છે. વૃદ્ધાવસ્થામાં શરીરની શુષ્કતા અને વાતવૃદ્ધિને નિયંત્રિત કરવા માટે 'બસ્તિ' લાભદાયક છે. 'બસ્તિ' આપતાં પહેલાં શરીરને માલિશ-શેક કરવામાં આવે છે, જેથી દોષો કોમળ બને, કોષ્ઠ તરફ આવે અને ત્યાર બાદ ગુદા માર્ગથી 'બસ્તિ' આપવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા ઔષધ સીધું જ પક્વાશય સુધી પહોંચી સમગ્ર શરીરને અસર કરે છે. 'બસ્તિ' આંતરડાંની સફાઈની સાથે દોષોનું શમન અને શરીરના પોષણ માટે પણ ઉપયોગી છે. 'બસ્તિ' પછી દર્દીને હળવો અને પાચ્ય આહાર આપવામાં આવે છે. 'બસ્તિ' દ્વારા આંતરડાંના મ્યુકોસા મારફતે ઔષધીય તત્ત્વોનું શોષણ થાય છે, જે શરીરનાં વિવિધ અંગો પર અસર કરે છે. તે પાચનતંત્ર, નર્વસ સિસ્ટિમ અને રોગપ્રતિકારક શક્તિ પર પણ સકારાત્મક અસર કરે છે.

'બસ્તિ કર્મ' આયુર્વેદની અનન્ય અને વૈજ્ઞાનિક ઉપચાર પદ્ધતિ છે. તે રોગોના ઉપચારની સાથે સ્વસ્થ વ્યક્તિના આરોગ્ય સંરક્ષણ અને વૃદ્ધાવસ્થાને દૂર હડસેલવા માટે પણ ઉપયોગી છે. યોગ્ય આયુર્વેદિક નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું 'બસ્તિ કર્મ' શરીર અને મન બંનેના આરોગ્ય માટે અત્યંત લાભદાયક સાબિત થાય છે.



# ‘અલ નિનો’ અને ‘લા નિના’!

## વર્ષાઋતુના બંધારણનાં મહત્ત્વનાં પરિબળો

- દર્શન ત્રિવેદી




પૃથ્વીની આબોહવા-વ્યવસ્થામાં મહાસાગરોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને પ્રશાંત મહાસાગરનું વિષુવવૃત્તીય ક્ષેત્ર વૈશ્વિક હવામાનને નિયંત્રિત કરવામાં કેન્દ્રસ્થાન ધરાવે છે. આ વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન, વાયુમંડળનું દબાણ અને પવનમાં થતા ફેરફારો સમગ્ર વિશ્વનાં વરસાદ, તાપમાન, વાવાઝોડાં અને દુષ્કાળ જેવી હવામાન ઘટનાઓને અસર કરે છે. આ સમગ્ર પ્રક્રિયાને વૈજ્ઞાનિક ભાષામાં ‘એન્સો’ (‘ENSO’ એટલે કે El Nino Southern Oscillation) તરીકે ઓળખવામાં આવે છે. ‘એન્સો’ના બે મુખ્ય તબક્કા ‘અલ નીનો’ અને ‘લા નીના’ તરીકે જાણીતા છે.

સામાન્ય પરિસ્થિતિમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં પૂર્વથી પશ્ચિમ તરફ ટ્રેડ વિન્ડ્સ તરીકે ઓળખાતા પવનો સમુદ્રના ગરમ પાણીને ઇન્ડોનેશિયા અને ઑસ્ટ્રેલિયાની દિશામાં ધકેલે છે. પરિણામે પશ્ચિમ પ્રશાંત મહાસાગરનું પાણી વધુ ગરમ રહે છે અને ત્યાં વાદળો તથા વરસાદનું પ્રમાણ વધારે હોય છે. બીજી તરફ, દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે સમુદ્રના ઊંડાણમાંથી ઠંડું પાણી સપાટી પર આવે છે, જેને ‘અપ-વેલિંગ’ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં સમગ્ર પ્રણાલી સંતુલિત રહે છે.

જ્યારે ટ્રેડ વિન્ડ્સ નબળી પડી જાય છે અથવા કેટલીક વાર તેમની દિશામાં પણ ફેરફાર થાય ત્યારે ‘અલ નીનો’ સર્જાય છે. પવનોની તાકાત ઘટતાં પશ્ચિમ પ્રશાંતમાં સંગ્રહ પામેલું ગરમ પાણી પૂર્વ તરફ ખસવા લાગે છે. આ ગરમીના કારણે વરસાદનાં વાદળો પણ પૂર્વ તરફ ખસે છે અને દક્ષિણ અમેરિકાના કિનારાના વિસ્તારોમાં વરસાદ વધે છે.

‘લા નીના’ એ ‘અલ નીનો’ની વિરુદ્ધની સ્થિતિ છે. આ સમયે ટ્રેડ વિન્ડ્સ સામાન્ય કરતાં વધુ મજબૂત બની જાય છે. તેના કારણે ગરમ પાણી વધુ પ્રમાણમાં પશ્ચિમ પ્રશાંત તરફ ધકેલાય છે અને દક્ષિણ અમેરિકાના કિનારે ઠંડા પાણીનું ‘અપ-વેલિંગ’ વધુ મજબૂત બને છે. પરિણામે મધ્ય અને પૂર્વીય પ્રશાંત મહાસાગરનું પાણી સામાન્ય કરતાં વધુ ઠંડું બની જાય છે. આ સ્થિતિમાં ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા અને એશિયાના ઘણા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધે છે, જ્યારે પૂર્વીય પ્રશાંત વિસ્તારમાં વરસાદ ઘટી જાય છે.

**અલ નીનો અને લા નીનાની અસર**

| | અલ નીનો (El Niño) | લા નીના (La Niña) |
|---|---|---|
| | પૂર્વ પ્રશાંતમાં વધુ ગરમ પાણી (ગરમ પાણી પૂર્વ તરફ ખસે) | પૂર્વ પ્રશાંતમાં વધુ ઠંડું પાણી (ગરમ પાણી પશ્ચિમ તરફ ધકેલાય) |
| | પૂર્વ પ્રશાંતમાં વરસાદ વધે, પશ્ચિમમાં વરસાદ ઘટે | પશ્ચિમ પ્રશાંતમાં વરસાદ વધે, પૂર્વ પ્રશાંતમાં ઘટે |
| | ભારતમાં ચોમાસું સામાન્ય રીતે નબળું | ભારતમાં ચોમાસું સામાન્ય રીતે સારું |
| | કૃષિ પર નકારાત્મક અસર, દુષ્કાળની શક્યતા વધે | કૃષિ લાભ, પૂરનો ખતરો વધે |

ભારતના સંદર્ભમાં ‘અલ નીનો’ અને ‘લા નીના’નું વિશેષ મહત્ત્વ છે; કારણ કે, ભારતની કૃષિ અને જળવ્યવસ્થા દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર નિર્ભર છે. અલ નીનોનાં વર્ષોમાં સામાન્ય રીતે ભારતીય ચોમાસું નબળું પડતું જોવા મળે છે.

‘લા નીના’ની સ્થિતિ સામાન્ય રીતે ભારત માટે અનુકૂળ માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ભારતીય ચોમાસું વધુ સક્રિય બનવાની શક્યતા રહે છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતો ભેજયુક્ત પવન વધુ મજબૂત બનતાં વરસાદનું પ્રમાણ વધે છે. તેના કારણે કૃષિને લાભ થાય છે, જળાશયો ભરાય છે અને ભૂગર્ભ જળસ્તરમાં સુધારો થાય છે. જોકે, ઘણી વખત વધુ વરસાદના કારણે પૂર અને જળભરાવ જેવી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે.

ભારતીય મહાસાગર ડાયપોલ (IOD), Madden-Julian Oscillation (MJO), અરબી સમુદ્ર અને બંગાળની ખાડીનું તાપમાન, હિમાલય ક્ષેત્રમાં હિમવર્ષાની સ્થિતિ અને સ્થાનિક હવામાન પ્રણાલીઓ પણ ચોમાસાના સ્વરૂપને અસર કરે છે. તેથી દરેક ‘અલ નીનો’ વર્ષમાં દુષ્કાળ અને દરેક ‘લા નીના’ વર્ષમાં અતિ વરસાદ થાય જ, એવું જરૂરી નથી. વિવિધ પરિબળોની સંયુક્ત અસરથી અંતિમ પરિણામ નક્કી થાય છે.

તાજેતરના દાયકાઓમાં વૈશ્વિક ઉષ્ણતા-વૃદ્ધિએ ‘અલ નીનો’ અને ‘લા નીના’ અંગે વૈજ્ઞાનિકોની ચિંતા વધારી છે. ઘણા અભ્યાસો સૂચવે છે કે વધતા વૈશ્વિક તાપમાનના કારણે ‘એન્સો’ની તીવ્રતા અને તેની અસરો વધુ ગંભીર બની શકે છે. ભવિષ્યમાં વધુ તીવ્ર ‘અલ નીનો’ અને ‘લા નીના’ ઘટનાઓ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવે છે, જેના કારણે વિશ્વના વિવિધ વિસ્તારોમાં અતિ ભારે વરસાદ, ગંભીર દુષ્કાળ અને આબોહવાની અનિશ્ચિતતા વધી શકે છે.

# ફિટનેસની 'મૅરેથૉન' મિસાલ - સંજય સોલંકી

સંદીપ કાનાણી

**"કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો;
અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો!"**

'શૂન્ય' પાલનપુરીની ગઝલનો આ શેર રાજકોટ પથિકાશ્રમના મૅનેજર સંજયભાઈ સોલંકી જાણે કે સાર્થક કરી રહ્યા છે. તેમણે ૩૧ વર્ષની વયે દોડવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં તે ૬ જેટલી ફુલ-મૅરેથૉન, ૨૦થી વધુ હાફ-મૅરેથૉન ઉપરાંત અલ્ટ્રા-રન સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યા છે. તેઓ ફિટનેસની 'મૅરેથૉન મિસાલ' બન્યા છે.








તેઓ જણાવે છે કે, "ફિટનેસ માટે કંઈક કરવું જોઈએ એવું સતત થતું, રનિંગ વધારે ગમતું એટલે ૨૦૧૨માં દોડવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ૪૦૦ મીટર સુધી દોડી શકાતું. પછી મહાવરો વધાર્યો. વર્ષના અંતે ૮-૯ કિ.મી. સુધી પહોંચવું, એવું નક્કી કરેલું અને અંતે એ હાંસલ કર્યું. હાફ-મૅરેથૉનનો ધ્યેય રાખ્યો અને ૨૦૧૬માં રાજકોટમાં પ્રથમ હાફ-મૅરેથૉન દોડ્યો. ૨૦૧૭માં પ્રથમ ફુલ-મૅરેથોન દોડ્યો. એ સમયે ૩૭ વર્ષની વય હતી. એ પછી વિવિધ દોડની સ્પર્ધાઓમાં હું ભાગ લેતો રહ્યો. અત્યાર સુધીમાં ૬ જેટલી ફુલ-મૅરેથૉન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, જેમાં વર્ષ ૨૦૧૭માં રાજકોટ મૅરેથૉન, વર્ષ ૨૦૨૪માં અદાણી અમદાવાદ મૅરેથોન, વર્ષ-૨૦૨૫માં અદાણી અમદાવાદ મૅરેથૉન, વર્ષ ૨૦૨૫માં ટાટા મુંબઈ મૅરેથૉન તથા વર્ષ ૨૦૨૬માં ટાટા મુંબઈ મૅરેથૉનનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં ૨૦થી વધુ હાફ-મૅરેથૉન દેશનાં વિવિધ શહેરોમાં દોડી ચૂક્યો છું."

અત્યારે પણ સંજયભાઈ રોજ સવારે ૧૦ કિ.મી. જેટલું દોડે છે અને રવિવારે એક્સ્ટ્રા રન કરે છે. રનિંગ એક્સર્સાઇઝમાં દરરોજ એક જ રીતે દોડવાનું નથી હોતું. વિવિધ પૅટર્ન જેમ કે, હાર્ટરેટ, ઈન્ટરવલ, ટેમ્પો એ રીતે પ્લાન મુજબ દોડવાનું હોય છે. એક્સર્સાઈઝ સાથે ડાયેટ અને રેસ્ટ પણ ખૂબ જરૂરી છે. તેઓ કહે છે કે, દોડવાથી મારા જીવનમાં ગજબની શિસ્ત આવી છે. વહેલા જાગવાથી બધાં કામો સમયસર થઈ શકે છે. ફિઝિકલ ઍક્ટિવિટીથી હૃદય, ફેફસાં સાથે આખું શરીર મજબૂત અને તંદુરસ્ત બની જાય છે. રોજ સવારે કંઇ ને કંઇ ઓછામાં ઓછી ૩૦ મિનિટ કોઇ વ્યાયામ કે શારીરિક પ્રવૃત્તિઓ કરવી જ જોઈએ અને જંકફૂડ ટાળવું જોઈએ.



***રાજકોટ પથિકાશ્રમના ૪૫ વર્ષીય મૅનેજર સંજય સોલંકી રોજ ૧૦ કિમી દોડીને 'અલ્ટ્રા ફિટ' રહે છે અને રાત્રે નિરાંતે ગિટાર વગાડી મન પ્રફુલ્લિત રાખે છે.***

તેઓ પોતે સર્કિટ હાઉસની ફરજમાં જોડાયા એ અગાઉ મ્યુઝિક ટીચર હતા. તેઓ તબલાં વિશારદ છે અને ગિટાર વગાડવાનું પણ તેમને આવડે છે. આરામના સમયમાં રાત્રે તેઓ ગિટારની મધુર ધૂનો છેડતાં સંગીતના આનંદમાં ડૂબી જાય છે.

# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

*- મૃગેશ એસ. દવે*

'ગુજરાત' પાક્ષિકના વાચકોને આનંદ થાય તેવી વધુ એક નવતર બાબત 'ગુજરાત' પાક્ષિકમાં હવેથી ઉમેરવામાં આવી રહી છે. 'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ ૧૪ સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલ અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારાં નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે, અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે, અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૨, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. 'ગુજરાત'ના પ્રસ્તુત અંકમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કયા પુસ્તકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?
(A) 'Convenient Action' (B) 'જ્યોતિપુંજ'
(C) 'સામાજિક સમરસતા' (D) 'પ્રેમતીર્થ'

૨. વિશ્વની પ્રથમ 'વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપ ૨૦૨૬' ... ક્યાં યોજાઈ?
(A) સુરત (B) અમદાવાદ
(C) ગાંધીનગર (D) વડોદરા

૩. વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૬ની ઉજવણી માટે UNEP દ્વારા 'Inspired by Nature. For ........... For Our Future.' થીમ નક્કી કરવામાં આવી હતી.
(A) Climate (B) Sustainability
(C) Progress (D) Biodiversity

૪. IITE દ્વારા શૈક્ષણિક માળખાનું વિસ્તરણ કરીને કુલ કેટલી નવી યુનિવર્સિટી સ્કૂલોની સ્થાપના કરવામાં આવી છે?
(A) ૬ (B) ૫ (C) ૭ (D) ૮

૫. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળે દેશના પ્રથમ ......... કમિશનરેટની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે.
(A) એ.આઇ. (B) આઇ.ટી. (C) સર્વિસ (D) પ્રિ-સ્કૂલ

૬. ખેતર ફરતે તાર સહાયની યોજનામાં સરકારે પ્રતિ રનિંગ મીટર રૂ. ........ અથવા થનાર ખર્ચના ...... ટકા સુધીની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.
(A) ૩૦૦, ૪૦ (B) ૪૦૦, ૫૫
(C) ૨૦૦, ૬૦ (D) ૩૦૦, ૫૦

૭. 'એક પેડ માં કે નામ અભિયાન ૨.૦' અંતર્ગત રાજ્યમાં કેટલાં 'નમો વડવન'નું નિર્માણ કરવામાં આવ્યું ?
(A) ૫૨ (B) ૫૬ (C) ૭૨ (D) ૮૨

૮. આપત્તિ સમયે ઇન્ટરનેટ વિના પણ સાયરન સાથે એલર્ટ આપતી ભારત સરકારની ઍપ્લિકેશનનું નામ જણાવો.
(A) 'પ્રકોપ' (B) 'એલર્ટ' (C) 'સંકટ' (D) 'સચેત'

૯. વડાપ્રધાનશ્રીએ કયા જિલ્લામાં વિશ્વના સૌથી મોટા ડિજિટલ સબસ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું?
(A) નવસારી (B) દાહોદ
(C) વલસાડ (D) સુરત

૧૦. મુખ્યમંત્રી પાક-સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાનો વ્યાપ વધારીને સહાયની રકમ કેટલી કરવામાં આવી છે?
(A) રૂ. ૫૦ હજાર (B) રૂ. ૧ લાખ
(C) રૂ. ૧.૫ લાખ (D) રૂ. ૨ લાખ

૧૧. 'ડ્રમ પ્લાન્ટેશન' દ્વારા ૩૨૦૦થી વધુ રોપાનું સફળ વાવેતર ક્યાં કરવામાં આવ્યું?
(A) ખદીરબેટ (B) ધોળાવીરા
(C) ધોલેરા (D) નળ સરોવર

૧૨. ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ઑપરેશન .......... લૉન્ચ કરવામાં આવ્યું છે.
(A) ઇગલ આઇ (B) ઓમેગા વૉચ
(C) આલ્ફા હન્ટ (D) ડેલ્ટા હન્ટ

૧૩. પારનેરા ડુંગર કયા જિલ્લામાં આવેલો છે?
(A) ભાવનગર (B) મહેસાણા
(C) જૂનાગઢ (D) વલસાડ

૧૪. પ્રસ્તુત અંકમાં નવી કઈ ભાષાલક્ષી કૉલમનો શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) 'ગુજરાતી શીખીએ' (B) 'પ્રેરણા'
(C) 'ઝૂમ-ઇન' (D) 'જાણકારી'

નામ : .................................. સરનામું : ..................................................................

.....................................................................................................................

ઈમેલ એડ્રેસ :....................................................... મોબાઇલ નં. :........................................

| અંક નં. ૧૦ના વિજેતા | નામ : જિતેન્દ્ર શાહ, ગાંધીનગર | નામ : હર્ષ ગૌસ્વામી, અમદાવાદ | નામ : રાજદીપ શિર, રાજકોટ |
|---|---|---|---|

ઈન્ટરનેટ વગર આવે છે એલર્ટ, બચાવે છે જીવ!

# આપત્તિમાં ઈન્ટરનેટ વિના પણ જીવ બચાવતી 'સચેત' ઍપ્લિકેશન




**ભાવિકા લીંબાસીયા**

આકાશમાં કાળાંડિબાંગ વાદળો ઘેરાયાં છે, પવન ફૂંકાઈ રહ્યો છે અને અચાનક તમારા ખિસ્સામાં રહેલા મોબાઈલમાં કોઈ પણ જાતના ઈન્ટરનેટ કનેક્શન વગર એક જોરદાર 'સાયરન' વાગે છે! અને સ્ક્રીન પર મૅસેજ આવે છે કે આગામી થોડી જ મિનિટોમાં તમારા વિસ્તારમાં ભારે વાવાઝોડું ફંકાવાનું છે, જેથી તમારે તાત્કાલિક સુરક્ષિત સ્થળે પહોંચી જવું જોઈએ. આ કોઈ ફિલ્મનું દૃશ્ય નથી, પરંતુ ભારત સરકારની 'સચેત' ઍપ્લિકેશનની શક્તિ છે, જે આજે ભારતીયો માટે આપત્તિના સમયમાં જીવ બચાવતું રક્ષાકવચ છે. સંપૂર્ણપણે આત્મનિર્ભર ભારતની આ ઍપ દેશને આપત્તિ સામે સજ્જ કરવાનું એક મોટું પગલું છે.

**સચેત ઍપ શું છે?** 'સચેત' શબ્દનો અર્થ છે 'સાવધ, જાગૃત કે એલર્ટ' રહેવું. આ ઍપ્લિકેશન ભારત સરકારની એક અત્યંત આધુનિક અને ઇન્ટિગ્રેટેડ એલર્ટ સિસ્ટિમ છે. આ ઍપ્લિકૅશન નૅશનલ ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરિટી દ્વારા ડિપાર્ટમૅન્ટ ઑફ ટૅલિકોમ્યુનિકેશન્સ અને સેન્ટર ફોર ડૅવલપમૅન્ટ ઑફ ટૅલિમૅટિક્સના અત્યાધુનિક ટૅક્નિકલ સહયોગથી વિકસાવવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ દેશના કોઈ પણ ખૂણામાં કુદરતી કે માનવસર્જિત આફત ત્રાટકવાની હોય, તો ત્યાંના સ્થાનિક નાગરિકો અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ઑથોરિટીઝને વાસ્તવિક સમયમાં લૉકેશન આધારિત આગોતરી ચેતવણી આપીને મૂલ્યવાન જીવ બચાવી લેવાનો છે.

**જીઓ-ટાર્ગેટેડ એલર્ટ્સ** તમે ક્યાં છો તે આ ઍપ આપમેળે જાણી લે છે. સેટેલાઈટ અને જીપીએસ ટૅક્નૉલૉજીની મદદથી તે તમારા લૉકેશનને ટ્રેક કરે છે અને જો કોઈ ચોક્કસ વિસ્તાર પર આપત્તિ આવવાની હોય તો તમને એલર્ટ કરે છે.

**સેલ બ્રોડકાસ્ટ સિસ્ટિમ** સામાન્ય રીતે વાવાઝોડું કે પૂર આવે ત્યારે ઈન્ટરનેટ બંધ થઈ જાય છે, પરંતુ સચેત ઍપ સેલ બ્રોડકાસ્ટ ટૅક્નૉલૉજી પર કામ કરે છે, જે સીધા મોબાઈલ ટાવર્સ દ્વારા મોકલવામાં આવે છે. તાજેતરમાં જ સરકારે દેશમાં આનો ટેસ્ટ-રન કર્યો હતો, જેમાં નેટવર્ક ન હોવા છતાં ફોનમાં તીવ્ર સાયરન વાગે છે.

**હવામાન વિભાગ સાથે સીધું જોડાણ** આ ઍપ ભારતીય હવામાન વિભાગના સુપર કોમ્પ્યૂટર્સ સાથે સીધી જોડાયેલી છે. આનાથી આગામી વરસાદ, વાવાઝોડાની માહિતી ઉપરાંત રોજિંદા હવામાનની સચોટ આગાહી, હીટવેવ, ઠંડીનું મોજું, તાપમાન તેમજ સૂર્યોદય અને સૂર્યાસ્તનો ચોક્કસ સમય પણ મળી રહે છે.

**સચેત ઍપની મુખ્ય વિશેષતાઓ**

- ઈન્ટરનેટ વગર પણ સાયરન સાથે એલર્ટ
- લૉકેશન આધારિત ચોક્કસ ચેતવણી
- સેલ બ્રોડકાસ્ટ ટૅક્નૉલૉજી દ્વારા સીધો જ મોબાઈલ પર સંદેશ
- ભારતીય હવામાન વિભાગ સાથે રિયલ - ટાઈમ ડેટા ઈન્ટિગ્રેશન
- બહુભાષી સપોર્ટ
- આપત્તિના તમામ પ્રકાર માટે આગોતરી ચેતવણી

**આપત્તિ:** આ ઍપ હિમપ્રપાત, કોલ્ડવેવ, વાવાઝોડું, દુષ્કાળ, ધરતીકંપ, પૂર, વીજળી કે ગાજવીજ, ભૂસ્ખલન, જંગલની ભયાનક આગ, વિનાશક સુનામી, શહેરી પૂર અને કાળઝાળ ગરમી જેવી કુદરતી આપત્તિ અને આગ, ગૅસ તથા કૅમિકલ લીકેજ કે બ્લાસ્ટ, જીવલેણ સ્મોગ અને હવાનું પ્રદૂષણ, જૈવિક કટોકટી તેમજ ન્યુક્લિયર અને રેડિયોલૉજિકલ ઇમર્જન્સી જેવી માનવસર્જિત આફતોને આવરી લે છે.

**ફોનમાં કેવી રીતે મેળવશો?** જો એન્ડ્રોઈડ ફોન હોય તો ગૂગલ પ્લે-સ્ટોર પર જઈને (જો આઈફોન હોય તો ઍપલ ઍપ સ્ટોર) 'SACHET' સર્ચ કરીને તેને સરળતાથી ડાઉનલૉડ કરી શકાય છે. ડાઉનલૉડ બાદ 'Terms & Conditions' સ્વીકારીને આગળ વધવું અને તેને 'લૉકેશન પરમિશન' ખાસ આપવી, જેથી તમે જ્યાં પણ હોવ ત્યાંની લાઈવ સ્થિતિ મુજબ સરકાર તમારા સુધી એલર્ટ મોકલી શકે.

# વૃક્ષોના જતનની સમજને વિસ્તારતું પુસ્તક




## “‘વૃક્ષાય નમઃ’”

**- બેલા મહેતા**

ભારતીય સંસ્કૃતિમાં ઋષિઓ અને કવિઓ પ્રાચીન કાળથી જ પ્રકૃતિનાં તમામ તત્ત્વોને વંદનીય ગણી તેની પૂજાનો મહિમા સમજાવતા આવ્યા છે. આપણા પૂર્વજો સહઅસ્તિત્વના ઉમદા વિચારને માત્ર આદર્શ નહીં પણ જીવનશૈલીમાં અપનાવવાનો માર્ગ દર્શાવે છે. ભારતીય પૌરાણિક ગ્રંથોમાં માનવસમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો સીધો સેતુ જોવા મળે છે. મંત્રદ્રષ્ટા ઋષિઓએ પ્રાચીનકાળથી પોતાની આસપાસની પ્રકૃતિને નિહાળી અને તેનો ગહન અભ્યાસ કર્યો અને વૃક્ષોનું મહિમાગાન કર્યું છે.

માહિતી કમિશનરશ્રીની કચેરી દ્વારા માનવી અને વૃક્ષો વચ્ચેના સંબંધોની અલૌકિક કડી મજબૂત થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે ‘વૃક્ષાય નમઃ’ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે, જે પર્યાવરણપ્રેમી તમામ વ્યક્તિ માટે ઉપયોગી અને આવકાર્ય પુસ્તિકા પુરવાર થઈ રહી છે. હિંદુ, બૌદ્ધ, જૈન, ઈસાઈ, શીખ, ઈસ્લામ અને જરથોસ્તી ધર્મોનાં શાસ્ત્રોમાં પ્રકૃતિના મહાત્મ્યનું વર્ણન પુસ્તકમાં સરળ સમજૂતી સાથે આપવામાં આવ્યું છે. પુસ્તકમાં ખૂબ જાણીતાં એવાં લીમડો, આંબો, ઉબરોથી લઈને કૃષ્ણગુરુ, અર્જુન સાદડ, ખીજડો, આંકડો, જૂઈ અને નેતર જેવાં વૃક્ષોની વિગતવાર માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તકમાં વનની પ્રાર્થના, વાર-તહેવારોની વિશિષ્ટ વનસ્પતિ, હેમચંદ્રાચાર્યનું જળવિજ્ઞાન, વૃક્ષમહિમાના શ્લોકો, પ્રચલિત વૃક્ષોનાં સંસ્કૃત ભાષામાં નામ અને ગુજરાત સરકાર દ્વારા ઊજવાતા વન-મહોત્સવ જેવી વૃક્ષપ્રેમી વાચકોને રસ પડે તેવી માહિતીથી આ પુસ્તક ‘વૃક્ષાય નમઃ’ સમૃદ્ધ બનાવવામાં આવ્યું છે.

વૃક્ષ-વાવેતર અને વૃક્ષ-સંરક્ષણથી માનવસમાજ ઉપર થતી હકારાત્મક અસરને મૂર્તિમંત કરવા અને લોકોને સામૂહિક વૃક્ષારોપણ સાથે જોડવા વર્ષ-૨૦૦૪થી ગુજરાત સરકાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સાથે ‘સાંસ્કૃતિક વનો’ના નિર્માણનો નવો વિચાર અમલી થયો છે. પુસ્તકમાં આ ‘સાંસ્કૃતિક વનો’ વિશે પણ જરૂરી છણાવટ કરવામાં આવી છે. લોકોમાં વૃક્ષોનું મહત્ત્વ સમજાય અને જાગૃત થઈને નાગરિકો વધુ ને વધુ વૃક્ષો વાવે તે ઉદ્દેશથી આ પુસ્તિકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક પર્યાવરણ અને વાચનપ્રેમી વ્યક્તિઓ માહિતી વિભાગની જિલ્લા કચેરી તેમજ વડી કચેરીથી નિ:શુલ્ક મેળવી શકે છે. વાચકે આ પુસ્તકને આપેલો સમય તેમને નિશ્ચિતપણે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પ્રયાસ કરવા પ્રેરણા પૂરી પાડશે.

### પુસ્તકની વિશેષતાઓ

- ધર્મગ્રંથોમાં પ્રકૃતિના મહાત્મ્યનું વર્ણન (હિંદુ, બૌદ્ધ, જૈન, ઈસાઈ, શીખ, ઈસ્લામ અને જરથોસ્તી ધર્મ)
- પ્રસિદ્ધ વૃક્ષોની વિગતવાર માહિતી (લીમડો, આંબો, ઉંબરો, કૃષ્ણગુરુ, અર્જુન સાદડ, ખીજડો, આંકડો, જૂઇ, નેતર વગેરે)
- વનની પ્રાર્થના, વાર - તહેવારોની વિશિષ્ટ વનસ્પતિ
- હેમચંદ્રાચાર્યનું જળવિજ્ઞાન, વૃક્ષમહિમા શ્લોકો
- પ્રચલિત વૃક્ષોનાં સંસ્કૃત ભાષામાં નામ
- ગુજરાત સરકાર દ્વારા ઊજવાતા વન મહોત્સવની માહિતી
- સાંસ્કૃતિક વનો વિશે જરૂરી વિગતો

**આ પુસ્તકની PDF https://gujaratinformation.gujarat.gov.in/Publication સત્તાવાર વેબસાઈટ પર સરળતાથી મેળવી શકાય છે અને વાંચી શકાય છે.**

# શાળા આરોગ્ય
## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ



**જન્મથી 18 વર્ષનાં તમામ બાળકોનો આરોગ્ય અધિકાર, અમારો સંકલ્પ, દેશનું સ્વસ્થ ભવિષ્ય**

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | જન્મથી ૧૮ વર્ષનાં તમામ બાળકોની આરોગ્ય તપાસ, વિના મૂલ્યે નિદાન અને સારવાર |
| **આવક મર્યાદા** | કોઈ આવકમર્યાદા નથી |
| **પાત્રતાનાં ધોરણો** | જન્મથી ૧૮ વર્ષનાં તમામ બાળકો (શાળાએ જતાં તેમજ ન જતાં) |

### અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

૧. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી / મેડિકલ ઑફિસર ઑફ હેલ્થ દ્વારા કરાયેલી દરખાસ્ત
૨. સંદર્ભ કાર્ડ
3. ઠરાવ મુજબના પત્રક (૧), (૨) અને (3)
૪. જન્મનો દાખલો
૫. રેશનકાર્ડ / તલાટી કમ મંત્રીશ્રી અથવા મામલતદારશ્રીદ્વારા પાંચ વર્ષના રહેવાસીનું પ્રમાણપત્ર

### અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી

શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા આરોગ્ય તપાસ બાદ સંદર્ભ કાર્ડ ભરી સંબંધિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી/મેડિકલ ઑફિસર ઑફ હેલ્થ મારફતે રાજ્ય કક્ષાએ અરજી કરવાની રહેશે.

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી
- કોર્પોરેશન કક્ષાએ-મેડિકલ ઑફિસર ઑફ હેલ્થની કચેરી
- રાજ્ય કક્ષાએ-કમિશનરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર

### સત્તાવાર લિન્ક

**શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો**

**સમયસર તપાસ, યોગ્ય નિદાન અને નિ:શુલ્ક સારવાર – દરેક બાળકનો અધિકાર, સ્વસ્થ જીવનનો આધાર**






**Published on Date : 16-06-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦